રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## પૂ. મોરારિબાપુની નિશ્રામાં અને જ્ઞાનપીઠ વિજેતા પદ્મશ્રી રઘુવીરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં શ્રી પંડિત સુખલાલજી લોકવિદ્યાલય, માતૃધારાને શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશન દ્વારા 'શિક્ષણ એવોર્ડ'થી પોંખવામાં આવ્યું





તારીખ : ૨૩, જૂન ૨૦૨૫

સ્થળ : પંડિત સુખલાલજી લોકવિદ્યાલય, માઈધાર

વિદ્યા, વિનય, ગુણ, નિપૂર્ણ અને શીલ એ શિક્ષણનાં પાંચ તત્ત્વો છે. - મોરારિબાપુ

વર્ષ: ૭૮ અંક : ૧૨ ૧૫ જુલાઈ, ૨૦૨૫

# શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' શિક્ષણ એવોર્ડ કાર્યક્રમ



'દર્શક'ના દેશમાં પૂ. મોરારિબાપુનો રાજીપો




: ઉદ્દઘોષક :
શ્રી મહેન્દ્રસિંહ પરમાર




: પ્રાસંગિક :
શ્રી સંજયભાઈ ચૌધરી



: સંસ્થા પરિચય :
શ્રી મનસુખભાઈ સલ્લા




: પ્રાસંગિક :
શ્રી પંકજભાઈ શુકલા




: પ્રાસંગિક :
શ્રી દિલીપભાઈ સંઘાણી




: પ્રાસંગિક :
શ્રી પ્રકાશભાઈ શાહ





હૈયે હરખ ન માય... આજની ઘડી તે રળીયામણી... બાપુ આવ્યાની વધામણી જી રે...

# કોડિયું

વર્ષ : ૭૮ જુલાઈ ૨૦૨૫ અંક : ૧૨

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **દર્શક ઘેર આનંદ ભયો... જય દક્ષિણામૂર્તિદેવ કી...!**<br>અરુણ દવે | ...૦૪ |
| ૦૨ | **અપેક્ષા આશીર્વાદની**<br>મનુભાઈ પંચોળી | ...૧૫ |
| ૦૩ | **મંગલ પ્રવચન**<br>બાબુભાઈ જ. પટેલ | ...૧૭ |
| ૦૪ | **ઘણી ખમ્મા ઘરદીવડીને...**<br>સુધા ભટ્ટ | ...૧૯ |
| ૦૫ | **‘મારી પાસે ત્રણ ખૂણા છે.’- મોરારિબાપુ**<br>ડૉ. દિનુ ચુડાસમા | ...૨૧ |
| ૦૬ | **એક જીવંત શિક્ષક બાબુભાઈ અવરાણી**<br>દીપક અવરાણી | ...૨૩ |
| ૦૭ | **તસ્મૈ શ્રી ગુરુવે નમઃગુરુ પરંપરાનું મહાત્મ્ય**<br>હસમુખભાઈ દેવમુરારિ | ...૨૭ |
| ૦૮ | **નઈ તાલીમ, ઉચ્ચ શિક્ષણ અને રાષ્ટ્રીય શિક્ષણનીતિ - ૨૦૨૦: અનુબંધ**<br>ડૉ. ભૌતિક લિંબાણી | ...૩૧ |
| ૦૯ | **‘દર્શક’ ફાઉન્ડેશન-૨૦૨૪- એવોર્ડ અર્પણ સમારોહ...**<br>સંજય ચૌધરી | ...૩૬ |
| ૧૦ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૩૮ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી મેહુલભાઈ ભટ્ટ
(મો. ૯૪૨૭૨૩૩૪૬૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**◆ સૂચના ◆**

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆**

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

તંત્રીસ્થાનેથી...

## ૦૧ દર્શક ઘેર આનંદ ભયો... જય દક્ષિણામૂર્તિદેવ કી...!

**અરુણ દવે**

**(શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશન દ્વારા વર્ષ -૨૦૨૪ના 'શિક્ષણ એવોર્ડ' માટે પંડિત સુખલાલજી લોકવિદ્યાલય, માઈધારની પસંદગી થતા આ કેન્દ્રની ફિનીક્સગાથા આ પ્રસંગે પ્રસ્તુત બની રહેશે.)**

ભારતવર્ષ ગામડાંઓનું બનેલું છે. 'ગામડું' એ ભારતનું બંધારણીય એકમ છે, ત્યારે જો ગામડું ટકશે તો જ દેશ બચશે. આજે આર્થિક ઉપાર્જન અને શહેરી ભૌતિક સુવિધાઓ મેળવવાની ઘેલછામાં બહુ મોટા પાયે ગામડાંઓમાંથી શહેર તરફ સ્થળાંતર થઈ રહ્યું છે. સાથોસાથ ગુણવત્તાસભર શિક્ષણ મેળવવા માટે પણ શહેર તરફની દોટ વધી રહી છે. આવા સંજોગોમાં જો ગામડાંઓમાં પેદા થતો કાચો માલ ત્યાં જ પાકો કરવામાં અને ગામડાંઓમાં પણ ગુણવત્તાસભર શિક્ષણ સુવિધાઓ આપવામાં આવે તો આ સ્થળાંતર અટકાવી શકાય. હિન્દુસ્તાનના તંદુરસ્ત ભવિષ્ય માટે આ સ્થળાંતર અટકવું જરૂરી જ નહીં, પરંતુ અનિવાર્ય પણ છે. શ્રી દક્ષિણામૂર્તિથી ગ્રામદક્ષિણામૂર્તિ તરફની પૂ. નાનાદાદાની કેળવણીયાત્રા એ આ જ વિચારધારાનું પ્રતીકાત્મક અમલીકરણ હતું. વળી, મનુષ્યના મનુષ્યત્વને ઉજાગર કરતું કોઈ એક માત્ર સાધન હોય તો તે છે શિક્ષણ. આથી જ ગ્રામાભિમુખ અભિગમ ધરાવતા લોકાભિમુખ શિક્ષણ દ્વારા કેળવણીના માધ્યમથી ગામડાંઓના સ્થાયી વિકાસ સાધવાના મનોરથ સાથે આપણા માર્ગદર્શક દાદાઓએ આપણી સંસ્થાઓની સ્થાપના કરી છે. આપણે તેમના વારસદાર તરીકે આ યજ્ઞકાર્યને ટકાવવા-વિકસાવવાનું છે. આપણી સંસ્થાઓએ અને સાથી સંસ્થાઓએ સૌએ સાથે મળીને સહિયારા સર્વોદયલક્ષી-પુરુષાર્થથી એકબીજાના સહારે આ દિશામાં કાર્યરત રહેવું એ જ આપણા જીવનની ખરી ધન્યતા છે.

આપણું જીવન એક રહસ્ય જ છે અને રહસ્ય જ રહેશે, તેમ દાર્શનિકો સમજાવે છે. વળી, આ રહસ્યમય જીવન એક સતત વિકસતી પ્રક્રિયા છે અને એ જ એનો સ્વરૂપગત ગુણધર્મ હોવાથી તેનું વિકસવું એ પ્રાકૃતિક ઘટના છે. જે વિકસે છે એ અભિવ્યક્ત થયા વગર રહેતું નથી. જીવન પોતે જ એક અભિવ્યક્તિ છે. અભિવ્યક્તિ એટલે અપ્રગટનું પ્રગટીકરણ. આ પ્રગટ થવાની પ્રક્રિયા જ અલૌકિક છે, જેમ બીજમાં વૃક્ષ થવાની ક્ષમતા છે. બીજને જ્યારે સમય, સ્થળ, પરિવેશ સાનુકૂળ મળે કે તરત સર્જનની પ્રક્રિયા શુભારંભ પામે છે. બીજમાંથી અંકુરિત થવું, વિકસવું અને સમગ્ર જીવોને શાતા મળે એવાં મીઠાં ફળો આપવાં એ જ જીવન છે. આપણા ચેતોવિસ્તારનું પણ એવું જ છે. અનેક વિચારબીજ આપણા ચેતોવિસ્તારમાં આપણી સાથેની બનતી ઘટનાઓ અને ચિંતન-મનન દ્વારા વેરાયાં કરતાં હોય છે. પણ જ્યારે તેને જરૂરી અનુકૂળતા મળે ત્યારે એ પ્રગટે છે. વિચારબીજમાંથી જ જીવનવૃક્ષ પનપે છે. નૂતનબીજને અંકુરિત થવા અથાક સાધના-તપસ્યાનું ખાતર જરૂરી છે. અમાપ ધીરજ, નિષ્ઠા, ભરોસો અને પરિશ્રમ એના પ્રાણ છે.

ઋષિવર્ય નાનાદાદાએ ઈ.સ. ૧૯૧૦માં ભાવનગર ખાતે 'દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન', ઈ.સ. ૧૯૩૮માં 'ગ્રામદક્ષિણામૂર્તિ'-આંબલા અને ૧૯૫૩માં સણોસરા ખાતે દેશની પ્રથમ ગ્રામવિદ્યાપીઠ 'લોકભારતી' સ્થાપીને શિક્ષણજગતને ગાંધીવિચાર આધારિત નઈ-તાલીમની શિક્ષણપ્રણાલીને વરેલી સંપૂર્ણ નિવાસી સંસ્થાની ભેટ ધરી. મૂર્ધન્ય સાહિત્યકાર, કેળવણીકાર, ઇતિહાસવિદ્, ચિંતક અને નાનાદાદાની સાથેના સક્ષમ સહસ્થાપક મનુભાઈ પંચોળી-દર્શકદાદાના ચેતોવિસ્તારમાં આ ત્રણ સંસ્થાઓ

ઉપરાંત હજુ ગ્રામાભિમુખ કેળવણી દ્વારા લોકકલ્યાણ અને સર્વાંશે વિશ્વકલ્યાણ માટેના પ્રયોગનું એક વિચારબીજ તેમના ચેતોવિસ્તારની હૃદયભૂમિમાં ધરબાઈને પડેલું હતું. દર્શકદાદાના મનમાં ગાંધીજીની પ્રૌઢશિક્ષણની વાત અને ૧૯૫૮માં ડેનમાર્કથી જાણી લાવેલી 'ફોકસ્કૂલ'ની વાત ઘર કરી ગયેલી. ડિગ્રીધારી નહીં પણ આવડતધારી ભણાવે તેવું તેઓ ઇચ્છતા હતા. કોઠાસૂઝ આધારિત જ્ઞાનના ઢગલાઓને સમાજમાં ફોળવાની ડેનમાર્કની વાત અહીં અમલમાં મૂકવા તેઓ તત્પર હતા. બીજી વ્યવહારુ વાત એ હતી કે આપણા ગ્રામજનો લાંબો સમય ભણવા પાછળ કાઢી શકે તે શક્ય નથી જણાતું. એટલે જીવન જરૂરી અનુભવ આધારિત ટૂંકા ગાળાના વર્ગો ચલાવીને સાથોસાથ જાગૃત નાગરિકો તૈયાર કરવાની મહત્ત્વની જરૂરિયાત જણાઈ. પ્રૌઢવયે જો લોકો વિદ્યાલયે ન જઈ શકે તો વિદ્યાલયે લોકો વચ્ચે જવું જોઈએ તેવું તેમનું માનવું હતું. આમ એક દૃષ્ટિએ આ શોધયાત્રા હતી. વળી, તેઓ દૃઢપણે માનતા હતા કે, જ્ઞાનપ્રાપ્તિનો સ્રોત માત્ર મગજ જ નથી. આંખ, કાન, હાથ, પગ પણ મગજ જેટલા જ સક્ષમ સ્રોતો છે. કોઈપણ અભિવ્યક્તિ માટે ભાષા જેટલું જ અસરકારક પરિબળ અનુભવજન્ય વિવિધ પ્રવૃત્તિઓ છે.

ગ્રામલક્ષી શિક્ષણ આપવાની સાથોસાથ હવે ગ્રામજનોની સીધી જ કેળવણી કરવાનો સમય પાકી ગયાનું તેમને જણાયું. હવે અવિધિસરના ટૂંકા સમયના, આવડતો વધારતા, જીવન સાથેના અનુબંધિત એવા વર્ગો શરૂ કરવાનું જરૂરી અને યુગાનુકૂલ છે તેવું દર્શકદાદાનું દર્શન હતું. દર્શકદાદાની ઇચ્છા તો ઇઝરાયેલમાં વસેલા કિબુત્સ જેવી અથવા તો ટૉલ્સ્ટૉય ફાર્મ જેવી વસાહત ઊભી કરવાની હતી. આ માટે તેમણે લોકભારતી અને ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા મણારના કાર્યકરોને સંબોધીને એક પત્ર પણ એ વખતે લખેલો. સૌ મૂડી રોકાણ કરે, ત્યાં રહેનારા સૌ સાથે જમે, કલાભિમુખ કાર્યક્રમો કરે, પરિશ્રમ કરે, પરસેવો પાડે અને ઉત્પાદિત શ્રમયજ્ઞ કરતાં કરતાં અભ્યાસમાં પણ રમમાણ બનીને, જીવન ધબકતું રાખે એવું આયોજન વિચારેલું.

આ આયોજનના અમલીકરણ માટે લોકભારતીના એ વખતના નિયામક શ્રી કુમુદભાઈ ઠાકર અને ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થાના નિયામક શ્રી અનિલભાઈ ભટ્ટને આ કામગીર સોંપાયેલી. પરંતુ અનેક કારણોસર એ અમલમાં ન મૂકાયું. લોકભારતી ટ્રસ્ટ જ આ જવાબદારી વહન કરે તેવું ટ્રસ્ટના પ્રમુખ શ્રી મોરારજીભાઈ દેસાઈએ ટ્રસ્ટી મંડળની અમદાવાદ ખાતેની તારીખ ૧૮/૧૦/૧૯૭૭ની બેઠકમાં જણાવ્યું. આવો નવો પ્રયોગ કોણ સંભાળશે એ સંદર્ભે બહુ ચર્ચાઓ થઈ હતી. અંતે જયારે દર્શકદાદાએ પોતે જ આ જવાબદારી સ્વીકારી ત્યારે તારીખ ૧૪-૦૧-૧૯૭૮ની મુંબઈ ખાતેની ટ્રસ્ટીમંડળની બેઠકમાં માઈધાર કેન્દ્રને પ્રમુખ મોરારજીભાઈ દેસાઈ દ્વારા મંજૂરી આપવામાં આવી. એ પછી દર્શકદાદાએ પોતાની ૬૫ વર્ષની ઉંમરે તારીખ ૧૫/૦૫/૧૯૭૮થી ૧૦ દિવસનો પ્રથમ માઈધાર પડાવ અમલમાં મૂકીને આ યજ્ઞકાર્યના શ્રી ગણેશ કર્યા.

તા. ૧૮-૧૦-૧૯૭૮ની અમદાવાદ ખાતે મળેલ ટ્રસ્ટીમંડળની બેઠકમાં વિધિવત જાહેરાત કરીને સવેળા માઈધાર કેન્દ્રનો શુભારંભ કરવાનું ઠરાવાયું.

આંબલા, મણાર અને લોકભારતીના વિદ્યાર્થીઓની વિવિધ શિબિરો માઈધારની લોકભૂમિમાં યોજાવાં લાગી. દર્શકદાદાનો માઈધાર નિવાસ વધવાથી અનેક શુભેચ્છકો માઈધાર કેન્દ્રની મુલાકાતે આવતા થયા. અંતે મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ જ. પટેલના હસ્તે અને ગુજરાતના અનેક ક્ષેત્રોના નામાંકિત મહાનુભાવો: લલ્લુભાઈ પટેલ, જયાબહેન શાહ, વિઠ્ઠલભાઈ અમીન, લલ્લુભાઈ શેઠ, પ્રસન્નવદનભાઈ મહેતા, ચંદ્રકાંતભાઈ શાહ, નરોત્તમભાઈ વગેરેની પ્રેરક ઉપસ્થિતિમાં તારીખ ૨૧/૪/૧૯૭૯ના શુભ દિવસે લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ અંતર્ગત માઈધાર ગામે પંડિત સુખલાલજી લોકવિદ્યાલય નામે અવૈધિક કેળવણીના ટૂંકા ગાળાના વર્ગો ચલાવવા માટેના કેન્દ્રનો શુભારંભ થયો. ગુજરાતભરમાંથી સાહિત્યકારો,

કેળવણીકારો, સમાજસેવકો અને આંબલા, મણાર તથા લોકભારતી સંસ્થામાંથી નિવૃત્ત થતાં પસંદગીના કાર્યકરો માઈધારમાં આવતા-જતા રહ્યા. અનેક પ્રકારની ટૂંકી અવધિની કૌશલ આધારિત તાલીમોથી માઈધાર કેન્દ્ર ધબકતું થયું. ધીમે ધીમે પંડિત સુખલાલજી લોકવિદ્યાલય-માઈધાર ગામડાંઓમાં રહેતાં લોકોની કોઠાસૂઝ આધારિત કૌશલ્યો વિકસાવતા કેન્દ્ર તરીકે વિકસતું ગયું. ગ્રામાભિમુખ લોકોત્સવ અને જીવાતા જીવન સાથેની અનુબંધિત એવી ટેક્નૉલૉજીના શિક્ષણે 'દર્શક'ના દર્શનને દાર્શનિક બનાવી આપ્યું.

પ્રખર ભાષાવિદ્, સૌના વ્હાલા અને આદરણીય બુચદાદાએ તો 'માઈધાર' ગામનું નામ 'માતૃધારા' પાડીને આ કેન્દ્રની પવિત્રતાને પણ ઉજાગર કરી આપેલી.

જીવનલક્ષી કેળવણી માટે અહીં પણ ગામડાંઓના પરિચિત, ગમતાં તથા સ્વીકૃત એવા કાર્યક્રમોનું વિશેષ આયોજન કરીને સૌનો ભાગીદારીભર્યો સાથ મેળવાયો. અહીંના સમર્પિત અને નિષ્ઠાવાન કાર્યકરોની અથાક અને નિજાનંદી સેવાથી માઈધાર ગુજરાતમાં કેળવણીના અવૈધિક-શિક્ષણના એક નમૂનારૂપે ખ્યાતિ પામ્યું. દેશ-વિદેશના અનેક લોકો આ પ્રયોગ જોવા-સમજવા-માણવા અને પામવા આવવા લાગ્યા. કેળવણી, સંસ્કાર-ઘડતર, વ્યવસાયલક્ષી તાલીમ, જીવનલક્ષી મૂલ્યો, ગ્રામવિકાસ, ખેતી, ગોપાલન, બાગાયત, જળસંચય, સજીવખેતી, ગ્રામ ટૅક્નૉલૉજી વગેરેથી લઈને લોકોત્સવ સુધીના સફળ કાર્યક્રમોએ માઈધારની માયાને વ્યાપક કર્યા કરી. દર્શકના સ્વપ્નને નિષ્ઠાવાન કાર્યકરોની ટુકડીએ એક નમૂનેદાર વાસ્તવિક સ્વરૂપ આપીને સાકાર કર્યું.

સમયાંતરે આ કેન્દ્રને આર્થિક ભીંસ, સમર્પિત તજજ્ઞ કાર્યકર્તાઓની ખેંચ અને આવા પ્રકારની સર્ટિફિકેટ વગરની તાલીમ લેનારા લાભાર્થીઓની ખેંચના કારણે અવરોધો ઊભા થયા. આ કેન્દ્રને ધબકતું રાખવા ૧૯૮૬થી ૨૦૦૦ની સાલ સુધી લોકભારતી અધ્યાપનમંદિરના પ્રથમ વર્ષના એક વર્ગને ત્યાં લઈ જવામાં આવ્યો.

આમ, આરંભનાં વીસેક વર્ષ સક્રિય રીતે ધબકતું રહેલું આ કેન્દ્ર પછી અનેક પ્રકારની પ્રતિકૂળતાઓ ઊભી થતાં ધીમેધીમે બંધ પડતું ગયું. પૂરાં ચૌદેક વર્ષ 'કોમા'માં રહ્યું. કેન્દ્રની નાની-મોટી સામગ્રીઓ અને કાઢી-ઉપાડી લઈ જઈ શકાય તેવાં બારી-બારણાં અને છપ્પરનાં પતરાં સહિતનો સામાન 'દલા તરવાડી' રાહે ઉપડી ગયો! સંસ્થાએ અથાક મહેનત અને બહુ મોટાં સ્વપ્નાં સેવીને વિકસાવેલી ફળઝાડની વાડી અને ફળદ્રુપ જમીન પણ સંજોગોવશાત વેચી દેવી પડી. સંસ્થાઓને પણ આયુષ્ય કે નસીબ જેવું હોય છે એ જાણે સાર્થક થયું. હવે બચી હતી પચ્ચીસેક વીઘા જેટલી જમીન અને ખંડેર જેવાં થોડાંક મકાનો. દર્શકદાદાએ જયાં બેસીને વિખ્યાત નવલકથાઓ લખેલી ત્યાં ભેંસોનો નિવાસ હતો અને મકાનોનાં ધાબાં પર પણ ઘાસ ઊગી નીકળ્યાં હતાં. થોડીક ટેક્નિકલ મુશ્કેલીઓ જો નડી ન હોત તો આ બધું પણ કાઢી-વેંચી નાખવાનો નિર્ણય તો ટ્રસ્ટીમંડળ દ્વારા લેવાઈ જ ગયો હતો.

સંસ્થાના વડીલો મોરારજીભાઈ અને બાબુભાઈ જ. પટેલ જેવા સમર્થકોના સીધા નેતૃત્વ-માર્ગદર્શનથી અને બળવંતભાઈ પારેખ તથા લલ્લુકાકા જેવા વિશ્વાસુ મિત્રો અને ઉદ્યોગપતિઓના ભરોસે પ્રારંભ કરેલ આ કેન્દ્રને હવે બચેલી મિલકત કઈ રીતે વેચી શકાય તેવી તપાસમાં મારે માઈધાર જવાનું થયું. જોગાનુજોગ એ 'દર્શક શતાબ્દી વર્ષ'નો સમયગાળો હતો. મનમાં સહજ વિચાર આવ્યો કે આ કેન્દ્રને, એટલે કે 'દર્શક-સ્વપ્ન'ને ફરી જીવંત કરીને તેમને સાચી શ્રદ્ધાંજલિ આપવાનું બીડું ઝડપવું જોઈએ. વિચારના ચમકારે સંકલ્પ મોતીડું હૃદયમાં પરોવાઈ ગયું. ટ્રસ્ટીમંડળના આ મિલ્કતને વેચવાના આયોજનના સ્થાને હવે આ કેન્દ્રને પુનઃ ધબકતું કરવાનું આયોજન મારા ચેતોવિસ્તારમાં અંકુરિત થવા લાગ્યું!

મેં મધુકરભાઈ પારેખની ઓફિસમાંથી લવિનાબહેન ફર્નાન્ડીઝને તા.૨૨/૦૨/૧૩ના રોજ રૂબરૂ બોલાવીને આખી યોજના સમજાવી. તેમણે હકારાત્મક અભિગમથી મધુકરભાઈને વિગતે વાકેફ કર્યા. પરિણામે અમદાવાદ ખાતે યોજાયેલ તા.૦૨/૦૪/૨૦૧૩ની ટ્રસ્ટીમંડળની બેઠકમાં આ

કેન્દ્રના વેચાણ સંદર્ભે અહેવાલ આપવાના સ્થાને આ કેન્દ્રને પુનઃજીવિત કરવાની યોજના મેં જણાવી. ધારણા પ્રમાણે સંસ્થા જે પ્રકારની આર્થિક સંકડામણમાંથી પસાર થઈ રહી હતી તેથી તે સંદર્ભે કોઈ સભ્યનો ટેકો મળ્યો નહીં. આ સમયે શ્રી મધુકરભાઈએ આખી યોજના સમજાવવા મને જણાવ્યું. મારી વિસ્તૃત રજૂઆત પછી તેમણે મોરારજીભાઈ જેવો જ પ્રશ્ન ઊભો કર્યો કે, 'આ સંભાળશે કોણ?' મારાં પર અનેક પ્રકારની જવાબદારીઓનું ભારણ હોવા છતાં મેં દર્શકદાદા પ્રત્યેનું ઋણ ચુકવવા આ જવાબદારીનો સ્વીકાર કર્યો. મધુકરભાઈએ મને વિગતે યોજના બનાવીને મોકલવાનું જણાવ્યું. તા.૦૪/૦૬/૧૩ના રોજ મેં સમગ્ર યોજના બનાવીને ઈમેલ દ્વારા મધુકરભાઈને મોકલી આપી. બીજા જ દિવસે તેમણે યોજનાનો સહર્ષ સ્વીકાર કરી, મને જાણ કરી.

મદદ કરી શકે તેવા વડીલો, મિત્રો, શુભેચ્છકો અને વિદ્યાર્થીઓને હું વારંવાર માઈધાર લઈ જવા લાગ્યો. ત્યાં નિવાસની સગવડ ઊભી કરીને, પરિવાર સાથે પણ રહેવા લાગ્યો. ઉત્સાહી યુવા સાંસદ મનસુખભાઈ માંડવિયાનો સંપર્ક કરી તેમને તેમના મતવિસ્તારના માઈધાર ગામે બોલાવ્યા. સમયાંતરે ગામસભાઓ યોજીને ગ્રામજનોને પણ વિશ્વાસમાં લીધા. માંડવિયાજીના પ્રબળ ગ્રામસંપર્કથી માઈધાર કેન્દ્રની લોકભાગીદારી કરવી પરિણામદાયી બની રહી.

તા.૩૧/૦૭/૨૦૧૩ના રોજ મુંબઈથી લવિનાજીના નેતૃત્વમાં સ્થળ નિરીક્ષણ કરવા અને યોજનાના અમલીકરણને વેગ આપવા માટે એક ટીમ માઈધાર પધારી. તેમની સાથે લોકભારતીથી નિયામક હસમુખભાઈ દેવમુરારિ, તમામ આચાર્યો, રમેશભાઈ ખેર, ભાવનાબહેન, અર્ચનાબહેન વગેરે... અમે સૌ તેમની સાથે રહ્યાં. સ્થળની મુલાકાત વખતે થયેલી પ્રશ્નોત્તરી અને મકાનોની ખંડેર હાલત જોઈને સાથી મિત્રો આ યોજનાની સફળતા સંદર્ભે શંકા સેવવા લાગ્યા. તે દિવસે અમે મહેમાનો માટે વોશરૂમની વ્યવસ્થા પણ કરી નહોતા શક્યા!

તા.૨૩/૦૯/૧૩ના લોકભારતી ખાતે મળેલ ટ્રસ્ટીમંડળની બેઠકે આ બાબતે વિસ્તૃત ચર્ચા કરીને માઈધાર કેન્દ્રને દર્શક શતાબ્દી નિમિત્તે પુનઃજીવિત કરવાનું ઠરાવ્યું. મધુકરભાઈનો મારા પરનો ભરોસો, સાંસદ શ્રી મનસુખભાઈ માંડવિયાએ પૂરી પાડેલી નૈતિક હિમ્મત, સ્થાનિક લોકોની પ્રોત્સાહક ભાગીદારી, સાથી કાર્યકરોનો સાથ તેમ જ અતૂટ શ્રદ્ધા, અથાક પરિશ્રમ, દઢ સંકલ્પ અને શુભેચ્છકોના પ્રોત્સાહનથી માઈધાર કેન્દ્રના પુનઃઉદ્ધારનો શુભારંભ થયો.

પાલીતાણાથી બાવીસેક કિ.મિ. દૂર, તળાજા અને પાલીતાણા તાલુકાની સરહદોને સ્પર્શતા હજારેકની વસ્તી ધરાવતા આ નાનકડા માઈધાર ગામની રમણીયતા ધ્યાન ખેંચે તેવી છે. કેનાલનાં પાણી અને ઉદ્યમી ખેડૂતોના રોજિંદા પરસેવાથી પાંગરેલી બારેમાસની લીલોતરી, આપણી અંદર-બહાર લીલી ભીનાશ ભર્યા કરે છે. હાથી જેવી ભેંસોનાં ધણ અને તેડી લેવાનું મન થાય તેવાં ઘેંટાં-બકરાંનાં ટોળાં ગમે ત્યારે આવતાં-જતાં નજરે પડે તેવો આ દૂધાળો વિસ્તાર છે. કોઠાસૂઝ અને પ્રકૃતિ પ્રત્યેના લગાવથી કોઈ ખાધે-પીધે દુઃખી નથી. પરંપરાગત અંધશ્રદ્ધા અને શિક્ષણ પ્રત્યેની ઉદાસીનતાની ગરીબી જરૂર જણાઈ આવે! જીવનમાં વૈજ્ઞાનિક અભિગમનો અભાવ અને પરિવર્તનને સ્વીકારવાની માનસિકતા ઓછી હોવાથી આજના સમય પ્રમાણે આ ગામડાંઓ કુદરતી સ્રોતોથી ભરપૂર હોવા છતાં અને જાતમહેનત કરતાં હોવા છતાં પછાત રહ્યાં છે.

નવરચનાના આ સમયગાળા દરમિયાન હું દર્શકદાદા સાથેના અનેકવિધ સંસ્મરણોને વાગોળતો અને ઋણભાવથી તેમના સ્વપ્નને સાકાર કરવાની ઐશ્વર્યવાન અનુભૂતિ કરતો. મેં પણ ૬૫ વર્ષની ઉંમરે માઈધાર નિવાસ કરવાનું શરૂ કર્યુ. વારંવારના માઈધાર-નિવાસ દરમિયાન બપોરના ભોજનમાં સલાડ અને છાશથી માંગીને હું ચલાવતો અને સાંજે ગામમાં જે ઘરે બોલાવે ત્યાં જમવા જતો અથવા

સંસ્થામાં જમવાનું આવી જતું. એક સાથે ત્રીસ-ત્રીસ શ્રમિકો વિવિધ કામો સમયાંતરે કરતાં હોવાથી સતત માર્ગદર્શન કરવું જરૂરી હતું. આ સઘન કાર્યો દરમિયાન બાજુના ગામ પીંગળીથી શ્રી મૂળરાજભાઈનો મળેલો નિસ્વાર્થ સહારો ક્યારેય ભૂલાશે નહીં.

ઊંડે ઊંડે એક ભય સતાવતો કે આ કેન્દ્ર તો ધબકતું કરીશું, પણ પછી કરીશું શું ? પાછું ફરી વખત બંધ તો નહીં પડે ને? સંસ્થાઓ અને સંબંધો સ્થાપવા સહેલાં છે પણ તેને ગુણવત્તાસભર ટકાવવાં ખૂબ અઘરાં છે. ખાસ કરીને સંસ્થાના સંચાલન માટે કોઈ નિષ્ઠાવાન સમર્પિત, જવાબદાર માણસો મળવા એ અત્યારના સમયમાં બધી સંસ્થાઓ માટે બહુ મોટી મૂંઝવણ છે. નસીબજોગે આ બાબતે દક્ષિણામૂર્તિદેવની કૃપાથી લોકભારતીની પ્રથમ બેચના વિદ્યાર્થી અને લોકભારતી અધ્યાપનમંદિરના પૂર્વ કર્તવ્યનિષ્ઠ આચાર્યશ્રી સ્વ. શ્રી નરેન્દ્રદેવ પાઠકનાં સુપુત્રી ડૉ. ભાવનાબહેન સંસ્થામાં જ જન્મ્યાં, ઊછર્યાં અને વિકસ્યાં છે. આજે તેમની ત્રીસેક વર્ષોની લોકભારતીત્વ ઉજાગર કરતી સંસ્થાસેવાઓ પછી તેઓએ અધ્યાપનમંદિરના આચાર્યા તરીકેની તમામ ફરજો વફાદારીથી સુપેરે સંપન્ન કરીને તા.૦૨/૦૬/૨૦૨૧થી માઈધારની જવાબદારીઓ વહન કરવાનું ભેખધારી કામ યજ્ઞાર્થે સ્વીકારી લીધું છે. તમ, મન અને ધનથી તેમણે માઈધારની ધૂરા સંભાળી લઈને અમારો ભાર હળવો કરી દીધો છે.

શ્રી પાતુભાઈ આહિર, નિર્મળભાઈ પરમાર અને એભલભાઈ ભાલિયા વગેરેની કર્મઠ ટીમ શ્રી ભાવનાબહેનના સીધા માર્ગદર્શનથી માઈધાર ખાતે ધૂણી ધખાવીને કાર્યરત છે. તેની નોંધ લેતાં આનંદ-સંતોષની લાગણી અનુભવું છું.

માઈધાર કેંદ્રના આ કલ્પનાતિત પુનઃનિર્માણમાં ઘણાં બધાં દાતાશ્રીઓએ ઉદારતાથી આર્થિક મદદ કરી છે. અનેક શુભેચ્છકોએ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ ભૂતપૂર્વ કાર્યકરોએ પણ પોતાનો ઋણભાવ આ યજ્ઞકાર્યમાં આહૂતિરૂપે આપેલ છે. સાંપ્રતમાં કાર્યરત એવા લોકદક્ષિણામૂર્તિના સૌ કાર્યકર્તાઓએ પણ તેમના વહાલા આદરણીય દર્શકદાદાની આ તપોભૂમિને સમર્પિત ભાવે અનેક રીતે કરેલી મદદની નોંધ લેતા હું કૃતજ્ઞતાનો ભાવ અનુભવું છું.

**પંડિત સુખલાલજી લોકવિદ્યાલય - માઈધારની પ્રવૃત્તિઓઃ**

**(૦૧) લોકકલ્યાણ વિદ્યાલયઃ**

મારા માઈધાર નિવાસ દરમિયાન અંધારું થતાં જ ચીબરીઓ આવી જાય અને ભારે દેકારો કરી મૂકે. હું ચીબરીઓની કંપની માણતો હતો તેવી એક મોડી સાંજે થોડાંક ભાઈઓ-બહેનો સંપીને મારી પાસે આવ્યાં! મારાં વખાણ કરવા લાગ્યાં. 'મનુદાદા મારા પંડમાં ('હર'માં) આવ્યા છે' તેવી આલંકારિક સાહિત્યિક રજૂઆત કરતાં બોલ્યાં કે તમે બધાં અહીં ભણવાની ભૂખ જગાડીને ભાગી કેમ ગયા? તમે જતાં રહો તે ન ચાલે. હવે ગમે તેમ કરીને અહીં દીકરીઓના માધ્યમિક શિક્ષણનું કંઈક કરો. જો કાંઈ નહીં કરો તો દીકરીઓ ભણી નહીં શકે. બાજુનાં ગામોમાં જવાય તેવી વ્યવસ્થા નથી. ભૂતકાળમાં એક દીકરીનું સાયકલ પરથી આવતાં અપહરણ થયેલું એથી સૌ ગભરાતાં હતાં. મને થયું કે આ અંગે કાંઈક કરવું તો જોઈએ. શું કરવું? ઘણાને મળ્યો. ઘણું વિચાર્યું. ઘણી યોજનાઓ બનાવી પણ પાટે ચડ્યું નહીં.

પંદરેક દિવસના સઘન મનોમંથન પછી નિશ્ચય કર્યો કે ગમે તે થાય, હવે આ કામ કર્યે જ છૂટકો! નજીકની ટીમાણા ગામની શ્રી ગણેશ શાળાએ ભારે લોકચાહના મેળવેલી છે, ત્યાં તેના કર્મઠ, નિષ્ઠાવાન અને અભ્યાસુ એવા શ્રી બટુકભાઈ આચાર્યને મળવા ગયા. ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થી અને વિદ્યાર્થી-વત્સલ. અમને જોઈને રોમાંચિત થઈ ગયા. 'ગુરુજી, તમે કયાંથી, આમ અચાનક...!' મળ્યા, વાત કરી. પંદરેક મિનિટમાં તો દસેક શિક્ષકો પોતપોતાના કલાસમાંથી દોડયા... એક અનોખું ભાવસભર દૃશ્ય સર્જાયું ! પોકારો થયા 'જય જય

લોકભારતી' અને દક્ષિણામૂર્તિ દેવની જાણે કૃપા વરસી હોય તેમ સૌ મને, અર્ચનાને અને ભાવનાબહેનને વંદન કરીને ખડે પગે આતિથ્ય-સ્વાગતમાં લાગી ગયા. માઈધારમાં શાળા કરવી છે તેની વાત મૂકી. ક્ષણના પણ વિલંબ વગર તેમની શાળાનું નવમું ધોરણ ત્યાં બેસાડી દો, કહીને રસ્તો કાઢી આપ્યો. માઈધાર સંસ્થામાં પરત ફરીને વાત કરી ત્યાં તો સૌ રાજી.. રાજી..! ત્રીજા દિવસે ૬૦ સંખ્યાનું નવમું ધોરણ શરૂ!!! 'દર્શક ઘેર આનંદ ભયો', 'જય શ્રી દક્ષિણામૂર્તિ દેવ કી...!' પાંચ સાત દિવસે ખબર પડી કે આમાંથી ત્રીસેક સંખ્યાને તો નવમાં ધોરણમાં હોવા છતાં પોતાનું નામ લખતાં આવડતું નથી ! આ પ્રકારની ન ધારેલી, ન કલ્પેલી અસંખ્ય મુશ્કેલીઓ હારબંધ આવતી ગઈ પણ પૂરી સ્વસ્થતા, ધીરજ, નિષ્ઠા અને દૃઢ સંકલ્પબળના સહારે હલ કરતાં ગયા.

બબ્બે વખત નાપાસ વિદ્યાર્થીઓ, જેના ઘરમાં કોઈ ભણેલું નહોતું, ખેતીકામમાં મોસમ વખતે શાળા છોડીને કામે જવું અનિવાર્ય હતું, પોતાની શાળાનું પરિણામ બગડે એ બીકે જેને ક્યાંય કોઈ પ્રવેશ આપતું નહોતું, જે ફી ભરી શકે તેમ નહોતું, હજુ વાંચતાં-લખતાં જ આવડતું નહોતું, સહજ વાતચીતમાં અપશબ્દો સરળતાથી વાપરવાની ટેવ હતી, ગામ-તાલુકાની બહારની દુનિયા જોઈ જ નથી તેવાં બાળકોને ભણાવવાનું અમારું આ અભિયાન અમારી કસોટી કરતું જ રહ્યું. આ સેવાકીય, માનવીય અભિગમ ધરાવતા સાહસમાં વારંવાર મદદે આવેલા શ્રી દક્ષિણામૂર્તિ દેવે અમારી દરેક મુશ્કેલીઓમાં અમારું મનોબળ દૃઢ કર્યું. સમય જતાં બધું જ નિયમાનુસાર-કાયદેસર કરવા અમે એક અલગ જ ટ્રસ્ટ રચ્યું. માઈધાર વિસ્તારના લોકભારતીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓથી રચાએલ 'લોકકલ્યાણ ટ્રસ્ટ'ના નામે શાળા શરૂ કરી. આ બધું કલ્પનાતીત એવા ટૂંકા સમયમાં થયું કે આજના સંદર્ભે કોઈપણને શંકા જાય કે ટ્રસ્ટની અને શાળાની આવી માન્યતા આટલી ઝડપથી મળે જ કેમ? સંપૂર્ણ નિઃસ્વાર્થ, સેવાકીય, માનવીય, લોકભાગીદારીથી નિષ્ઠાપૂર્વક કાર્યરત કામને ઉપરવાળો 'તારી નાવડીનાં રામજી કરે રે રખોપાં...' ભજનભાવે મદદ કરે છે, તેવી પ્રતીતિ થઈ. આમ, ૨૦૧૫થી સ્વનિર્ભર માધ્યમિક શાળા-'લોકકલ્યાણ લોકવિદ્યાલય'નો શુભારંભ થયો.

આજે ૧૦ વર્ષના અંતે ધોરણ ૯થી ૧૨ માં કુલ ૩૩૭ વિદ્યાર્થી ભાઈઓ-બહેનો નઈ-તાલીમની કેળવણી આત્મસાત્ કરી રહ્યાં છે. જેમાં ૨૭૫ ભાઈઓ-બહેનો તો છાત્રાલયમાં નિવાસ કરે છે. છેલ્લાં વર્ષોમાં ધોરણ-૧૦ અને ૧૨નું ૯૮થી ૧૦૦ ટકા પરિણામ મેળવીને આ સ્વનિર્ભર લોકશાળાએ શરીરશ્રમ, સંસ્કાર ને સમૂહજીવનનાં મૂલ્યોને ઉજાગર કરી બતાવ્યાં છે.

વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસ માટે અહીં તમામ પ્રકારના રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક તહેવારોની સાથે વિશિષ્ટ વિશ્વદિવસોની ઉજવણી ગુણવત્તાસભર રીતે કરવામાં આવે છે. ઉપરાંત અનેકવિધ વિદ્યાર્થીલક્ષી સમૂહની પ્રવૃત્તિઓ સતત યોજવામાં આવે છે. અદ્યતન વિજ્ઞાન પ્રયોગશાળા, આધુનિક કમ્પ્યૂટર લેબ. સમુદ્ધ ગ્રંથાલય, રમત-ગમત, યોગ-ધ્યાન, સાંસ્કૃતિક કાર્યક્રમો અને સંગીત માટેની વિશેષ તાલીમોનું પણ તજજ્ઞો દ્વારા આયોજન કરવામાં આવે છે.

**(૦૨) છાત્રાલયઃ**

નઈ તાલીમની કેળવણીમાં છાત્રાલય-સમૂહજીવન એ સંસ્કાર ઘડતરનું ધરુવાડિયું ગણવામાં આવે છે. વિદ્યાલય આપણને કૌશલ આપે છે, આજીવિકા આપે છે. એટલે કે અવિદ્યાનો સ્રોત છે. જ્યારે છાત્રાલય સંસ્કાર ઘડતરનું કામ કરે છે. માણસમાં રહેલા સદ્ગુણોને વિકસાવે છે. આંતરિક પ્રસન્નતાનો એ પ્રાણ છે. એટલે કે એ વિદ્યાનું સ્રોત છે. ભણવા આવતા વિદ્યાર્થીઓને જે કંઈ સગવડતાઓ હતી, તેમાં જરૂરી સમારકામ કરાવીને જૂન-૨૦૧૮થી ભાઈઓનું છાત્રાલય અને ભોજનાલય આરંભ કરવામાં આવ્યું છે. આથી વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો થતો ગયો.

મારા નિયમિત માઈધાર નિવાસ દરમિયાન એક દિવસ દેખાવે દુર્બળ એવી ખુશી નામની દીકરી પોતાની સાવ નાની ટંકડી (પતરાની પેટી) લઈને મારી પાસે આવી. 'દાદા, મારે ભણવું છે, હું અપડાઉન કરી શકું તેમ નથી

અને બીજે ક્યાંય ભણવાં જવું નથી. તમે હોસ્ટેલની સુવિધા કરી નથી, પણ હું હવે ઘરે જવાની નથી. તમારી સાથે હું અહીં રહીશ.'

તેને ઘણું સમજાવી પણ એ મક્કમતાથી પોતાની વાતને વળગી રહી. આપણા આયોજનમાં થોડાં સમય પછી બહેનોનું છાત્રાલય કરવાની ગણતરી હતી. પરંતુ અત્યારે કોઈ સુવિધા હતી નહીં. અંતે ખુશી સામે હું હારી ગયો અને એક સ્ટાફ કવાર્ટરમાં બહેનોના છાત્રાલયનો શુભારંભ પણ જૂન-૨૦૧૯થી કર્યો. ખુશી સાથે તેની ત્રણેક બહેનપણીઓને પણ મંજૂરી આપી.

ખુશીની પ્રાર્થના જાણે ભગવાને સાંભળી હોય તેમ સુરતથી શ્રી કેશુભાઈ-ભગત અને પદ્મશ્રી મથુરભાઈ સવાણી સાવ ઓચિંતા પધાર્યા અને દીકરીઓ માટેના છાત્રાલયની ભેટ-પ્રસાદી આપતા ગયા.

આજે આપણી પાસે ૧૦૦ બહેનોની અને ૧૭૫ ભાઈઓની સારામાં સારી સુવિધાઓથી નિર્મિત છાત્રાલયો છે. આ છાત્રાલયોની દેખભાળ કરતા નિષ્ઠાવાન ગૃહપતિઓ અને ગૃહમાતાઓ સુપેરે સંચાલન કરી રહ્યાં છે. વિદ્યાર્થી મંત્રીમંડળ દ્વારા વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન-અમલીકરણ થાય છે. વાડોલિયા સહિત વિવિધ પ્રકારનાં ગૃહકાર્ય કરીને વિદ્યાર્થીઓ સ્વાવલંબનના પાઠ પણ ભણી રહેલ છે.

નિવાસી છાત્રો માટે સવારના ગરમ નાસ્તા સહિતના બંને ટંકના તૃપ્તિના ઓડકાર આવે એવાં ભોજનાલયની વ્યવસ્થા કરવામાં આવી છે. ભાઈઓ અને બહેનોનાં છાત્રાલયોમાં પૂરતી સંખ્યામાં સેનિટેશન બ્લોકની વ્યવસ્થા ઊભી કરવા ઉપરાંત તેમાં ૨૪ કલાક પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવાઈ છે. નહાવા માટે ગરમ પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. સમગ્ર પરિસરની જરૂરી વીજળી સોલાર રૂફટોપ યોજના અંતર્ગત પેદા કરવામાં આવે છે. આ ઉપરાંત જો વીજળીનો કાપ આવે તો તાત્કાલિક વીજળી મળી રહે તે માટે ૨૦ કે.વી.ના જનરેટરની સુવિધા રાખી છે. પાણીની કયારેય ખેંચ ઊભી ન થાય એ માટે ૩ લાખ લિટર વરસાદી પાણીનો સંગ્રહ કરવામાં આવે છે.

**(૦૩) આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રઃ**

એક કહેવત મુજબ-

મેં સાંભળ્યું..... ભૂલાઈ ગયું!

મેં જોયું ...... યાદ રહ્યું!

મેં જાતે કર્યું ...... સમજાઈ ગયું!

આપણને સૌને અનુભવના આધારે સમજાયું છે કે શિક્ષણને રસિક, આનંદમય અને ટકાઉ કરવા માટે પ્રવૃત્તિઓ અસરકારક પરિબળ સાબિત થયેલ છે! વળી પ્રવૃત્તિઓ, સિદ્ધાંત કે સાધનની જીવન-વ્યવહારમાં ક્યાં ક્યાં અને કેટલી ઉપયોગિતા છે તેનો અનુબંધ જો જોડી શકાય તો આ શિક્ષણ કેવળ પરીક્ષાલક્ષી છે તેવા ખ્યાલમાંથી છૂટીને જીવનલક્ષી જ છે, તેવા સાચા શૈક્ષણિક લક્ષ્ય તરફ વિદ્યાર્થીને વાળી શકાશે. પરિણામે સુરાજ્યની કલ્પનાને સાકાર કરનારા ભાવિ વૈજ્ઞાનિકોનું નિર્માણ થાય તેવા સંસ્કારોનું સિંચન શક્ય બને. પ્રવૃત્તિ જ્યારે અભિવ્યક્તિમાં પરિણમે છે ત્યારે એ કેળવણી ફળદાયી બને છે.

આમ, કેળવણીનો અગત્યનો એક હેતુ અનુભૂતિને અભિવ્યક્ત કરવાનો છે. ત્યારે વિજ્ઞાન વિષય શિક્ષણને સરળ, રસપ્રદ અને પ્રવૃત્તિમય બનાવીને વિદ્યાર્થીઓમાં સંશોધનાત્મક વલણો વિકસે તેવા મનોરથ સાથે લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ, સણોસરા દ્વારા સંચાલિત પંડિત સુખલાલજી લોકવિદ્યાલય, માઈધારના પરિસરમાં શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ-અમદાવાદના આર્થિક સહયોગથી જૂન-૨૦૧૯થી 'આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર'નો શુભારંભ થયો છે. શ્રી પ્રકાશભાઈ અને શ્રી અંજનાબહેન ભગવતીની ઉદાર અને ઉમદા સેવાવૃત્તિથી આ શક્ય બન્યું છે. આ વિજ્ઞાન કેન્દ્રમાં અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન-બેંગ્લોરના માર્ગદર્શન અને તેના દ્વારા તાલીમબદ્ધ થયેલા, યોગ્ય લાયકાત ધરાવતા અનુભવી શિક્ષકોની ટીમ દ્વારા રાજ્ય સરકારના અભ્યાસક્રમ મુજબ ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓને પ્રવૃત્તિ આધારિત વિજ્ઞાન વિષય શીખવવામાં આવે છે. આ પ્રવૃત્તિઓ માટેની

સામગ્રી શક્ય તેટલી સરળતાથી મળી રહે અથવા શક્ય તેટલી સસ્તી હોય તેવો પ્રયત્ન કરવામાં આવે છે. માઈધાર ગામની આસપાસના ગ્રામીણ વિસ્તારની ૫૮ પ્રાથમિક શાળાના ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓ અહીંના વિજ્ઞાન કેન્દ્રમાં આવીને આખો દિવસ રોકાઈને તેમના વિજ્ઞાન વિષયના અભ્યાસક્રમના એકમોની પ્રવૃત્તિઓ જાતે કરીને-સમજીને વિજ્ઞાન વિષય ભણે છે. આ ઉપરાંત જે તે વિદ્યાર્થી પોતાની જિજ્ઞાસાવૃત્તિને સંતોષતા પ્રયોગો કરે છે. આ માટે જરૂરી તમામ અદ્યતન સાધનોથી સુસજ્જ પ્રયોગશાળાઓ તૈયાર કરવામાં આવી છે. એક વિદ્યાર્થી એક વર્ષમાં ચાર વખત આ પ્રયોગશાળામાં લાભ લઈ શકે તેવું આયોજન કરેલ છે. આ વિદ્યાર્થીઓ પોતાના ટિફિન લઈને આવે છે. જ્યારે આવવા-જવાનો ખર્ચ માઈધાર કેન્દ્ર દ્વારા આપવામાં આવે છે.

રોજિંદા જીવનમાં દિવસે દિવસે વધારેને વધારે ટૅક્નૉલૉજીનો ઉપયોગ થઈ રહ્યો છે અને હવેના વિજ્ઞાન વિષયના અભ્યાસક્રમો વિદ્યાર્થીઓમાં વધારેને વધારે કુતૂહલવૃત્તિ, જિજ્ઞાસાવૃત્તિ, અવલોકનશક્તિ તેમ જ તર્કશક્તિ વિકસતી જાય અને સર્વાંશે વૈજ્ઞાનિક અભિગમ તરફ તેનું વલણ કેળવાય તેવા બની રહ્યા છે. આ સંજોગોમાં વિદ્યાર્થીઓ જો જાતે પ્રયોગ કરીને વિજ્ઞાન ભણશે તો એ વધારે ફળદાયી નિવડશે.

**(૦૪) સ્ટેમલેબઃ**

આવિષ્કાર વિજ્ઞાન કેંદ્ર સાથે અદ્યતન સાધનોથી સજ્જ STEM લેબ પણ કાર્યરત છે. STEM એ એક શૈક્ષણિક અભિગમ છે, જે નીચે પ્રમાણેના ચાર વિષયોનું ચાર વિષયોનું સંયોજન છેઃ

S = Science (વિજ્ઞાન)

T = Technology (ટેક્નોલોજી)

E = Engineering (અભિયાં ત્રણ)

M = Mathematics (ગણિત)

STEM એક એવું વિજ્ઞાનનું ક્ષેત્ર છે કે જે વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વિચારશક્તિ, નવીનતમ ટૅક્નૉલૉજીનો ઉપયોગ, વ્યવહારુ અભિયાંત્રણ અને તર્કસંગત ગણિતીય વિચારશક્તિ વિકસિત કરવા માટે રચાયેલ છે. આ અભિગમ વિદ્યાર્થીઓને આધુનિક દુનિયામાં પડકારોનો સામનો કરવા, નવી નવી શોધો કરવા અને સર્જનાત્મક ઉકેલ શોધવા માટે સક્ષમ બનાવે છે. આ આમ STEMનો હેતુ વિદ્યાર્થીઓમાં સિસ્ટમેટિક વિચારશક્તિ, સમસ્યાઓ ઉકેલવાની ક્ષમતા અને ટૅક્નૉલૉજીનો યોગ્ય ઉપયોગ કરીને નવા ઉપાયો શોધવાની કુશળતા વિકસાવવાનો છે.

**(૦૫) મોજીલું શિક્ષણ યોજનાઃ**

શિક્ષણ લેનાર વિદ્યાર્થી તેને અપાતા માહિતીપ્રધાન શિક્ષણને સર્જનાત્મક- રચનાત્મક માર્ગે વિવેકપૂર્ણ રીતે, સંસ્કારી વાણી-વર્તન-વ્યવહારમાં આચરી શકતો નથી. એ સાંપ્રત સમાજનો સૌથી મોટો પ્રશ્ન છે. સમગ્ર વિશ્વ આજે આતંકવાદ અને ગ્લોબલ વોર્મિંગ વચ્ચે, સાંસ્કૃતિક અને પ્રાકૃતિક પ્રકોપો વચ્ચે પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા ઝઝૂમી રહ્યું છે. આવા વખતે ઉકેલ માત્ર શિક્ષણ પાસે જ છે. સંસ્કૃતિને સાચવતી અને પ્રકૃતિને પોષતી એવી જીવાતા જીવન સાથે અનુબંધ સાધી આપતી અનુભવજન્ય, પ્રવૃત્તિમય, મૂલ્યનિષ્ઠ, સર્જનાત્મક કેળવણી એ જ એક માત્ર ઉકેલ છે. શિક્ષણ જ્યારે સરળ, રસિક, સસ્તું, ઉપયોગી, અનુભજન્ય, જીવાતા જીવન સાથે અનુબંધિત બને ત્યારે જ એ પરિણામલક્ષી બને છે. આમાંથી કુદરત સાથેની એક સંવાદી જીવનશૈલી પ્રગટે છે.

શક્ય તેટલા પરિચિત જગતથી અને સ્થાનિક ઉપલબ્ધ સામગ્રીઓથી જો પ્રવૃત્તિઓ કરાવવામાં આવે તો સહજતાથી રમતાં-રમતાં વિદ્યાર્થી ભણવા લાગે છે. આપણે તેને શીખવવું નથી, જાતે શીખતો-ભણતો, હોંશથી શિક્ષણ લેતો થાય તેટલો સક્ષમ કરવો છે. આજે દિવસેને દિવસે શિક્ષણ મોંઘું, અઘરું, જટિલ અને સ્પર્ધાત્મક બની રહ્યું છે ત્યારે શિક્ષણને શક્ય તેટલું વધારે સસ્તું, સરળ અને રસિકમય કરવું અનિવાર્ય છે. સર્જનાત્મકતા, સંવેદના, શ્રદ્ધા, મૌલિક અભિવ્યક્તિ, અભ્યાસવૃત્તિ, અવલોકનશક્તિ વગેરે જેવી

મૂળરૂપ પ્રાકૃતિક ભેટ સમાન આવડતો આજના મોંઘાદાટ અને ઝાકઝમાળયુક્ત આધુનિક ભૌતિક સુવિધાઓ ધરાવતા શિક્ષણે આંચકી લીધી છે. તેની પુનઃસ્થાપના કરવા જીવાતાં જીવન સાથેનું અને કુદરતમાં બનતી ઘટનાઓ સાથે અનુબંધિત હોય તેવું, પ્રવૃત્તિમય અને અનુભવ દ્વારા અપાતા શિક્ષણને જ અપનાવવું એ એક માત્ર સ્થાયી ઉકેલ છે. આ મથામણના જવાબ રૂપે જે નવનીતની પ્રાપ્તિ થઈ તે આપણા સૌની 'મોજીલું શિક્ષણ યોજના'.

મૂળ હેતુ કોઈ એક વિષય ભણાવી દેવાનો નથી, કોઈપણ વિષયને વિદ્યાર્થી જાતે ભણતો-સમજતો-માનતો થાય અને એ માહિતી-જ્ઞાનને પોતાના જીવાતા જીવન સાથે સંશોધનાત્મક વલણોથી જોડતો થાય તેવી દૃષ્ટિ કેળવવાનો છે. આમ, એક શિક્ષણ-પદ્ધતિને ગુણવત્તાસભર અને પરિણામલક્ષી કરવાનો આ સફળ પ્રયોગ-પ્રયત્ન છે. જે કોઈએ આ પદ્ધતિ ભણાવવામાં અજમાવી છે તેમને અવશ્ય લાભ જ થયો છે તે આ નૂતન પદ્ધતિની મોટી ઉપલબ્ધિ છે.

માઈધારની આસપાસના ત્રણ તાલુકાઓનાં ૮૦ ગામોની પ્રાથમિક શાળાઓમાં ૬થી ૮ ધોરણમાં આ મોજીલું શિક્ષણ યોજના ઈ.સ. ૨૦૧૪થી ચાલે છે. આના સંવાહકો તરીકે તાલીમી ચાર અનુભવી કાર્યકરો દરરોજ અલગ અલગ શાળાઓમાં જઈને શિક્ષણની અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા શીખવે છે. અહીં વિષયવસ્તુને પ્રાધાન્ય આપવા કરતાં ભણવા-ભણાવવાની પદ્ધતિને મહત્ત્વ આપવામાં આવે છે. દર ત્રણ મહિને કાર્યકરોની સજ્જતા તાલીમ યોજીને ૨૦ પ્રવૃત્તિઓ સાથેની નવીનવી કીટ તૈયાર કરીને આપવામાં આવે છે. આજે ગુજરાતમાં પંદરેક જેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ પોતપોતાના વિસ્તારમાં આ 'મોજીલું શિક્ષણ યોજના' ચલાવી રહી છે. આ સ્વૈચ્છિક સંસ્થાઓના ૫૦ જેટલા મોજીલા કાર્યકર્તાઓને તાલીમ આપવાનું અને તેમના માટેની કીટ તૈયાર કરવાનું કામ માઈધાર કેન્દ્ર દ્વારા નિયમિત રીતે થઈ રહ્યું છે.

મોજીલું શિક્ષણમાં ભણનાર અને ભણાવનાર
બંનેને મોજ પડવી એ પ્રાથમિક શરત છે.

**(૦૬) કૌશલવર્ધન કેન્દ્રઃ (સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર)**

રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં અને બુનિયાદી નઈ તાલીમની કેળવણીમાં હાર્દરૂપ તત્ત્વોમાં વિદ્યાર્થીને પગભર કરે તેવા કૌશલો આપવાની વાતને મહત્ત્વની ગણવામાં આવી છે. આ માટે માઈધાર કેન્દ્ર ખાતે ૨૦૧૪થી જ સરકારશ્રીની કૌશલવર્ધન યોજના અમલમાં મૂકવામાં આવી હતી. સંજોગોવશાત આ યોજનાઓ ગામડાંઓના યુવાનો માટે ખૂબ જ આશીર્વાદરૂપ હોવા છતાં સરકારશ્રીએ આ યોજનાને બંધ કરી દીધી હતી. આ યોજનાની ભણતાં વિદ્યાર્થીઓ માટે અને બીજાં યુવાન ભાઈઓ-બહેનો માટે ઉપયોગી જણાતા આજે પીડીલાઈટ ઇન્ડસ્ટ્રીઝની આર્થિક સહાયથી નીચે પ્રમાણેના તાલીમી કાર્યક્રમો કાર્યરત છેઃ

***૬.૧ઃ કૉમ્પ્યૂટર ક્લાસઃ*** વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસક્રમની સાથોસાથ કૉમ્પ્યૂટરનું જરૂરી જ્ઞાન મળી રહે અને તેમને આગળ જતાં ઉપયોગી થાય તે માટેના CCC સર્ટિફિકેટ કોર્સની વ્યવસ્થા કરવામાં આવી છે.

***૬.૨ઃ બ્યુટી પાર્લરઃ*** શાળામાં આભ્યાસ કરતી બહેનો અને આજુબાજુની બહેનોને આઈબ્રો, વેક્સ, ફેસિયલ, મહેંદી, નવવધૂ શણગાર, હેરકટિંગ, હેરસ્ટાઈલ, હાથપગમાં મેનીક્યોર, પેડીક્યોર વગેરે જેવી આવડતો શીખવવામાં આવે છે.

***૬.૩ઃ સીવણ ક્લાસઃ*** આજુબાજુનાં ગામની બહેનો અને સ્કૂલની વિદ્યાર્થિની બહેનો પોતાના અને પોતાના ઘરનાં કપડાં જાતે સીવી શકે અને પોતાની આજીવિકાનો સ્રોત બનાવી શકે તેવું સીવણ કામ શીખવવામાં આવે છે.

***૬.૪ઃ સેનેટરી પેડ નિર્માણઃ*** બહેનોના સહિયર સ્વસહાય જૂથ દ્વારા સ્વચ્છતા અને આરોગ્ય જાળવણી માટે સેનેટરી પેડનું નિર્માણ કરતું એકમ કંચન ફાઉન્ડેશનના ટ્રસ્ટીશ્રી મમતાબહેન ચૌહાણની સહાયથી ચાલી રહ્યું છે. તૈયાર કરવામાં આવેલ પેડનું આસપાસની શાળાઓ તેમ જ NGOમાં વેચાણ પણ કરવામાં આવે છે. આ દ્વારા અભ્યાસ કરતી બહેનો અને માઈધાર ગામની બહેનો સ્વનિર્ભર બની શકે તેવો પ્રયત્ન ચાલી રહ્યો છે.

(૦૭) **માઈધાર કૃષિ કેન્દ્રઃ**

ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થાના મણાર ખાતેના કૃષિ બાગાયત સંશોધન અને વિકાસ કેન્દ્રના સીધા માર્ગદર્શન નીચે માઈધાર કૃષિ કેન્દ્ર કાર્યરત છે. ૨૦૨૦થી શરૂ કરવામાં આવેલા આ કેન્દ્ર અંતર્ગત તળાજા અને પાલીતાણાનાં ૨૫ ગામોના ૧૦૫૦ ખેડૂતોને આવરી લેવામાં આવ્યા છે.

ખેડૂતોના સંગઠિત જૂથો બનાવીને તેમના કૃષિ, ગોપાલન અને બાગાયત ક્ષેત્રની ઉત્પાદકતા વધે તે માટે જરૂરી તમામ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ખેડૂતોમાં ગાય આધારિત પાકૃતિક ખેતીનો વિકાસ થાય તેવી ઋષિખેતીની હિમાયત કરતું આ કેન્દ્ર ખેડૂતો માટે આશીર્વાદરૂપ બનતું જાય છે. ખેડૂતોમાં પ્રેરણા-પ્રવાસ સહિતના જીવંત નિદર્શનો પણ યોજવામાં આવે છે.

(૦૮) **તાલીમી કાર્યક્રમોઃ**

માઈધાર સંસ્થાના નયનરમ્ય પ્રાકૃતિક પરિવેશ અને તમામ પ્રકારની ઊભી થયેલી સુવિધાઓને કારણે અનેક પ્રકારની સ્વૈચ્છિક સંસ્થાઓ પોતાના વિવિધ પ્રકારના તાલીમી કાર્યક્રમોનું અહીં આયોજન કરે છે. આ નિમિત્તે અનેક ક્ષેત્રોના તજજ્ઞો માઈધારની મુલાકાતે આવતા હોવાથી માઈધાર સંસ્થાનું ભાવાવરણ જીવંત રહે છે. આવનાર મહેમાનો માઈધારનું આતિથ્ય માણી-પામીને સંસ્થાને ઉપયોગી થતાં રહે છે એ પણ સંતોષ-આનંદની અનુભૂતિ કરાવે છે.

(૦૯) **રવિશાળાઃ**

દર્શકદાદાએ જણાવ્યું છે તેમ, 'છેલ્લાં પચાસ વર્ષમાં થયેલી શોધોમાં મોટામાં મોટી શોધ હું બાલશિક્ષણશાસ્ત્રની ગણું છું. મારી અફર શ્રદ્ધા છે કે માણસ જાતને મુક્તિનો અનુભવ લેવો હશે તો તેણે બાલશિક્ષણની આ શોધ પાસે જવું પડશે. બાલશિક્ષણશાસ્ત્રીઓનું વિધાન છે કે, 'સંહારવૃત્તિનો અવેજ સર્જનવૃત્તિ છે. આક્રમકવૃત્તિનો ઉપાય અંતઃતૃપ્તિ છે.'

ઉપરોકત વિધાનને સાર્થક કરવા માઈધાર ખાતે ૨૦૧૪થી રવિકૃપા ટ્રસ્ટની આર્થિક સહાયથી 'રવિશાળા' નામે બાળકેળવણીની પ્રવૃત્તિ કાર્યરત છે. દર રવિવારે માઈધાર અને આસપાસનાં ગામડાંઓનાં બાળકોને તેમને ગમતી એવી અનેકવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. બાળકોની જિજ્ઞાસાવૃત્તિ અને સર્જનશકિત વિકસે એ માટે જેવી કે માટી કામ, ચિત્રકામ, રંગકામ, કાગળકામ, ક્રાફ્ટ, રમતો, ગીતો વગેરે જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. બાળકોને હળવો નાસ્તો કરાવીને પછી એને ગમતી પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત કરાવવામાં આવે છે.

(૧૦) **અહિંસાની કેળવણી કાર્યક્રમઃ**

બાળકોમાં સંસ્કાર ઘડતર કરતો અને તેની સર્જનશકિત અને રચનાત્મક મનોવૃત્તિને સહજપણે વિકસાવીને એક માનવતાવાદી માણસ બનાવવા માટે 'અહિંસાની કેળવણી' નામનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. અહિંસાની કેળવણી કાર્યક્રમ સાબરમતી આશ્રમ-અમદાવાદ; પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર-અમદાવાદ અને લોકભારતી ગ્રામવિદ્યાપીઠ-સણોસરા સંસ્થાઓની સંયુક્ત ભાગીદારીથી ચાલી રહ્યો છે. માઈધાર કેન્દ્ર નીચે તળાજા તાલુકાની ૧૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં આ પ્રોજેક્ટ કાર્યરત છે. આ કાર્યક્રમમાં પ્રાથમિક શાળાના ધોરણ ૦૬થી ૦૮નાં બાળકોમાં અહિંસાની સમજ કેળવાય અને અહિંસા રોજિંદા જીવનમાં આચરણનો ભાગ બને તેવા સંસ્કાર ઘડતરનો હેતુ છે. આ માટે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. એક સંસ્થા પ્રતિનિધિ અને એક સંસ્થા કાર્યકર આ યોજનાની પ્રવૃત્તિઓના અમલીકરણ માટે સક્રિય હોય છે. સંસ્થા સમયાંતરે સંયોજક અને કાર્યકરને તાલીમ આપીને, સાહિત્ય પૂરું પાડીને અને તજજ્ઞોની મુલાકાતો લેવડાવીને સુસજ્જ કરતી રહે છે. આ કાર્યક્રમ સમગ્ર ગુજરાતમાં ૧૧૧ શાળાઓમાં ચાલી રહ્યો છે.

જેમ ફિનિક્સ પક્ષી પોતાની જ રાખમાંથી સજીવન થઈને ગગનવિહારી બન્યું. તેમ માઈધાર કેન્દ્રની કથા પણ આરંભ/ જન્મી, મૃતઃપાય બની અને પુરુષાર્થના નીંભાડે પાકીને પુનઃ સજીવન થવાની આખી પ્રક્રિયા ફિનિક્સ પક્ષી જેવી જ જણાય છે.

## ૦૨ અપેક્ષા આશીર્વાદની

**મનુભાઈ પંચોળી**

(લોકવિદ્યાલય-માઈધારના ઉદ્‌ઘાટન પ્રસંગે આપેલ પ્રસંગોચિત્ત વકતવ્ય- તા.૨૧-૦૪-૧૯૭૯)

ખરી રીતે આવો સમારંભ કામની સફળતા પછી કરવો જોઈએ. કોઈ એવો પ્રશ્ન પૂછી શકે કે કામ કર્યા પહેલાં રાજ્યના મુખ્યમંત્રીને બોલાવ્યા? અનેક કામોમાં રોકાયેલા મુ. બાબુભાઈને કામ કર્યા પછી બોલાવો તો ઠીક. આવો સવાલ વજુદવાળો ગણાય. પણ આ એક નવું કામ છે, જેમાં તમારા સૌના આશીર્વાદની જરૂર છે. આપણા દેશમાં આવા ખ્યાલથી આવું કામ થતું હોય તેવું જાણમાં નથી. એથી ઈશ્વરના આશીર્વાદ માંગ્યા પછી વડીલોના આશીર્વાદની ખૂબ જરૂર છે.

મારા મિત્રો અને મારી પાસે આ જાતના કામનો કશો નકશો નથી એવા સંજોગોમાં સૌની શુભેચ્છાઓ અને આશીર્વાદ મોટું બળ આપશે એવી શ્રદ્ધા રહેલી છે. અમે અહીં જે કામ કરવા ઈચ્છીએ છીએ તેનું ઝાંખું દર્શન આપું છું. બાલવાડીથી સ્નાતક કક્ષા સુધીનું કામ કેવું હોય? સમાજની જવાબદારીઓમાં પાછી પાની ન કરે તેવો વિદ્યાવાન નાગરિક કેમ તૈયાર થાય? તેનું કામ ૧૯૩૮ થી ૧૯૭૮ સુધી કર્યું. હજારો વિદ્યાર્થીઓ તૈયાર કર્યા. એ કામ પ્રમાણમાં સહેલું હતું. અમારે ચાલુ કેળવણીમાં નવો મસાલો ભરવાનો હતો. શિક્ષણમાં અમે ઝોક અને સંદર્ભનો પ્રકાર બદલ્યા પરંતુ એમાં સંપૂર્ણ નવું કશું નહોતું. આ પ્રયોગ નવું જ પ્રયાણ છે.

જે બિલકુલ નથી ભણ્યા કે ઓછું ભણ્યા છે તેમને તેના ધંધામાં અને જીવનમાં બીજું ઘણું જરૂરી હોય તે કેવી રીતે આપવું તે પ્રશ્ન છે. તેને નિશાળમાં ભણવાની નવરાશ નથી. જે ગરીબાઈ અને સંજોગોને કારણે ભણી શક્યા નથી કે ભણી શકે તેમ નથી તેને કેમ ભણાવવા? આનો વિચાર બે પ્રસંગોમાંથી મળ્યો. શિક્ષણ અંગેની એક સમિતિમાં પ્લાનીંગ કમિશનના કેળવણીના વડા ડૉ. અશરફે કહ્યું કે, અમે કોઈ રીતે આખા રાષ્ટ્રને નિશાળમાં ભણાવી શકવાના નથી. પાંચ ચોપડી જેટલું શિક્ષણ પણ આખા રાષ્ટ્રમાં બધાને મળતું નથી. તો આનો રસ્તો શો? ડૉ. લાકડાવાળાએ પણ આવું જ કહેલું. આખા રાષ્ટ્રના કરોડો લોકોને કેવી રીતે ભણાવશું? એનો રસ્તો શોધતાં આ વિચાર આવ્યો.

બીજો પ્રસંગ લોકનાયક જે.પી. સાથે વિચાર-વિમર્શનો છે. ગાંધીજી પછી જે.પી. એ રાષ્ટ્રની કેળવણીમાં મૂળ પરીવર્તન વિશે ઊંડાણથી વિચાર્યું છે. એકવાર તેમણે પૂછ્યું કે, ‘કેળવણીમાં ક્રાંતિ એટલે શું?’ મેં કહ્યું , ‘આ દેશની કેળવણીનો કોયડો એ છે કે કેટલાક સારા ઉત્પાદકો છે પણ ખરાબ નાગરિકો છે. કેટલાક સારા નાગરિકો છે પણ ખરાબ ઉત્પાદકો છે. કેટલાક ખરાબ નાગરિકો અને ખરાબ ઉત્પાદકો છે અને બહુ જ થોડા સારા નાગરિકો અને સારા ઉત્પાદકો છે. આ બંનેનો મેળ મેળવે તે દેશને તારે.’

આપણે સારા નાગરિકો અને સારા ઉત્પાદકો એકીસાથે બનાવે તેવી કેળવણીની જરૂર છે. ગાંધીજીએ કહ્યું કે ‘પ્રૌઢશિક્ષણનું ધ્યેય કુશળ નાગરિકો તૈયાર કરવાનું હોવું જોઈએ.’ તેમણે ‘કુશળ નાગરિકો’ કહ્યું છે. એટલે કે નાગરિકો તો સારા હોય જ પણ સાથે કૌશલ્યવાળા પણ હોય.

આખા રાષ્ટ્રને કેમ ભણાવાય? એના જવાબ માટે આપણે શિક્ષકની પરિભાષા બદલવી જોઈએ. માત્ર ડિગ્રીધારી તે શિક્ષક નહીં, પણ જે માણસ જેમાં આવડત

ધરાવે છે અને જે સજ્જ છે તે તે વિષયનો શિક્ષક. અહીં આ પ્રયોગમાં અમે જ માત્ર નહીં ભણાવીએ. જે કોઈ જે વિષયના જાણકારો હશે તે ભણાવશે. ભલે એ અલ્પશિક્ષિત હોય. સારા ખેડૂતો, સારા ઉદ્યોગપતિઓ, સારી માતાઓને અમે ભણાવવાનું કહીશું. ભલે તેઓ ડિગ્રીધારી નહીં હોય. આજે તો શિક્ષક નિશાળની આડે હાથ ઊંચા કરીને ઊભો છે. તે સમાજને નિશાળમાં આવવા દેતો નથી. તેમાં સમાજ અને શિક્ષણનો મેળ કેમ મળે? દેશમાં ગામડાંઓમાં એવી વ્યક્તિઓ અનેક ક્ષેત્રોમાં પડેલી છે-બાળ ઉછેર,ખેતી, ઉદ્યોગ બધામાં. નાનજી કાળિદાસ સફળ ઉદ્યોગપતિ થઈ ગયા પણ તે ડિગ્રીધારી નહોતા.

મેં ડેન્માર્કમાં આ જોયું હતું. ડેન્માર્કમાં પ્રૌઢશિક્ષણ ખૂબ સફળ થયું છે. ત્યાં યોજના એવી છે કે રાષ્ટ્રને માટે જરૂરી વિષયો ભણાવવાના છે. જેની જેમાં આવડત હોય તે વિષય ભણાવશે અને સરકાર તેને મહેનતાણું આપશે. આવડત હોય તે ભણાવે માત્ર ડિગ્રીધારી નહીં.

ધનને ફોળી નાખવાનું સમાજવાદીઓ કહે છે પણ ડેન્માર્કમાં જ્ઞાનને પણ લોક દ્વારા લોકસમાજમાં ફોળવાનું પ્રૌઢશિક્ષણ કરે છે. આપણે ત્યાં પણ ગામડાનાં કોઈ ડોશીમા પાસે જડીબુટ્ટી છે પણ તેની પાસે એ જાણવા કોઈ જતું નથી. ગળું પડવું, પેચુટી, આંખો આવવી. ઘણું જ્ઞાન ડોશીમા પાસે હશે? તે તેની સાથે મરી ન જવું જોઈએ. આખા રાષ્ટ્રને નિશાળમાં નહીં લઈ જવાય તેથી અનુભવીઓ પાસે વિદ્યાર્થીઓને લઈ જવા જોઈએ. સફળ લુહાર, ખેડૂત,વેપારી, માતા, કારીગર, ઉદ્યોગપતિને અમે અહીં બોલાવશું. સમાજના દરેક અંગોમાં આવા માણસો છે તેનો લાભ લઈશું. આમ શિક્ષકની વ્યાખ્યા બદલવી પડશે.

આપણી આજની સ્થિતિમાં માણસ લાંબાગાળા માટે ભણવાનો વખત ન કાઢી શકે તેથી ટૂંકી અવધિનાં વર્ગો જ રાખવા પડશે. એ થોડા દિવસોના કાર્યક્રમોમાં શું ભણાવવું? કેવી રીતે ભણાવવું? તેનો ખ્યાલ આવશે આથી અગ્રીમતાનો પાયો જડી આવશે.

ત્રીજી વાત આ વર્ગોમાં કેવળ ઉદ્યોગ નહીં કરાવીએ. અડધો સમય ઉદ્યોગ અને અડધો સમય નાગરિકતાની કેળવણી. નાગરિકતા વિનાનો ઉદ્યોગ નકામો છે. ઉદ્યોગ દ્વારા શિક્ષણ નહીં, ઉદ્યોગ સાથે શિક્ષણ. એકલા ઉદ્યોગથી ઉદ્ધાર ન થાય. ૧૫મી ૧૬ મી સદીમાં હિન્દુસ્તાન કલાકારીગરી અને સમૃદ્ધિમાં આગળ હતું. આપણે પૈસાદાર હતા. છતાં હાર્યા અને અંગ્રેજો ફાવ્યા. કારણ કે સામાજિક રીતે અંગ્રેજો ચડિયાતા હતા. આપણામાં નાગરિકતા નથી. આજે પણ જૂજ નાગરિકો છે બાકીના માત્ર મત આપનારા છે.

આજનું આપણું મોટામાં મોટું કામ અનુભવ-અનુબંધિત જીવનનું તત્ત્વજ્ઞાન ઊભું કરવાનું છે. નવું વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન આવ્યું છે એને સમજવું પડશે. એક નવું અખંડ જીવનદર્શન ઊભું કરવું પડશે. કાળે કાળે નવા જ્ઞાન-વિજ્ઞાન શોધાતાં જાય તેમ કરવું પડશે જ. જુના ખુલાસા નકામા થાય એટલે લોકોની શ્રદ્ધા તૂટે મનની અવસ્થા-ગૂંચવાડો થાય કારણકે બૌદ્ધિક આધાર વિના માણસ ઊભો રહી શકતો નથી. નવા ઓજારો અખંડ સહેતુક જીવનદર્શન આપનારા ઊભા કરવા પડશે નહીંતર આ ગ્રામસમાજ એકે મેળનો નહીં રહે. પ્રૌઢ નાગરિકોના શિક્ષણ માટેની આ કેન્દ્રસ્થ સમસ્યા છે. દસ વર્ષે પણ અમે આની કોઈ કેડી પાડી શકીએ તો પણ ઘણું થયું માનીશ.

તમે સૌ અમારા નવા પ્રયોગને આશીર્વાદ આપો. દસ વર્ષ પછી તમે અહીં આવો ત્યારે અહીં સામે બેસીને જે લોકો શ્રદ્ધાથી સાંભળે છે તે મારું બોલેલું સમજે. ભલે હું તે જોવા ન હોઉં ,બીજા કોઈ તો હશે જ.

આજે આ સમારંભના પ્રમુખસ્થાને યાજ્ઞિકસાહેબ હોય તેવી મારી ઈચ્છા હતી પણ કેટલાક અનિવાર્ય સંજોગોને કારણે તેઓ નથી આવી શક્યા. તેમને યાદ કરીને મારું કહેવાનું પૂરું કરું છું.

## ૦૩ મંગલ પ્રવચન

**બાબુભાઈ જ. પટેલ**

(લોકવિદ્યાલય-માઈધારના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉદ્‌ઘાટકશ્રી - તત્કાલિન મુખ્યમંત્રીશ્રી બાબુભાઈ પટેલે પાઠવેલ શુભેચ્છા - તા. ૨૧/૪/૧૯૭૯)

ભાઈશ્રી વિઠ્ઠલભાઈ, મનુભાઈ, લલ્લુભાઈ, નરોત્તમભાઈ પટેલ, જયાબહેન, પ્રસન્નવદનભાઈ, અન્ય મિત્રો અને ભાઈઓ તથા બહેનો. ભાઈ મનુભાઈએ કહ્યું કે મેં કોઈ નકશો દોર્યો નથી, પણ તેમણે ક્યાં પહોંચવું છે તેનો વિચાર કર્યો છે. તેઓ જ નહીં, પછીથી આવનારાનું ચિત્ર પણ તેમણે દોર્યું છે. ખરેખર આકર્ષક ચિત્ર છે.

હિન્દુસ્તાનમાં આજે જેની જરૂર છે તે પ્રકારનો પુરુષાર્થ કરવાનું તેમણે ૬૫ વર્ષની નવજુવાનીમાં આદર્યું છે. કારણ કે જીવ શિક્ષણનો છે. સરકારી ધોરણ મુજબ તો તેઓ અભણ છે. કારણ કે સિક્કો વાગ્યો નથી. છતાં જિંદગીભર કોઈએ શિક્ષણ કર્યું હોય તેથી વધારે તેમણે કર્યું છે. મનુભાઈ જીવનની પાઠશાળામાં ઘડાયા, અનેકને શિક્ષકો બનાવ્યા, અનેકને આંખો આપી છે. આંબલા અને લોકભારતીમાં ખૂબ વિદ્યાર્થીઓને કેળવણી આપી છે. ગુજરાતી સાહિત્યમાં પણ તેમણે અમર વારસો મૂક્યો છે. એ છે અભણ, આ એમનો વારસો છે !

આજનું આપણું ધોરણ અને જે હોવું જોઈએ તે ધોરણ વચ્ચે મોટું અંતર છે. દક્ષિણામૂર્તિ, ગ્રામદક્ષિણામૂર્તિ, પછી આગળ વધીને લોકભારતી એમ તેઓ પ્રયોગ કરતા જ રહ્યા. મનુભાઈ પ્રયોગવીર છે. આજ પર્યંત કાંઈ ને કાંઈ નવું કરતા રહ્યા છે. ક્યાંય અટકી ન જવું, બંધાય ન જવું, આગળ જવા જેવું લાગ્યું તો આગળ ગયા, નવું ઊભું કર્યું. ગામડામાં જવું જોઈએ તેમ લાગ્યું તો નાનાભાઈ સાથે ગ્રામદક્ષિણામૂર્તિમાં ગયા. ત્યાં કામ કરતાં જોયું કે, ઉચ્ચશિક્ષણ પલટો માંગે છે તો તેનો પ્રયોગ કર્યો. પછી જોયું કે સમાજનો ઘણો મોટો ભાગ શિક્ષણથી અસ્પૃશ્ય રહી ગયો છે અને એના સુધી શિક્ષણ ન પહોંચે તો નવા માનવીનું ઘડતર કેવી રીતે થશે? શિક્ષણમાંથી કેળવણીની પ્રક્રિયા કેમ આરંભ થઈ શકે? એ ઝંખનામાંથી માતૃધારાનો જન્મ થયો. જીવનભર જેમને દૃષ્ટિ નહોતી એવા પ્રજ્ઞાચક્ષુ પુરુષ, જેણે હિન્દુસ્તાનની સંસ્કૃતિનું દર્શન કર્યું છે. જેમનું નામ ભારતમાં આદરથી લેવાય એવા પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીનું નામ આ વિદ્યાલય સાથે જોડાય છે. જેમને દર્શન નથી તેમના જ્ઞાનચક્ષુ ખોલવાનો પ્રયત્ન અહીં થવાનો છે અને માત્ર થોડા વિદ્યાર્થીઓના જ્ઞાનચક્ષુ નહીં આખા લોકસમુદાયના જ્ઞાનચક્ષુ ખોલવાનું કામ અહીં થવાનું છે. એ ખોલવાનું સાધન એકલું પુસ્તક નહીં હોય, તેમ તેમાં પુસ્તક નહીં હોય તેવું પણ નહીં હોય. પુસ્તક ખરું જ સાથે જ્ઞાનનાં બીજાં સાધનો પણ ખરાં. એમાં એન્જિન રીપેર કરવાનું આવે, મોટર રીપેર કરવાનું આવે, રેડિયો પણ આવે, લાઈટનું રિપેરિંગ કે પાણીના નળ કનેકશનનું ફિટિંગ પણ આવે. એ બધાનો ઉપયોગ થશે.

દુનિયામાં શિક્ષણના અનેક નવા પ્રયોગો થયા છે તે અહીં આવશે. એમાં ખેતી આવે, ગોપાલન આવે, નવી ઓલાદ સુધારણા આવે, રોગ અને રોગ મુક્તિ આવે, ઢોર માટેનો સમતલ ખોરાક, ધરતીની ભૂખ, ફળદ્રુપ માટી, પાણીના ઓછા ઉપયોગથી વધુ પેદા થાય તે અનાજ,

ધરતીને અનુકૂળ પાકો વગેરે પણ આવે. તેમાં સમાજને સદ્‌માર્ગે વાળતી પ્રવૃત્તિઓ પણ આવશે. સરકારી,સહકારી પ્રવૃત્તિઓ, ગ્રામ પંચાયત, જિલ્લા પંચાયત, રાજ્ય સંચાલન, એમાં કેમ ભાગ લેવો? એવી જીવનને સંબંધિત બધી પ્રવૃત્તિઓ અને વાતો તેમાં આવી શકે છે. એ આપવા માટે બંધન કશું નહીં. જેનામાં જે હોય તે આપે. જેનામાં ભૂખ હોય તે આવે. તાલીમ માટે આવે તે પણ બંધાઈ ન રહે. અઠવાડિયું, મહિનો, બે મહિના, છ મહિના કે વરસ-જેટલી જરૂર હોય તેટલું તાલીમાર્થી અહીં રહે. પકડાય તેટલું પકડી લે. એને ડિગ્રી ન મળે, જરૂરી જ્ઞાન-આવડત મળે. સાથે પોતાની પાસે જે હોય તે આપતો પણ જાય. પોતાનું પણ સારું મૂકતો જાય. તે વળી બીજાને મળશે. આ રીતે એકમેકની સાથે આપલે થાય. સદ્‌ સાથે આચરણનો સેતુ રચાય જાય. એવું કામ મનુભાઈએ અહીં શરૂ કર્યું છે.

હિન્દુસ્તાન માટે આ નવી દિશા છે. મનુભાઈ એ કહ્યું તેમ ડેન્માર્કમાં લોકશાળાઓ કેમ કામ કરે છે? સમાજમાં તેની કેવી અસર છે? તે તેમણે જોયું છે અને ત્યાં જોયું તે અહીં ઉતારવું છે. જગતમાં જયાં કંઈ ઉત્તમ હોય એને આપણી ભૂમિ ઉપર રોપવાનો આ પ્રયોગ-એની એમને ઝંખના છે. એમને સદ્‌ભાગ્યે દ્રષ્ટિવાળા, નિષ્ઠાવાળા, આસ્થાવાળા કાર્યકરો મળ્યા છે. એમના સાથ-સહકારથી ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીમાં તેઓ સફળ થયા છે. એવી રીતે એમના સાથ-સહકારથી અહીં પણ સફળ થવાના છે. સ્નાતકોતો બધે હોય છે પણ સણોસરાના સ્નાતકોની મોટી માંગ છે. એમણે એવું કામ કર્યું છે કે જેમને જેમને તાલીમ મળે તે માણસો પગ પર ઊભા રહી શકે,આત્મવિશ્વાસ રાખી શકે,ગમે તેવા મુશ્કેલ પ્રશ્નો આવે તો પણ પાર પાડી શકે છે. એ જાતના માણસોનું સર્જન આજ સુધી તેમણે કર્યું છે અને અહીં પણ કરશે.

આ પ્રયોગ પણ સફળ થશે જ. એની અસરો દૂરગામી પડશે. આ પ્રયોગની અંદર એકી સાથે અનેક પ્રકારના લોકોને તાલીમ આપવાનો અવકાશ છે. આ શિક્ષણનો રોજબરોજનો જીવન સાથે અનુબંધ છે. કેળવણીના કેન્દ્રમાં જીવન હોય છે જે અહીં આ વિચારમાં છે. તેવી તાલીમની આવશ્યકતા આખા દેશને છે. એટલે એક જગ્યાએ પ્રયોગ સફળ થાય તો બીજે પણ સફળ થાય. એનું પરિણામ એ આવે કે દેશમાંથી બેરોજગારી જાય. ઉત્પાદન વધે, સાધનો ઓછાં હોય તો પણ એનો સફળ ઉપયોગ થાય, સાથે નાગરિકતાની ભાવના વિકસે, ભારત મારો દેશ છે તેવી ભાવના વિકસે. રવિશંકર મહારાજે સંદેશામાં કહ્યું છે તેમ, 'સમાજ પાસેથી લઉં તેથી વધારે મારે પાછું આપવું છે.' એ ભાવનાનું ઘડતર થાય.

હિન્દુસ્તાનના પ્રશ્નો ઉકેલવા માટે દષ્ટિ વિલાયતી હોય તે કામ નહીં લાગે, આમાં આડખીલીરૂપ આપણી દષ્ટિ અને પ્રવૃત્તિ છે. જો આપણે દષ્ટિ અને વૃત્તિ શુદ્ધ થઈ જાય તો એ આડખીલી હટી જાય. તો આ જ સાધનોથી ઘણું મોટું કામ થઈ શકે. સમાજના અનેક પ્રશ્નો વધારે વેગથી અને સરળતાથી ઉકલી શકે. તે ઉકેલવાનો આ પુરુષાર્થ છે. તે આદરવા માટે મનુભાઈને અને તેમના સાથીદારોને મારાં અભિનંદન છે.

ગ્રામદક્ષિણામૂર્તિ કે લોકભારતી પરિવારમાં નથી એવા અનેક લોકો આ પ્રયોગ પર દ્રષ્ટિ માંડીને બેઠા છે. તેમને લાગે છે કે આ લોકો ઉત્તર આપી રહ્યા છે. તેમનું સમર્થન કરવું જોઈએ. એથી નરોત્તમભાઈ, વિઠ્ઠલભાઈ, લલ્લુભાઈ સૌનું સમર્થન મળે છે. કારણ કે સૌને લાગે છે કે હિન્દુસ્તાનના પ્રશ્નોનો ઉત્તર આપવાનો અહીં પ્રયાસ થઈ રહ્યો છે. એટલા માટે મને શ્રદ્ધા છે કે આ પ્રયોગ પાછળ અનેક લોકોની શુભેચ્છાનું બળ મળતું રહેશે ને મનુભાઈનું ચિત્ પ્રસન્ન થાય એવાં પરિણામો આવશે. આપણે સૌ તેમને શુભેચ્છા પ્રગટ કરીએ.

## ૦૪ ઘણી ખમ્મા ઘરદીવડીને...

**સુધા ભટ્ટ**

---

અંદરના રૂમમાંથી ટહુકો સંભળાય.. કૂ.. ઉ.. ક..

"જેશી કૃષ્ણ માશી.." મીઠડી મીઠું મીઠું વદે .

"જય શ્રીકૃષ્ણ બેટા... કેમ છો તું ?"

"હું તો એકદમ મઝામાં... તમે બધાં કેમ છો? ભાઈ, ભાભી, માનિત... કાકા ! મારે એક વાત પૂછવી છે..?"

"બોલને બેટા..." અને વાતનો દોર શરૂ થાય, વિવિધરંગી વાતો જામે.

આ દશ્ય છે અમદાવાદના શિવરંજની વિસ્તારમાં આવેલ વીમાનગર સોસાયટીના 'મંદાર' નામના ઘરનું. અમે-ચિંતન અને સુધા - નિશિગંધાનાં કાકા-માશી. મોટા ભાગે સોમવારે મળવાનું ગોઠવાય અને નિશુને હંમેશ રાહ હોય સોમવારી સાંજની. સંવાદ આગળ વધે ત્યાં નિશી વળી ટહુકે. "માશી,આજે સોમવાર... કયો સૂપ બનાવ્યો?" દર સોમવારે નિશુ સાથે મિલન ! શક્ય ન હોય તો ફોનથી વાત કરીએ.! આમ તો સોમવારે પ્રવાહી વારો - એટલે કે સૂપ વારો ! સૂપ અમારો મુખ્ય નાયક. સૂપની સામગ્રી અંગે વિદ્વત ચર્ચા થાય. વળી સૂપની સહાયક નાયિકા દૂધી. કાકા-ભત્રીજીને દૂધી ભાવે ને માશીના નાકનું ટીચકું ચડે તે જોઈ નિશિ જે હસે... જે હસે... રસોઈકળાનું પદ્ધતિસરનું પ્રસારણ થતું હોય. અમે સૌ ગંભીર થઈ જઈને એની પદ્ધતિ અંગે ધારણા-વિચારણા કરીએ અને પછી બેનબાને 'ઉવાચ'વાનું મન થાય. "આ તો રીત કહી દો ને મને... હું મહારાજને કહીને સૂપ બનાવડાવીશ."

હંમેશ "કેમ છે તને" ના ઉત્તરમાં "મઝામાં જ હોઉંને!" મારાં કાકા-માશી આવ્યા છે તે ! અને એ દીકરીની આ તાજગી જોઈ મુ. ભરતભાઈ અને મુ. પ્રફુલ્લાબહેનના ચહેરા પણ ખીલી ઉઠે. વાતમાં ને વાતમાં વ્હાલી દીકરી કહેય ખરી કે "એક વાત કહું ? મને પથારીમાં ગમે તો નહિ જ; પણ તમારી સાથે સાહિત્ય, સંગીત અને કળાની રસીલી વાતોમાં હું બધું જ ભૂલી જાઉં." આવા શબ્દો હવે ભણકારા થઈ ગયા... પણ ભર્યા... ભર્યા... ! એ દૂરથી નહિ; અમારા હૃદયમાંથી જ પડઘાય છે. આવા તો અનેક વાર્તાલાપો, ગીતો અને અંતાક્ષરીનો દોર સીધો જ આ માધ્યમ પર અંકાઈ જાય. સાત ખોટની અમારી લાડકી નિશલી ! કોરોનાના બે વર્ષને પચાવી ગયેલી. એ દરમ્યાન અમે સૌ ફોનને જ લાડ કરીને તેમાંથી પાંસરું પ્રસારણ કરતાં. આખે આખી જિંદગીને એ જીવી ગયેલી. સ્વયમ્ ચિત્રો દોરતી,

નૂતન વિચારતી, બોલતી, લખવાનું મન થતું, મનોમન નાચતી-ઝૂમતી નિશિગંધા અમારા મનઃપ્રદેશમાં અમને નરી આંખે દેખાતી. અમે પ્રથમવાર એને પથારીમાં જ જોઈ... તે છેક છેવટ સુધી પણ એક પણ મુલાકાત - પ્રત્યક્ષ કે પરોક્ષ એવી ન્હોતી કે જ્યારે એ રોઈ હોય, ફરિયાદ કરતી હોય, ગુસ્સે થતી હોય, નિરાશ થઈ ગઈ હોય કે પરવશતા અનુભવતી હોય કે પછી અકળાઈ કેમ ન જતી હોય ! ખાવા - પીવાના ય નખરા નહિ. હા, મા, રુચિ, શૈલુ બધાં જ એનું મનગમતું બનાવીને ખવરાવતાં. ક્વચિત્ એ લાભ અમનેય મળતો-દીકરીને કોળિયા ભરાવવાનો.

"સ્થિતપ્રજ્ઞશુ કા ભાષા" ગીતાનો સંદેશ.

"સુખે-દુઃખે સમેકૃત્વા : લાભ લાભૌ જયાજયૌ"

એ સુપેરે વાસ્તવમાં જીવી બતાવ્યો. આ શ્લોકનું હાર્દ જ એ ગળી ગઈ. સદાય મસ્ત, ખુશ ! વાતોમાં, બોલવામાં, ગાવામાં, ઉચ્ચારશુદ્ધિ અને સ્વસ્થતા-"ફન્ડા ક્લિયર" તો ભલભલા વિદ્યાર્થીઓમાં નહિ હોય... જે નિશિમાં હતો.

એ ભાવિને ભાળી ગયેલો આત્મા હતો ! તે સદાય સંતુષ્ટ જ રહેતી. કોઈએ શીખ દીધી ન્હોતી-પણ એ ભગવાનનું માણસ હતી. અંગત પરિવાર અને બૃહદ્ પરિવાર સાથે અતિ સંતુષ્ટ ! ભલભલા ઉંમરવાન-અનુભવી સમજી શકતા નથી તે આ દીકરી જાણતી, સમજતી અને સ્વીકારતી જાગ્રત... સતત ધ્યાનનિષ્ઠ. ફિલ્મ હોય કે એનાં ગીતો- કાકા સાથે એની વાતો વહેંચતી - એ ગમતાંનો ગુલાલ કરતી અને "ડાઉટ ક્લિયર" કરી લેવાની વૃત્તિ તેમજ સૂરમાં ગાવાની તાકાત તો એની જ ! અંતાક્ષરીમાં અણનમ ! વાત, વાર્તા, ગીત, ટૂચકા, અનુભવો, સણોસરાના સોબતીઓની સ્મૃતિ સાબૂત ! હા, આ ગુણલાં તો દાદાજી નાનાભાઈ ભટ્ટ અને પિતાજી ભરતભાઈનાં સ્તો ! આછા આછા મીઠાં સ્મિતવાળા, નાજુકાઈથી દીકરીને સાચવનારા, ઘર-બહારની જવાબદારીને પૂર્ણપણે હળવાશથી નિભાવતા ભરતભાઈનાં પ્રત્યેક શબ્દ અને પગલાંને નિશુ સમજતી અને પ્રફુલ્લાબહેનને "મા... આ..." કહી લહેકે બરકે ત્યાં તો સાક્ષાત્ અંબેમા જાણે પ્રગટ થઈ જાય ! એમને પોતાને નિજી જીવન, રોજિંદી ક્રિયાઓ, ખાવું-પીવું, બધું જ ગૌણ! મુખ્ય મુદ્દો "મારી નિશુ... મારી નિશુ..." એને નિત નવું નવું ખવડાવવું - એને પચે એવું - એને મોઢે લાગે એવું - એ જ ફિરાકમાં બસ ! જીવન એટલે નિશિની સેવા - એની ખુશી એ જ ધ્યેય. એથી વધીને કાંઈ જ નહિ.

નિશિના ઓરડામાં ઝાંખી લાઈટ રહેતી - એ સ્વયમ્ ઝળાંહળાં હતી. એને બહારના પ્રકાશની શું તમા હોય ? પ્રકાશદાદા થોમસ આલ્વા એડિસન પ્રેરિત બલ્બ એની અંદર જ ઝગમગતો હતો. તે સ્વયમ્ પ્રકાશિત હતી. એની વાતોય કોઈ જ્ઞાનીથી કમ નહિ. ભલભલાને ભૂ પાય એવી એની સ્મરણશક્તિ. ઝીણી ઝીણી બાબતોનું ઝીણું-લીસ્સું પોત પોતે વણે - મહીં, ગીતડાં અને મુખડાંનાં બુટ્ટા થકી તાણા-વાણા વણે. એનો માંહ્યલો સુવાસિત હતો. અને કુદરતી તત્ત્વો ? - વૃક્ષ, વનરાજી, કળી, પુષ્પ, ફળ, પર્વતો, નદી-નાળાં, ઝરણાં, સાગરની વાતો કરતી. કલકલતી પોતે ય રાજી જ રાજી ! હાજી ! ધારે ત્યાં ગમે ત્યારે લટાર મારી આવતી- વિચારો, સ્વપ્નોમાંય રાજી જ રાજી ! બાગમાં તો ફૂલ સદા હસે, વિલાય - પણ પથારીમાં પડ્યું પડ્યું એક માનવ ફૂલ ચોવીસ કલાક વિલસતું રહે એ કેવું ? !

ભલભલા યોગીઓને ધોબી પછાડ ખવડાવે એવી હકારાત્મક દૃષ્ટિ અને સૃષ્ટિમાં રાચતી નિશિને જે સમ્યકદૃષ્ટિ અને તટસ્થતા પ્રાપ્ત થઈ હતી એવી ભાગ્યે જ કોઈને થઈ હશે. આવી વિચારશીલ પુત્રી સદાય હસતાં રહેતાં ફૂલડાં સમી હતી. વર્ષોમાં નહિ; વિચારોમાં જીવી ગયેલી આ સદ્ધર દીકરીએ એની ધીરજ, એની સહનશીલતાના ગુણોથી કુળને અજવાળ્યું. હા, ઓરડો ઘર પથારી ખાલી કરી ગઈ પણ સૌનાં દિલડામાં કાયમી સ્થાન મેળવી લઈને એ જગ જીતી ગઈ. એ જીવી ગઈ. સકારાત્મક રહેવાના માત્ર સંદેશાને નહિ; વિચાર પ્રક્રિયાને સમગ્ર માનવજાતને માટે એક વારસા તરીકે- મૂડી તરીકે મૂકીને અલૌકિક સ્થળે ગમન કરી ગઈ. ધન્ય છે એના માતા-પિતાને, દાદા-દાદીને, નાના- નાનીને અને સૌ વડીલોને.

આ મા-દીકરીની જોડ, અમારી જોડે રહી,
અમારી જોડને ન્યાલ કરી દીધી !!
ઘણી ખમ્મા દીકરી નિશિગંધાને !!

મો. ૯૮૨૫૬૦૦૫૬૪

(લેખ વિશેઃ દીકરી-નિશિગંધા એટલે લોકભારતીના પૂર્વ કાર્યકર શ્રી ભરતભાઈ નાનાભાઈ ભટ્ટ તેમજ પ્રફુલ્લાબહેનની સૌથી નાની પુત્રી વિશેનો છે. નિશિગંધા ૧૬ વર્ષની ઉંમરે-૧૯૯૭માં Multiple sclerosis નામના અસાધ્ય રોગનો ભોગ બની હતી. ૨૮ વર્ષ પથારીવશ રહી, તા. ૨૪/૭/૨૪ના રોજ પરમાત્માને પ્યારી થઈ ગઈ.)

## ૦૫ 'મારી પાસે ત્રણ ખૂણા છે.'- મોરારિબાપુ

**ડો. દિનુ ચુડાસમા**

---

બહુરત્ના વસુંધરા એ સત્યરૂપ દર્શનનો સહજ સ્વીકાર કરી લઈએ તો દરેક સમયે ધરતી ઉપર ઊર્જામય લોકો પોતાના જીવનકાર્યથી યજ્ઞકર્મ કરતા હોય છે. કોઈપણ સમયે આપણી આસપાસ 'ભજન'ને આત્મસાત્ કરી જીવતો સાધુજન મળી રહેતો હોય છે. આપણે પણ આપણી પાત્રતા કેળવીએ તો એવા સહજ સાધુને ઓળખવા કઠિન નથી, એવા રૂખડ- સાધુને સેવતા રહીએ તો એમની આંતરિક સમુદ્ધિની અનુભૂતિ થાય જ. એવા એક સહજ, શુદ્ધ સાધુ એટલે મોરારિબાપુ. ૮૧ વર્ષના બાપુએ ગત ૬૭ વર્ષમાં ૯૫૯ રામકથા વ્યાસપીઠથી અનુષ્ઠાનમય બની અભિવ્યકત કરી છે. પ્રત્યેક કથા માનવતાના જતન-અર્ચન માટે ગાવામાં આવી છે. આ પ્રવાહી પરંપરા હજુ વહે છે...

સાધુજન કેવો હોય? સહજ, વિવેકી સાધકજીવ કેવો હોય? ઓલિયો-ફિકરની ફાકી કરી ફરતો ફકીર કેવો હોય? કલ્યાણયાત્રી કેવો હોય? નિરાભિમાની, સહુનો સ્વીકાર કરી જીવતો ઈન્સાન કેવો? તો આ બધાં જ સવાલના જવાબમાં એક સાધુનામ મોરારિબાપુ મને અનુભવમાં આવે છે. ખૂબ સમીપથી તમે બાપુની જીવનધારાને નિરખતા રહો તો જણાય કે વાત ખરી છે. તોયે કોઈને આ બાબતે અસહમત થવાની છૂટ છે. બાપુને ત્યાં સૌનો સ્વીકાર છે.

બાપુના શ્રીમુખેથી વહેતી સરવાણીનું એકચિત્તે,નિમગ્ન બની જઈ, રસપાન કરીએ તો કેટલાંક નિષ્કર્ષ ઉપર આવી શકાય છે. બાપુ ત્રણને લઈને ખૂબ અશ્રુમય બની જતા હોય છે. એ કેટલાક ત્રિ-સત્યોને,ત્રણના અંકને બાપુ ભાવથી કથામાં પ્રગટ કરતા હોય છે. મોરારિબાપુને જીવનમાં પણ ગુરુ-ત્રિભુવનદાદાએ ત્રણ ચૈતન્ય જણસ આપી હતીઃ

(૧) **પોથી** (૨) **પાઘડી** અને (૩) **પાદૂકા**

આ અનમોલ વિરાસતને મોરારિબાપુ હૃદયથી સેવીને જીવે જાય છે. બાપુએ કહ્યું છેઃ

**'હું શિષ્ય છું એક તલગાજરડાની પાઘડીનો. મારા કોઈ શિષ્ય નથી. મારા લાખો શ્રોતાઓ છે.'**

'પોથી' એ બાપુનો પ્રાણ અને 'પાદૂકા' એમનો આત્મા છે. તલગાજરડી 'પાઘડી'ની વિવેકી વિરાસત સત્ય, પ્રેમ, કરુણાની ઊર્જાથી ઊર્ધ્વમૂલ બની રહી છે. બાપુને કથામાં પૂછાયેલુંઃ 'બાપુ, તમારા મતે ધર્મ એટલે શું?'

બાપુએ કહેલું, **'ધર્મ એટલે સત્ય; ધર્મ એટલે પ્રેમ; ધર્મ એટલે કરુણા. સત્ય, પ્રેમ અને કરુણા એ ધર્મનાં સારસૂત્ર છે. હરિ ઓળખી શકાય છે ધર્મથી અને એ ધર્મનું નામ છેઃ સત્ય, પ્રેમ, કરુણા. મારો ધર્મ છે, સત્ય, પ્રેમ, કરુણા. દુનિયાનો કોઈ ધર્મ એની ના નહીં પાડી શકે. માટે ધર્મને વિવેકપૂર્વક જાળવવો અને કર્મને કરુણાપૂર્વક કરવું.'**

બાપુ, સત્ય, પ્રેમ, કરુણાને સેવતા સૃષ્ટિમાં સંવેદનાનું ઝરણું વહાવી રહેલ છે. સત્ય,પ્રેમ,કરુણાના મારગને આત્મસાત કરીને બાપુ ધર્મને જીવે છે. બાપુ વ્યાસપીઠથી પ્રશ્નોના ઉત્તર આપે તેમાં પણ ત્રણની મહત્તા જોવા મળે છે. જેમ કે, એક પારેવું પ્રશ્ન પૂછે છેઃ

'બાપુ, **રામદર્શનનો મતલબ શું છે?'**

બાપુઃ **'રામદર્શનનો મતલબ છે સત્યદર્શન, પ્રેમદર્શન અને કરુણાદર્શન. રસના ત્રણ કેન્દ્રો છે : સત્ય, પ્રેમ અને કરુણા. પ્રેમ આધ્યાત્મિક છે. કથા પ્રેમનો સંદેશ છે. સત્ય મારા માટે, પ્રેમ તમારા માટે અને કરુણા બધા માટે.'સત્ય હિમાલય છે. પ્રેમ એમાંથી વહેતી ગંગા છે. અને કરુણા સાગર છે. સત્ય, પ્રેમ અને કરુણા ત્રણે પરસ્પર જોડાયેલ છે. સત્યથી જીવો, પ્રેમથી જુઓ અને કરુણા રેલવીને જાઓ.'**

બાપુને કઈ ત્રણ જગ્યાએ પરમ વિશ્રામ મળે છે. એ વિશે એક ફલાવરે કથામાં પ્રશ્ન પૂછેલોઃ **'બાપુ, તમને વિશ્રામ કયાં સ્થળે મળે છે?'**

બાપુનો જવાબ સાંભળોઃ **'મને ત્રણ સ્થળોએ પરમ વિશ્રામ મળે છે. એ ત્રણેયને તમે મારા પ્રવાસ સ્થળ કહી શકો, એક તો કૈલાસ માનસરોવર. આ પરમ સ્થળે મને દિવ્યાનુભૂતિનો વિશ્રામ મળ્યો છે. બીજું, મારું તલગાજરડાનું ઘર હું તલગાજરડામાં હોઉં છું ત્યારે પરમ વિશ્રામ પામું છું. અને ત્રીજું સ્થળ છે, મારી કથા હોય તે સ્થળની વ્યાસગાદી. વ્યાસગાદી પર હોઉં ત્યારે હું પરમ વિશ્રામ પામતો હોઉં છું.'**

જે રીતે ત્રણ સ્થાન બાપુને પરમાનંદ આપે છે. એ રીતે બાપુ કહે છે મારી પાસે ત્રણ ખૂણા છેઃ

૧) **એક તલગાજરડાનાં રામજીમંદિરનો ખૂણો**

૨) **બીજો મારી વ્યાસપીઠનો ખૂણો**

૩) **અને ત્રીજો મારી આંખનો ખૂણો**

મને કહેવા દો બાપુના આ ત્રણે ખૂણાઓ આસ્થા,અશ્રુથી-પરિપ્લાવિત છે. બાપુને વૃક્ષમાં વડલો ખૂબ વહાલો છે. એવા ત્રણ વડ જે બાપુ સાથે એકરૂપ છે, એના શુભનામ પણ બાપુએ જ રાખ્યા છેઃ

૧) **ધ્યાનવડ- સેંજળધામ :**

ધ્યાનસ્વામીની જગ્યા સેંજળધામમાં ધ્યાનવડ છે. ધ્યાન સ્વામી બાપાની ચેતનસમાધિ- સેંજળધામમાં શ્વસે છે. મૂળે તો ચલતા સાધુ હરિબ્યાસી ભારત પરિક્રમામાં કરતાં તુલસીશ્યામ થોડોક સમય રહી સાવરકુંડલાના ગામ-સેંજળ આવીને, ત્યાં એક ટીંબા ઉપર ઘૂણો પેટાવી,ધ્યાનસ્થ થાય છે. બાપુનું આ આસ્થા-ધામ છે. ત્યાંથી બાપુની પ્રથમ પેઢીના સાધુજન જીવણબાપા આશીર્વાદ પામે છે. જીવણબાપાની ચોથી પેઢીએ રઘુરામબાપા, પાંચમી પેઢીએ ત્રિભુવનદાદા એ પછી પ્રભુદાસ હરિયાણી અને સાતમી પેઢીએ મોરારિબાપુ આપણાને પ્રાપ્ત થાય છે.એક સાધુની સાધુતા-ઔરા-ચેતના સેંજળધામમાં જતા જ અનુભૂતિ થાય છે. એ ભાવાવરણમાં ધ્યાનવડ પનપ્યો છે. એની સાક્ષીએ કેટલીયે દેહાણ જગ્યાઓને એવોર્ડ આપી પોંખવામાં આવી છે. ધ્યાનવડના શીતળ છાયે આંખ બંધ કરી બેસતા પરમ શાંતિ અનુભવાય છે. કોઈ માલમી, જોગી જો બેસે તો સીધો સમાધિમાં ઉતરે એવી અપૂર્વ આ વડલાની ચેતના છે.

૨) **ત્રિભુવન વડઃ**

તલગાજરડામાં આવેલ બાપુનું ઘર-'કૈલાસ' એના પરિસરમાં ત્રિભુવન વડ શિતળ છાયો આપે છે. બાપુ પોતાના ઘરે હોય ત્યારે આ ત્રિભુવન વડ નીચે હિંચકો રાખેલ છે તેમાં બેસી પ્રસન્નાની અનુભૂતિ કરે છે. ત્રિભુવનદાદા જાણે કે બાપુને જોતા હોય ને આશીર્વાદ આપે તેવું ભાવાવરણ હોય છે. નર્મદામાની સમાધિ અહીં છે.

૩) **સાવિત્રી વડ**

ચિત્રકૂટ ધામ-તલગાજરડા,હનુમાનદાદાની મૂર્તિ અને મોરારિબાપુ હિંચકે બેસે ત્યાં લહેરાતો સાવિત્રી વડ બાપુને માતૃત્વની અનુભૂતિ આપે છે. ચિત્રકૂટ ધામ તલગાજરડામાં પૂ. બાપુ હોય ત્યારે આ વડના નીચે હિંચકે હિંચકતા બધાંને મળતાં હોય છે. જાણે કે બાપુ માટે સાવિત્રી વડની છાયા એટલે સાવિત્રીમાનો ખોળો. આ ખોળે બેસી બાપુ અસીમ સુખ, કૃપા પામતા હરખાતા હોય.

મોરારિબાપુનું ૮૦ વર્ષનું અનુષ્ઠાન,ભજનનું તપ આ ત્રણે વડનું સુફળ છે. આ ત્રણે વડના મૂળ ખૂબ ઊંડા હોવાથી એ રાક્ષસી વાવાઝોડાં સામે કે વિપરિત સંજોગો સામે પણ અડગ છે. આ ત્રણે વડના છાયે બેસી જતા બાપુ પરમશાતા પામે છે. આ ત્રણે વડની નિશ્રામાં બાપુની આંખોમાં સેંજળ ઉમટી આવે છે.

પૂજ્ય મોરારિબાપુ જગતમાં રામચરિત્ર માનસ લઈને પરિક્રમ્મા કરે છે. તલગાજરડી સાધુનો માનવીય અભિગમ, વિવેકપૂર્વકની જીવનશૈલી, અખિલાઈએ બેસીને પણ આ ઓલિયા જીવે પગ ધરતી પર ખોડી રાખ્યા છે, એ તો આજે અનન્ય કહી શકાય. બાપુની જીવનસાધનામાં -સાધુની સાધનશુદ્ધિ બેમિસાલ છે, એની વાત ફરી કરીશું હો...!

મો.૯૯૭૯૧૮૭૫૮૭

## ૦૬ એક જીવંત શિક્ષક બાબુભાઈ અવરાણી

**દીપક અવરાણી**

બધાં મને પૂછે છે કે તમારા કુટુંબમાં કોઈ બિઝનેસમાં નથી છતાં તમે બિઝનેસમાં કેમ ઝંપલાવ્યું ? એ સાહસવૃત્તિ, દૂરદર્શિતા અને મેનેજમેન્ટ કૌશલ કયાંથી આવ્યું ? હું જયારે મારું બાળપણ યાદ કરું છું ત્યારે મને બધુ સ્પષ્ટ થાય છે કે આ બધું મારા પિતાશ્રીમાંથી આવ્યું છે.

મારા દાદા ઉત્તમચંદભાઈ જૂનાગઢ જિલ્લાના બાંટવા ગામમાં ફાર્મસી અને દવાખાનાને લાગતાં બિઝનેસ કરતાં. બાબુભાઈ મોટાભાઈ ઉમેદભાઈને ત્યાં રહી ને ભણતાં. આણંદ એગ્રિકલ્ચર કૉલેજમાંથી બી.એસ.સી. થઈ, પૂ.નાનાભાઈ ભટ્ટના એક પ્રેરણાદાયી પ્રવચનથી ખૂબ પ્રભાવિત બનીને મનોમન નક્કી કર્યું કે કામ કરવું તો આ માણસ સાથે જ ! એટલે સારા પગારની નોકરી છોડીને ઓછા પગારથી ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં કાર્યકર તરીકે જોડાયા અને જીવનપર્યન્ત સંસ્થામાં નિષ્ઠાપૂર્વક એકરૂપ બની કાર્યરત રહ્યાં.

ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા સંસ્થાનું કામ પોતાની સંસ્થા હોય તેટલા ખંતથી કરતા. આંબલાના ડુંગરોમાં નિર્ભયતાથી રખડતાં, રાત્રે બે - ત્રણ વાગે સંસ્થાના બિડની ચોકી કરીને આવતાં (આચાર્ય હોવા છતાં) સ્વિડન અને ઇઝરાયેલ સ્વખર્ચે અને પ્રયત્ને જઈને આવેલા અને તે દેશની શિસ્ત, સમયપાલન અને બધું સારું આપણા દેશમાં વ્યવહારું રીતે કેવી રીતે અપનાવી શકાય તેના પ્રયોગો તેમણે આંબલાના એ સમયના તદ્દન અશિક્ષિત લોકોને સાથે લઈને સફળ રીતે કર્યા. માતૃભાષા માટેના અખૂટ પ્રેમ છતાં વિશ્વભાષા તરીકે દરેકે અંગ્રેજી જાણવું જ જોઈએ તેવું તે દ્રઢપણે માનતા અને એટલે જ તેમના સહકાર્યકરો અને સંસ્થાના સંચાલકોનો સખત વિરોધ હોવા છતાં તેમણે અંગ્રેજી શિખવવાની નવી મેથડ પ્રાયોજીત કરી. જેમાં ABCD.. શિખવવાને બદલે ઉપયોગીતાને આધારે શબ્દો અને વાક્યો જ શીખવવાના. ભાષા બોલવા અને ઉપયોગ કરવાથી જ આવડે આ કારણે બધાંને અંગ્રેજીમાં જ બોલવાનો પણ આગ્રહ રાખતાં. એ જમાનામાં સંસ્થામાં બ્લેકબોર્ડની જગ્યાએ ગ્રીનબોર્ડ લગાવેલા! અત્યારે આઈ.ટી.ના જમાનામાં બધું સરળ લાગે છે. પણ તે જમાનામાં આખ્ખા ગામમાં જયારે માત્ર બાબુભાઈ પાસેજ કાંડા ઘડિયાળ હતું ! અને એ ગામમાં કે જયાં બાબુભાઈ જ માણસના અને ઢોરના ડૉકટર તરીકેની મફત સેવા આપતાં અને એ સમયે,ગામડાં ખૂબ પછાત હતા,બધાં જ વિદ્યાર્થીઓ પણ આસપાસના ગામડાંમાંથી આવે, માબાપ પણ અભણ ત્યાં બાબુભાઈ જીવનપ્રયોગો કરે એ ખૂબ મોટું સાહસ હતું.

તેઓ જે કૃષિ વિજ્ઞાન ભણાવતાં તે લગભગ બધું અંગ્રેજી માધ્યમમાં હતું અને જે ઉચ્ચ યુનિવર્સિટી (આણંદ, જૂનાગઢ) ના પ્રોફેસરો એ ગુજરાતીમાં લખ્યું હતું ને બુનિયાદી લોકશાળાઓને અનુરૂપ નહોતું આથી તેઓ 'કૃષિ વિહાર' લખવા માટે પ્રેરાયાં. તેઓએ વિચાર્યુ કે જે હું ભણાવું છું તેજ જો મારા વિદ્યાર્થીઓને પુસ્તકરૂપે આપી શકાય તો તેનો બહોળો ઉપયોગ થઈ શકે અને જો અભ્યાસક્રમને અનુરૂપ હોય તો પાઠ્યપુસ્તક તરીકે પણ સ્વિકૃત થઈ શકે. તેમણે પોતાની બધી જ બચત અને મૂડી આ પુસ્તક પ્રકાશનમાં લગાડી. કારણ કે આવું પુસ્તક કોઈ પ્રકાશક પ્રકાશિત કરવા તૈયાર ના હતો. જેમાં રોકેલી મૂડી પણ પરત ના મળે એ

પુસ્તકને તે શા માટે છાપે? આખરે આ પુસ્તક બાબુભાઈના ખર્ચે અને જોખમે છપાયું. ભાઈએ જિંદગીની બધી બચત દાવ પર લગાવી દીધી હતી, કારણ કે લોકભારતી સંસ્થાના ઘણાં એવા વિષય વિદ્વાનોને તેમણે એવું કહીને લખવા માટે પ્રેરીત કર્યા કે, 'તમે મરી જશો તો આ તમારી વિદ્યા સ્વર્ગમાં કોને કામ આવશે? માટે લખાણરૂપી વારસો મૂકતાં જાવ અને સમાજ સેવા કરો.' માત્ર એટલું જ નહીં પણ પુસ્તકરૂપે લખવા માટેની રીતો સમજાવી અને અમુક વખતે તો પોતે સહલેખક બનીને પણ પુસ્તકો લખી આપે!! વિદ્યાર્થીને 'સુલભ્ય' હોય અને જીવનલક્ષી બની રહે એ પ્રકારના સરળ અને લોકભોગ્ય પુસ્તકો ગુજરાતી ભાષામાં લખ્યાં. આવી ઉદ્દાત ભાવના એમનો માનવીય સ્વભાવ હતો. વિદ્યાર્થીને ઉત્તમ મળી રહે, છાત્રોનું જીવન સુખરૂપ બને એ જ એમને ગમતું, એ જ એમનો ધર્મ.

તેઓ જયારે આંબલા-લોકશાળામાં પ્રવૃત્તિમાં રમમાણ હતા ત્યારે આખી સંસ્થામાં ધ્યાનાર્હ બની રહેતાં. બધી જ પ્રવૃત્તિ તેમની આજુબાજુ ફરતી. વિજ્ઞાનની નવી પ્રયોગશાળા ઊભી કરી, હાથે લખેલા કાગળની કોપીઓ કાઢવા માટેના ડુપ્લિકેટરો બનાવી આપે, યુનિસેફના દૂધના પાવડરના ગુલાબજાંબુ બનાવી સૌ વિધાર્થીઓને ખવડાવે, મહિનામાં બે-ત્રણ વખત માહિતીસભર ફિલ્મો બતાવવી, ઉનાળામાં હાથે આઈસ્ક્રીમ તૈયાર કરી આપી ભરપૂર બધાંને ખવડાવે, સૌને આનંદિત કરી દે... સંસ્થામાં સમૂહજીવનને મોજમાં જોઈને ખુદ પણ રાજી રાજી...

પ્રયોગશીલ શિક્ષક બાબુભાઈ મરેલી ગાયને ચીરી તેના વિવિધ અંગોનું પ્રત્યક્ષ જ્ઞાન આપે, અનેક પ્રવૃત્તિઓ કરાવે. આવે વખતે જાતજાતના સ્વભાવના અને જુદા જુદા લેવલના માણસોને સાથે રાખીને કામ કરવું અને કરાવવું, એ એક મેનેજમેન્ટ કૌશલ કહેવાય! જેમાં ગોશાળા વ્યવસ્થાપક, ગોવાળો, શૈક્ષણિક સ્ટાફ, સંસ્થાના ઉપ નિયામક, નિયામક, આંબલા ગામના માથાભારે માણસો જેમને ગામના કે સંસ્થાના ઉત્થાનથી પોતાની વગ ઓછી થવાનો ભય હતો. (ગામના એક માથાભારે 'દરબાર' અને એક રબારી ના 'બા' ની ભાઈએ એવી દવા કરીકે આખા ગામમા બાબુભાઈ ડૉકટર તરીકે જાણીતા અને માનીતા બન્યા અને તે પછી ગામનું સંસ્થા વિરોધી વલણ પણ ઓછું થયું.) તે બધાંનો સાથ સહકાર લઈને સંસ્થાનો વિકાસ કરવો તે ડહાપણ વિના શકય બને જ નહીં.

એ જમાનામાં કે જયારે કૉમ્યુનિકેશનના સાધનો નહીં જેવા હતાં અને કોઈએ TV, VCR કે Computerની કલ્પના પણ નહોતી આવતી તે વખતે તેઓ ગુજરાત રાજયના માહિતી ખાતામાંથી અને જયાંથી પણ મળે ત્યાંથી માહિતીસભર શૈક્ષણિક ફિલ્મો લઈ આવતાં અને વિદ્યાર્થીઓને બતાવતાં. ભાઈ વિદ્યાર્થીઓને ઓછી ક્ષમતાવાળા કદી ન આંકતા. વળી, તેમાંના દરેક વિનોદભાઈઓ કે કાનજીઓ કે જીવરાજો કે વશરામોને અલગ અલગ રીતે ટ્રીટમેન્ટ આપે અને તેમની મનોભૂમિમાં રોજ નૂતનબીજનું વાવેતર કરતા, એજ દૃઢ વિશ્વાસ અને સાહસથી કે કશુક તો અંકુરિત થશે, કોળાશે...જ !

એકવાર આંબલામાં બારશ વખતે અમે એક ૨૦ નખવાળું ગલુડિયું લોકભારતીથી લઈ આવેલા. એ ગલુડિયાને અમારા ઘરની બાજુના ખાલી રૂમમાં રાખેલું. શિયાળો હોવાથી ખૂબ ઠંડી હતી અને ગલુડિયું આખી રાત સૂઈ શકતું નહી. સવારે અમારી ટોળકીએ વિચાર કર્યો કે, ગલુડિયાને ગરમ પાણીથી નવડાવીએ. તે વખતે કેરોસીન જોઈએ તેટલું મળતું. એક મોટુ ૨૦૦ લિટરનું બેરલ નળ સાથે ટાંકીની જેમ આડું કરીને કોઠારની બહાર રાખતા અને જે વિદ્યાર્થીને જોઈએ તે તેમના ફાનસમાં ત્યાંથી કેરોસીન ભરતાં. અમારામાંનું કોઈ એક તગારું ભરીને કેરોસીન લઈ આવ્યું અને કોઈ સ્ટવને તપેલું લઈ આવ્યા. સ્ટવને

સળગાવવાની કોશિશ સફળ ન થઈ એટલે કોઈએ મજાક માંજ દિવાસળી કેરોસીન ભરેલા તગારામાં નાખી અને આખું તગારું સળગ્યું અને છેક નળિયે આંબી જાય તેટલો ભડકો થયો. તે વખતે બપોરે ભાઈ જમીને સુઈ ગયેલા હતા. અચાનક નળીયામાં થઈને ધુમાડો અમારા ઘરમાં ગયો. ભાઈ ઊઠી ગયા અને ગુસ્સામાં ગલુડિયાવાળા રૂમમાં આવ્યા, તેમણે આગની જવાળાઓ છાપરે આંબતી જોઈ અને ગુસ્સો સાતમે આસમાને પહોંચી ગયો. સમયસૂચકતા વાપરીને દોડીને સળગતું તગારું નીચેથી ઉઠાવીને રૂમની બહાર ફેંકી દીધું અને ગલુડીયાને રૂમમાં પૂરી અને અમને સૌને ભગાડી મૂકયા. બધાં રડતાં, કકળતા પાછળ લીમડાચોકના ઓટલે જઈને બેઠા. ગલુડિયાને કાઢવું કેમ ? મેં પાછળની બારીએથી કૂતરા જેવો અવાજ કાઢીને, ગલુડીયાને બારી પાસે બોલાવી,અંદર હાથ નાંખીને તેને બહાર ખેંચી લીધું. ભેરુઓ સૌ આનંદમાં આવી ગયા ! ગલુડિયું લઈને અમે સૌ ગોશાળા જતાં બેઠાં. સાંજે જયારે ડરતાં ડરતાં પાછા આવ્યા ત્યારે ભાઈ સહેજે ખિજાયેલાં નહી ! અને જાણે આખો પ્રસંગ જ ભૂલી ન ગયા હોય તેટલા પ્રેમથી અમારી સાથે વર્ત્યા. આવો તેમનો સ્વભાવ હતો, સહેજ પણ ડંખ ન રાખે!

એકવાર ભાવનગર જતાં બસમાં કોઈ ખિસ્સું કાપી ગયું. લગભગ ૬૦૦ રૂપિયા ગયેલાં. સાંજે ઘરે આવીને કહે, 'આજે 'ગુપ્તદાન' કરીને આવ્યો છું.' દુઃખ થયેલું પણ તેનો અફસોસ નહીં ! દુઃખમાં પણ સ્વસ્થ રહેવાની તેમની શક્તિ ખૂબ હતી. વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવાસમાં લઈ ગયા હોય તો ઘણી બધી સ્વતંત્રતા આપે અને પોતાના હોસ્ટેલના દિવસો યાદ કરીને તેમને પણ આનંદ કરવાની છૂટ આપે, પણ અનુશાસનમાં રહેવાનું ફરજિયાત હોય.

મારા નાના ભાઈ શૈલેષને મારી કૉલેજ - રિજિનલ એજિનિયરીંગ કૉલેજ કુરુક્ષેત્રમાં મૅકેનિકલમાં એડમિશન મળેલું. તેની ઈચ્છા કેમિકલમાં પ્રવેશ લેવાની હતી. 'ભાઈ' એ ત્રિચીનાપલ્લીમાં પણ પ્રયત્નો કરેલા. ત્યાંથી એડમિશન કોલ આવ્યો પણ સ્પષ્ટ નહોતું કે કેમિકલમાં એડમિશન મળેલું છે. આ એ વખતની વાત છે જ્યારે STD સેવા હતી જ નહીં! તેના બદલે ટ્રંકકોલ કરવો પડે અને કલાકો સુધી ટેલિફોનના કાળા કદરૂપા ડબ્બાને ભગવાન સમજીને સામે કોલ લાગવાની રાહ જોવી પડે અને કોલ લાગે પછી પણ તમને કશું સંભળાય નહીં અને બરાડા પાડીને વાત કરવી પડે! શું કરવું ? ભાઈએ કૉલેજને રીપ્લાઇ પેઇડ ટેલિગ્રામ કર્યો ! 'Wire Whether admitted in Chemical' કૉલેજ ઓથોરિટીએ જવાબ મોકલ્યો- 'Yes'. તે વખતે હું અને શૈલેષ કુરુક્ષેત્ર (હરિયાણા) ભણતાં હતાં. ભાઈ સણોસરા. તેમણે મને ટેલિગ્રામ કર્યો -'shailesh admited in Chemical at Tiruchirapalli, send him, awaiting at Baroda Railway station.' હું સાર સમજી ગયો. તાત્કાલિક બેંકમાંથી પૈસા ઉપાડી અને શૈલેષને કલાસરૂમમાંથી શોધી કાઢી, તૈયાર કર્યો. તેની અનિચ્છા અને રેગિંગના છૂપા ડર છતાં તેને ત્રિચી જવા તૈયાર કર્યો અને દિલ્હી સુધી મૂકી આવ્યો. તે દરમ્યાન ભાઈ ત્રણ,ચાર દિવસ સહેજ પણ ધીરજ ખોયા વગર વડોદરા રેલ્વે સ્ટેશનને શૈલેષની રાહમાં બેઠા અને જેટલી ટ્રેન દિલ્હી તરફથી આવે તેમાં શૈલેષને શોધતા રહ્યા ! અમે બાળકો સ્થિર થયાં તો તેમની દીર્ઘ દ્રષ્ટિ અને યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવડાવવાની તેમની આવડતથી જ.

ભાઈએ મારા દાદાની ખૂબ સેવા કરેલી. દિવાળીમાં દાદા આંબલા આવવા નિકળેલા રસ્તામાં તેમને પ્રોસ્ટેટની તકલીફ થઈ અને અચાનક ઓપરેશન માટે મુંબઈ લઈ જવા પડ્યા. મારા માતા-પિતા એ મારા દાદા માટે અમને છોકરાઓને પાડોશીને સોંપીને તાત્કાલિક મુંબઈ જવાનું જ મુનાસિબ માન્યું ! બિમારી ને કારણે દાદા ઘણો વખત પથારીવશ રહ્યાં પણ ભાઈ અને માએ પાતાની આવડત,

પ્રેમભરીસેવાને કારણે ફરીને તેઓ સ્વસ્થ થઈ ગયાં. દાદાને સમય પસાર કરવા માટે જે પ્રવૃત્તિ કરવી હોય તેમાં 'ભાઈ' સહકાર આપે. દાદાની સેવા કરતાં હોવા છતાં તેમને એવું જરા પણ ઓછું ન આવે તેની કાળજી રાખે. દાદાને ગમતાં નાના મોટા કામો આપી તેમની જીવન જીવવાની ઇચ્છા જીવંત રાખે!

આંબલામાં અમે છોકરાઓ નવી નવી સાઇકલ શીખેલા. ગામમાંથી 'પ્રીતમભાઈ' ને ત્યાંથી સાઇકલ ભાડે લાવી અને જાતે જ શીખતાં. એકવાર 'મને સાઇકલ કેવી આવડી ગઈ ' એ બતાવતાં અચાનક જ મારી સાઇકલનું આગળનું વ્હીલ રેતીમાં આડું થઈ ગયું અને સાઇકલ સાથે હું પડ્યો. બ્રેકનો સળીયો છાતીમાં એટલા જોરથી વાગ્યો કે મારી રાડ નીકળી ગઈ. ભાઈ દૂર બાંકડા પર બેઠાં બેઠાં આ બધું જોઈ રહેલ, છતાં ઊઠીને દોડ્યા નહી. 'જાતે ઊભા થાવ અને ઊભા રહેતાં શીખો' દુઃખ આપણા પોતાના માટે જ છે, માત્ર સુખ જ વહેચવા માટે છે' એ મતલબનો બોધપાઠ મને જીવનભર માટે આપ્યો,જે મેં મારી જિંદગીની દરેક અધરી પળોમાં અમલમાં મૂકી આગળ વધી શકયો.

મારા બા ૭ ધોરણ ભણી ને તેમના પિતાના અકાળ અવસાનના કારણે આગળ ભણી નહોતાં શક્યાં. તેમને આગળ ભણવા માટે પ્રેરિત કર્યા અને આજીવન શિક્ષિકા રહ્યાં તથા તેમનાં સંગીતના શોખને સિંચી, પ્રોત્સાહિત કરી આકાશવાણીના ગાયિકા તરીકે પ્રસ્થાપિત કરવામાં પ્રોત્સાહન આપ્યું.

લોકભારતી સણોસરા આવ્યા પછી પણ સંસ્થાના મેનેજમેન્ટએ લગભગ દર વર્ષે નવો વિષય ભણાવવા આપ્યો. બાબુભાઈ તેનો તલસ્પર્શી અભ્યાસ કરી વિદ્યાર્થીઓને તે વિષય ભણાવે,જીવનાનંદ આપે, વર્ગને સ્વર્ગમાં રૂપાંત્તર કરવાની આવડત અને કૌશલને પોષક મહેનત કરવાની ખાખત ભાઈમાં પડેલી હતી. એક જીવંત શિક્ષક તરીકે લગભગ ૧૫૦ જેટલાં પુસ્તકો લખ્યાં અને અંગ્રેજી ભાષાના ઘણાં સારા પુસ્તકોના અનુવાદ પણ કર્યા. આ સૌના કેન્દ્રમાં તો સંસ્થા અને સંસ્થાના છાત્રો જ હોય.

ભાઈ ૬૦માં વર્ષે રીટાયર થયા પછી હાર્ટએટેક આવ્યો. એટેકમાં બચી ગયાં. કોરોનરી બાયપાસ સર્જરી દરમ્યાન તેનો પણ અભ્યાસ કર્યો અને એ વિષે પણ એક પુસ્તક લખી નાખ્યું! (અપ્રકાશિત) . બાયપાસ પછી તેઓ ૧૧ વર્ષ જીવિત રહ્યાં . છેલ્લાં ત્રણ વર્ષ વડોદરા રહ્યાં. અંતિમ કલાક સુધી સહલેખક સાથે આગામી પુસ્તક પર લગભગ ૮-૯ કલાક ચર્ચા ચાલેલી. બ્રેઈન હેમરેજના કારણે એજ દિવસે તેઓ અચાનક જ અનંતયાત્રાએ નીકળી ગયા. ભાઈ, અચાનક ગયા તેનો રંજ છે પણ અફસોસ નથી. તેઓ સંપૂર્ણ સુખી સ્વસ્થ હાલતમાં કોઈને જરાપણ દુઃખી કર્યા વગર અને અમને ત્રણેભાઈ અને એક બહેનને સુખી જોતા-જોતા ગયાં. 'બા' ને આર્થિક રીતે કોઈના ઓશિયાળા મૂકીને પણ નથી ગયાં. શિક્ષકની એક દુર્લભ આયોજન ક્ષમતા અને દૂરદર્શિતાનો બોધપાઠ આથી વધારે હું કયાંથી પામીશ?

પૂજ્ય ભાઈના ખોળામાં બેસીને અમે કુટુંબીજનોએ આ મહાન વિભૂતિને એટલી સમીપથી જોઈ હતી કે અમે તેમની મહાનતા અને સામાજિક પ્રદાનને સંપૂર્ણ નિહાળી ન્હોતા શક્યાં. તેમની વિવિધતાઓ અને મહાનતાનું દર્શન તેમની યાદમાં પ્રકાશિત કરેલી પુસ્તિકા/સ્મરણિકામાં તેમના વિદ્યાર્થીઓએ અમોને કરાવ્યું. સ્મરણિકામાંથી અમોને એમના જીવન પરિમાણનો, જીવનસાધનાનો અનુભવ થયો હતો. બાબુભાઈના અનેકરૂપો આપ સૌએ અનુભવેલા છે. એક નિષ્ઠાવાન કર્મયોગી, માણસાઈથી સભર માણસ સમગ્ર જીવનને અખિલાઈપૂર્વક આત્મસાત્ કરીને જીવીને ગયા એનો અપૂર્વ આનંદ છે.

મો-૯૭૨૭૭૬૩૩૩૧

## ૦૭ તસ્મૈ શ્રી ગુરુવે નમઃગુરુ પરંપરાનું મહાત્મ્ય

**હસમુખભાઈ દેવમુરારિ**

---

આપણું જીવન ગુરુઓની કૃપાથી ઘડાતું હોય છે. આપણા જીવનમાં ઈચ્છીએ કે ન ઈચ્છીએ, માનીએ કે ન માનીએ તો પણ ઘણા પ્રકારે ગુરુની છાયા પડતી જ હોય છે. આપણે જ્યારે જનમીએ ત્યારે સાવ કોરાકટ હોઈએ. જનમ્યા પછી તરતની ક્ષણથી એક પછી એક બાબતો શીખવા લાગી જઈએ છીએ. આ સતત શીખતા રહેવાની પ્રક્રિયાની સાથે આ ‘ગુરુ’ નામના ‘ફિનોમિનાન’નો સંબંધ છે. આમ તો ગુરુ એટલે સ્થૂળ અર્થમાં મોટું. જે મોટું હોય તે ગુરુ અને નાનું હોય તે લઘુ.

ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું મહાત્મ્ય ઘણું વધારે છે. ગુરુની વિભાવનાનાં મૂળિયાં ઘણાં ઊંડા છે. કેટલીક વખત તો ગુરુ વિના જાણે કે જીવન જ શક્ય ન હોય તેવું લાગે. આ ભાવને વ્યક્ત કરવા ત્યાં સુધી કહી દીધું કે,

गुरु गोविंद दोनुं खडे, काको लागूं पाय ?
बलिहारी गुरु आपनी, गोविंद दियो बताई

ગોવિંદ અર્થાત ભગવાન કરતાંયે ગુરુનું સ્થાન ઊંચું પ્રસ્થાપિત કરી દીધું.

ગુરુનો મહિમા કેવો છે?

धरती का कागज करूं, लेखनी करूं बनराई;
सात समन्द की साही करूं, हरिगुण लिख्यो न जाई

આટઆટલું કરવા છતાં ગુરુનો મહિમા આંકી શકાતો નથી. ત્યાં સુધી કે જેને ‘ગુરુ’ ન હોય, જેણે કોઈને ગુરુ ધારણ ન કર્યા હોય તેવા માટે ‘નુગરો’ જેવો તિરસ્કારયુક્ત શબ્દ વપરાય છે. એક ભજનમાં ગાયું છે ને;

‘તમે રે વિશ્વાસુ નરને કાં વેડો, માણારાજા રે નર રે નુગરાની હારે સંગડો ન કરીએ જી.’

‘નુગરો’ શબ્દ એક ગાળસમાન શબ્દ બની ગયો, ત્યાં સુધી ગુરુમહિમા ગવાયો છે.

આપણા પુરાણોએ પણ ગુરુમહિમા ગાયો છે. પુરાણોમાં એવી કેટલીય કથાઓ-વાર્તાઓ આપણને પ્રાપ્ય છે કે જેમાં ગુરુનું એક વિશેષ સ્થાન છે. ભારતીય પરંપરામાં ગુરુનું એક વિશેષ સ્થાન રહ્યું છે. એટલે સુધી કે આપણી પૌરાણિક ભાષા સંસ્કૃતમાં તો એકવચન, દ્વિવચન અને બહુવચન એમ ત્રણ વચન મુકાયાં છે. દુનિયાની કોઈએ ભાષામાં દ્વિવચન નથી. આ દ્વિવચન શું છે? અમે બે. આ બે એટલે કોણ-કોણ? આ અમે બે એટલે ગુરુ અને શિષ્ય.

હું પ્રાર્થના કરું, અમે બે પ્રાર્થના કરીએ, અમે સૌ પ્રાર્થના કરીએ.

अहं भजामि, आवां भजामः वयं भजावः (હું ભજું, અમે બે ભજીએ, અમે સૌ ભજીએ.)આવી રીતે આ દ્વિવચનનું મહત્ત્વનું સ્થાન સંસ્કૃતમાં છે, તે ગુરુમહિમા દર્શાવે છે. આપણાં પુરાણોમાં ગુરુમહિમાની અનેક કથાઓ ફેલાયેલી પડી છે. એકલવ્યની કથામાં ગુરુ પ્રત્યેનો શિષ્યનો આદરભાવ, શિષ્યની ગુરુ પ્રત્યેની ઉદાત્ત ભાવના, ગુરુ પ્રત્યેનો આત્યંતિક સમર્પણભાવ તરી આવે છે.

ગુરુ અષ્ટાવક્ર અને જનકની કથા. અષ્ટાવક્ર એટલે કે આઠ રીતે વાંકું! અષ્ટાવક્ર મુનિની શરીર રચના જન્મતાની સાથે જ એવી હતી કે પગ વળેલા, હાથ વળેલા, પીઠ પર કોંટ નીકળી ગયેલી, મોં ત્રાંસું થઈ ગયેલું. બન્યું એવું કે

જનક રાજાના દરબારમાં આ અષ્ટાવક્ર મુનિ પહોંચી જાય છે. રાજા જનકનો દરબાર એટલે વિદ્વાનોની જ સભા. અષ્ટાવક્ર તો તેમાં પહોંચી ગયા. અષ્ટાવક્ર તો અતિ વિદ્વાન અને પામી ચૂકેલા મુનિ હતા. તેમણે તો 'અષ્ટાવક્ર ગીતા' લખી છે તેવા. પણ જનક રાજાના દરબારમાં એને કોઈ ઓળખે નહીં. પોતાના પિતા સાથે વાદ-વિવાદ કરીને, પિતાને પણ શાસ્ત્રચર્ચામાં હરાવીને, પિતાનો ખોફ વહોરીને, શાપ પામીને આવ્યા હતા. દરબારમાં પહોંચ્યા ત્યાં અષ્ટાવક્રની વાંકીટેઢી ચાલ જોઈને આખી સભા હસી પડી, અષ્ટાવક્ર તો ધીરગંભીર. જનક રાજાને પ્રશ્ન જ પૂછી નાંખ્યો, 'હે રાજા જનક, તમારી આ સભામાં બધા ચમારો જ છે, કે કોઈ વિદ્વાન છે, ખરો?' આખી સભા સ્તબ્ધ! રાજા જનક તો વિદેહી હતા, તરત જ બોલ્યા, 'મુનિ, આપ કેમ એમ કહો છો? મારી સભા તો વિદ્વાનોની સભા તરીકે ખ્યાતિપ્રાપ્ત સભા ગણાય છે. અને આપ એમ કેમ કહો છો?' અષ્ટાવક્રએ કહ્યું, 'આ સભાજનો ચમાર જ છે, દરેકને મારા હાડ અને ચામ જ દેખાય છે, મારી વિદ્વતા તેમને નથી દેખાતી.' પછી તો શાસ્ત્રાર્થ અને ધર્મચર્ચાઓ થાય છે ને અષ્ટાવક્ર સૌને પાછળ રાખી દે છે અને રાજા જનક એમને ગુરુ સ્થાને સ્થાપે છે.

આપણે ત્યાં આશ્રમ પરંપરા હતી. ગુરુના આશ્રમમાં સૌ શિષ્યો ગુરુના આશ્રમમાં વિદ્યા મેળવવા આવે. લોકભારતી પણ આ પરંપરાની જ એક આશ્રમી કેળવણી પદ્ધતિની સંસ્થા છે. હા, તેમાં સમયને અનુરૂપ કેટલાંક પરિવર્તનો કરવામાં આવ્યાં છે. લોકભારતીના સ્થાપક નાનાદાદા બીલખાના શ્રીમન્નથુરામ શર્માના શિષ્ય. વ્યવસાયે કૉલેજના અધ્યાપક. પણ માહ્યલો અધ્યાત્મનો. એવું કહેવાય છે કે બીલખાના આનંદ આશ્રમના શ્રીમન્નથુરામ શર્મા પછી તેમનું સ્થાન ગણાય એટલી નાનાદાદાની સાધના. કૉલેજની નોકરીમાં સંતોષ નહીં. એમ થાય કે આ શિક્ષણ પદ્ધતિ યોગ્ય કે સુચારુ નથી. શિક્ષણ પદ્ધતિ તો ભારતીય ઋષિ પરંપરાને અનુરૂપ કે ગુરુ પરંપરાને અનુરૂપ હોવી જોઈએ. પોતે શાસ્ત્રોના ઊંડા અભ્યાસી. બીલખાના આનંદ આશ્રમ વર્તુળમાં વાત ચલાવી. ગુરુજીને પણ વાત તો વ્યાજબી જ લાગી. પણ કરે કોણ? નાનાદાદાએ જવાબદારી સ્વીકારવાનું બીડું ઝડપ્યું. આવો શિક્ષણ આશ્રમ કયાં ઊભો કરવો? એક વિકલ્પ એ આવ્યો કે બીલખામાં આનંદ આશ્રમમાં? નાનાદાદા એ વાત સ્વીકારતા નથી. લાંબી વાત છે એટલે અહીં ટાળું છું. છેવટે સને ૧૯૧૦માં ભાવનગરમાં દક્ષિણામૂર્તિ, ૧૯૩૮માં આંબલામાં ગ્રામદક્ષિણામૂર્તિ અને ૧૯૫૩માં લોકભારતીની સ્થાપના થઈ.

આ 'દક્ષિણામૂર્તિ' શબ્દ પર જરા નજર નાંખી લઈએ. એક વાર બન્યું એવું કે સનકાદિ મુનિઓ જીવન તત્ત્વજ્ઞાન અંગે ઊંડાણથી સમજવાની જિજ્ઞાસાથી નારદમુનિને પૂછે છે કે, 'અમારે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવું છે, તો શું કરીએ? કોની પાસે જઈએ?' તો નારદમુનિ કહેછેઃ'બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પૈકી કોઈની પાસેથી બ્રહ્મજ્ઞાન તમને મળી શકે, તેમના જેવું આ માટે અધિકૃત કોઈ આ યુગમાં નથી.' સનકાદિ મુનિઓ તો સર્વ પ્રથમ બ્રહ્મા પાસે જાય છે. બ્રહ્મા તો સૃષ્ટિના સર્જનમાં લાગેલા હતા. તેણે તો સનકાદિ મુનિઓ સામે જોયું પણ નહીં. એ તો હેયને પોતાના કાર્યમાં મશગૂલ! એટલે નિરાશ થઈને મુનિઓ ગયા વિષ્ણુ પાસે. તો વિષ્ણુ તો શેષનાગની કોમળ પથારી પર આરામથી લંબાવીને સુતા હતા ને લક્ષ્મી પગચંપી કરતાં હતાં. મુનિઓને લાગ્યું કે આની પાસેથી શું બ્રહ્મજ્ઞાન મળી શકે? એના કરતાં તો આપણે વિશેષ જાણીએ છીએ. પછી ગયા કૈલાસને માર્ગે મહેશજીને મળવા. પણ આ દરમિયાન નારદજીએ મહાદેવજીને કહી રાખ્યું કે, 'આ મુનિઓ જરા ગર્વ લઈને બ્રહ્મજ્ઞાન મેળવવા આવી રહ્યા છે.' ભગવાન ભોળાનાથ તો સમજી ગયા. વિચાર્યું કે મુનિઓનું આ અભિમાન તો ઉતારવું જોઈએ.

પોતે જ આગળ આવીને સનકાદિ મુનિઓના રસ્તામાં રસ્તાને કાંઠે એક વટવૃક્ષ નીચે યુવાસ્વરૂપ ધારણ કરીને તપસ્વીના આસનમાં ધ્યાનમગ્ન થઈ બેસી ગયા. મુનિઓનું ધ્યાન રસ્તામાં ધ્યાનમગ્ન બેઠેલા આ યુવાસ્વરૂપ તરફ ગયું ને તેને જોઈને એકદમ પ્રભાવિત થઈ ગયા ને તેની સામે બેસી ગયા. મહાદેવ તો ધ્યાનમગ્ન છે. કશું જ બોલતા નથી. સનકાદિ મુનિઓ પણ ત્યાં માત્ર બેઠા જ છે ને તેના મનના બધા સંશયો દૂર થઈ ગયા. કોઈ કશું જ બોલ્યું નથી. શિવનું તો યુવા સ્વરૂપ છે ને સનકાદિ મુનિઓ તો વૃદ્ધ છે. કશું જ બોલ્યા વિના સનકાદિ મુનિઓના બધા સંશયો/પ્રશ્નો ટળી ગયા.

वटतरूर्मूले युवागुरु वृद्धा शिष्या
गुरोस्तु मौनं व्याख्यानम
शिष्यस्य छिन्न संशया ।

કોઈ કશું જ બોલતું નથી. છતાં શિષ્યોના સંશયો દૂર થઈ જાય છે. મૌનની એક આગવી જ ભાષા હોય છે. આપણી ભાષાને મર્યાદા નડે, પણ મૌનની ભાષાને કોઈ મર્યાદા નડતી નથી. હા, મૌનની ભાષા આવડવી જોઈએ. આ 'મુનિ' શબ્દની વ્યુત્પત્તિ જ 'મૌન' શબ્દ પરથી થઈ છે. જે સદાય મૌન છે તે મુનિ.

આ શ્લોકનું બીજું પાસું તે ગુરુ યુવાન ને શિષ્ય વૃદ્ધ! આપણી માન્યતા કરતાં સાવ અણધાર્યું અને ઉલટું. સામાન્ય રીતે ગુરુ વૃદ્ધ હોય ને શિષ્ય યુવાન હોય. અહીં તો ગુરુ યુવાન. યુવાન એટલે જેને સદાય નવું નવું શીખવાની તમન્ના હોય તે યુવાન. આપણે તો સૌ અકાળે વૃદ્ધ થઈને બેઠા છીએ. હવે મારે કંઈ નથી શીખવું, હવે આ ઉંમરે શું શીખવાનું!? શીખવા માટે કોઈ ઉંમર હોતી નથી. આપણા બુચદાદાએ જીવનના આઠમા દાયકે ફ્રેંચ ભાષા શીખવાની શરૂઆત કરેલી. તો જે યુવાસ્વરૂપ શિવ એ જ આપણા દક્ષિણામૂર્તિદેવ. આપણા નાનાદાદાના આરાધ્ય દેવ તે આપણા સૌના દેવ. આપણે સૌ લોકદક્ષિણા પરિવાર દક્ષિણામૂર્તિદેવને જ ઈષ્ટદેવ માનીએ છીએ. એટલે જ આપણે તેની છબિ મૂકીને આપણી ભાવનાઓનો અર્ઘ્ય અર્પીએ છીએ.

હવે આ ગુરુ-શિષ્ય શ્રીમન્નથુરામ શર્મા અને નાનાદાદાની ગુરુ-શિષ્યની જોડી પણ ભવ્ય છે. નાનાદાદાને પોતાના ગુરુ પ્રત્યે અનહદ આદર, પૂરી નિષ્ઠા, પૂરો ભાવ. પણ કોઈ અંધશ્રદ્ધાળુની જેમ બિલકુલ નહીં. નાનાદાદા આ ગુરુ-શિષ્ય પરંપરાના અને એવું પૂરેપૂરું માનનારા કે આશ્રમી વાતાવરણમાં પૂજા-પાઠ, હોમ-હવન વગેરે દરેકે કરવા જોઈએ, ગુરુપૂર્ણિમા ઉપર ગુરુનું પૂજન સૌએ મળીને કરવું જોઈએ. એમાં બન્યું એવું કે એક વખત કવિ કાંત દક્ષિણામૂર્તિમાં આવ્યા ને તે વખતે આવો કંઈક પૂજન-અર્ચનનો કાર્યક્રમ ચાલે. કવિ કાંત તો સ્પષ્ટ વક્તા, જેવું લાગે તેવું મોઢે કહી દેનારા. કહે કે 'નાનાભાઈ, આ ગુરુ તે તમારા ગુરુ. એમાં આ વિદ્યાર્થીઓની પાસે તેના પૂજન-અર્ચન કેમ કરાવો છો?' ને નાનાદાદાને પોતાની ભૂલનું ભાન થઈ ગયું. ને ત્યાર પછીથી ગુરુના પૂજન-અર્ચનનો કાર્યક્રમ જાહેરમાં અને વિદ્યાર્થીઓ પાસે ક્યારેય કરાવ્યો નહીં. હા, પોતે પોતાને ઘરે રહીને પૂરા ભાવથી પૂજન-અર્ચન કરતા.

થોડાં વર્ષો પછી નાનાદાદા ગાંધીજીના સંપર્કમાં આવ્યા ને અત્યંત નવી જ અને નરવી જીવનપદ્ધતિના વિચારોથી આકર્ષાયા અને લગભગ એ સ્વીકારી લીધા. હવે સંઘર્ષમય વાત એ બની કે નાનાદાદા તો હિંદુ પરંપરાગત જીવનશૈલીમાં જીવતા હતા. તેઓએ આ નવા વિચારો સંપૂર્ણપણે સ્વીકારી લીધા અને તે મુજબ પોતાનું જીવન અને પોતે સ્થાપેલ સંસ્થાઓની કાર્યપદ્ધતિઓ ગોઠવવી શરૂ કરી. તેમાં આંબલા સંસ્થામાં હરિજનોને પ્રવેશ આપવાની વાત અને તે કારણે પોતાના ગુરુનો ખોફ વહોરવાની ઘટના બહુ જાણીતી ઘટના

છે. ગુરુપરંપરામાં આવા ઉદાહરણો પણ સીમાચિહ્નરૂપ ગણાય.

આપણે ત્યાં ગુરુપરંપરામાંથી હટકે જરા જુદી રીતે ચાલ્યા હોય તેવા પણ દાખલાઓ મળી રહે. આ જ શ્રેણીમાં આગળ વધીએ એટલે ભગવાન બુદ્ધ સાંભર્યા વિના ન રહે. ભગવાન બુદ્ધે તો વળી જાણે કે રીતસર બંડ જ પોકાર્યું, ક્રાંતિ જ સર્જી. તેઓએ બ્રાહ્મણવાદ સામે રીતસરના ખુલ્લા પડીને બ્રાહ્મણપરંપરાની બધી પોકળતા છતી કરી. તેમના સમય સુધીમાં તો બ્રાહ્મણવાદે સાર્વત્રિક વર્ચસ્વ જમાવી દીધેલું ને એની સાથે જ દૂષણો પણ પેસી ગયેલાં. આ દૂષણો સામે ખુલ્લા પડીને ગૌતમ બુદ્ધે એક નવી જ પરંપરા સ્થાપી. તેમાં પણ ગુરુપરંપરાનો જાણે કે છેદ જ ઊડી ગયો. કોઈ કોઈને જગાવી શકતું નથી. પોતે જ જાગવું પડે છે. ગૌતમ બુદ્ધે એક નવું જ સૂત્ર આપ્યું.

आत्मदीपो भव:

अप्प दीपो भव

આ માગધી ભાષામાં રૂપાંતરણ છે. ભગવાન બુદ્ધે લોકોની બોલી સ્વીકારી હતી. સંસ્કૃત ભાષા લોકો ન સમજી શકે એટલે લોકબોલીમાં બધું રૂપાંતરિત કર્યું.

'તું તારા દિલનો દીવો થાને રે ઓ રે ઓ ભાયા.'

કોઈ બીજો આપણો દીવો બની શકવાનું નથી. આપણે જ આપણા દીવા થવાનું છે. પારકા તેજ ને છાયા ખૂટી જવાના છે. આ બધું ઊછીનું કહેવાય. તે ક્યારે ખૂટી પડશે તેનું કંઈ નક્કી નહીં. આપણા કોડિયામાં દીવેલ આપણે જ પૂરવાનું રહે. જોવાની ખૂબી એ છે કે હિંદુ ધર્મએ ગૌતમ બુદ્ધને પણ સ્વીકારી લીધા. જેણે બંડ પોકારેલું તેને પણ સ્વીકારી લીધા. એટલું જ નહીં પણ ભગવાનના અવતાર તરીકેનું અદકેરું સ્થાન પોતાની પરંપરામાં આપી દીધું. આ કંઈ જેવી તેવી વાત ન કહેવાય.

હમણાંના વિચારકોમાં પણ આવી જ પરંપરા આગળ વધી. જે. કૃષ્ણમૂર્તિ. તેઓએ પણ ગુરુ પરંપરાને નથી સ્વીકારી. તેમણે પણ પોતે જાગૃત થવાની, હોશ સંભાળવાની વાત રજૂ કરી છે. પશ્ચિમના એવા જ એક વિચારક ગુર્જિએફે પણ એવી જ વાત કરી છે. આ જરા વિષય ઊંડો અને વિષયાંતર થઈ જાય તેવો વિષય છે એટલે આપણે અહીં જ અટકીએ.

આ બધી થઈ લગભગ જૂની જૂની વાતો. હાલના સમયમાં બહુ પરિવર્તનો આવી ગયાં છે. જૂની પદ્ધતિ એમની એમ જ આપણે સ્વીકારી લેવાના નથી કે સ્વીકારી શકવાના પણ નથી. વિજ્ઞાન અને ટેક્નૉલૉજીએ જે હરણફાળ ભરી છે તેમાં આપણે ઢસડાઈ ગયા છીએ. આપણે તેમાંથી પાછા તો ફરી શકીએ તેમ નથી. પણ આ શીખવું-શીખવવાની પરંપરા તો હજી છે જ. હા, માધ્યમો બદલ્યાં છે, ગુરુનું સ્થાન ગૂગલે કે ચેટજીટીપીએ લીધું છે. બધું બહુ ઝડપથી બદલાઈ રહ્યું છે. બધું જ બહુ ઝડપી પણ બન્યું છે. એવા સમયે પણ સમતાપૂર્વક શીખવા-શીખવવાની પરંપરા જાળવી રાખ્યા વિના છૂટકો જ નથી. આજે જ્ઞાનનો વિસ્ફોટ થયો છે. ડિજિટલ દુનિયાએ માનવજાતમાં ક્રાંતિકારી પરિવર્તનો આણ્યાં છે. બધું જ વર્ચ્યૂઅલ બનવા જઈ રહ્યું છે. વર્ચ્યૂઅલનો શાબ્દિક અર્થ તમે જાણો છો? વર્ચ્યૂઅલ એટલે આભાસી, વાસ્તવિક નહીં તે. ધીમે ધીમે બધું જ આભાસી થવાનું છે. આવા સંજોગોમાં ગુરુની વિશેષ જરૂર રહેવાની. ગૂગલ ગુરુ હોય કે એઆઈ ગુરુ હોય, એ બધા માહિતી આપવા માટે સંપન્ન છે, પણ સંસ્કાર ઘડતર માટે તો જીવતા ગુરુની જરૂર રહેવાની. આ કાર્ય ટેક્નૉલૉજી લઈ શકવાની નથી. આપણને સૌને આવા જીવંત અને જીવતા ગુરુ મળી રહે તેવી શુભ કામનાઓ.

મો. ૯૪૨૮૫૨૨૧૫૮

## ૦૮ નઈ તાલીમ, ઉચ્ચ શિક્ષણ અને રાષ્ટ્રીય શિક્ષણનીતિ - ૨૦૨૦: અનુબંધ

**ડો. ભૌતિક લિંબાણી**

---

સર્જક મનુભાઈ પંચોલી (દર્શક) પોતાના 'સર્વોદય અને શિક્ષણ' ભાગ-૧ માં નોંધે છે કે "રાષ્ટ્રની સંપત્તિ કોલસાની ખાણો કે તેલ-ભંડારો નથી, પણ માણસો છે. જો નાગરિક યોગ્ય ન હોય તો તે તેલભંડારોને કોલસાની ખાણો સંપત્તિ નહિ પણ વિપત્તિ થાય છે. રાષ્ટ્રનો નાગરિક લોકોને ઉદ્વેગ ન કરે, લોકોથી ઉદ્વેગ ન પામે, સૌને પ્રેમ આપે અને પ્રેમ પામે, તે માટે સેવામય, સર્જનાત્મક કેળવણી એ જ રાજમાર્ગ છે." (પાનું-૭)

જીવ અને જગતની જટિલતા સમજવા અને એમાંથી રસ્તો કાઢવા માટે એવા બૌદ્ધિક કૌશલની જરૂર છે જે સામાન્ય રીતે શાળામાં શીખવવામાં આવતું નથી. એ માટે ઉચ્ચ શિક્ષણની જરૂર પડે છે. શું તમે વિચાર્યું છે કે 'ઉચ્ચ શિક્ષણ'માં 'ઉચ્ચ'નો અર્થ શું થાય? આમ તો આ પ્રશ્ન પાયાનો જણાય છે. બેન્જામીન સેમ્યુઅલ બ્લૂમ નામના ચિંતકે શિક્ષણમાં બુદ્ધિના સ્તર પ્રમાણે 'ઉચ્ચ' અથવા 'Higher' શું છે, તેના પર ચિંતન કરેલું અને ૧૯૫૬માં *Taxonomy of Educational Objectives* શીર્ષકથી પ્રકાશિત કરેલું, જેને આપણે આજે Bloom's Taxonomy તરીકે ઓળખીએ છીએ. આ પુસ્તકે શૈક્ષણિક ઉદ્દેશ્યોનું વર્ગીકરણ ખૂબ સરળતાથી કરી આપ્યું છે. એ પુસ્તક વાંચતા સહજ સમજાશે કે કેળવણીની પ્રક્રિયા કુલ છ સ્તરની છે. તે ક્રમશઃ

દરેક સ્તરને એક ક્રિયાપદથી વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે. જે દરેક સ્તરે ચોક્કસ ક્રિયા થઈ કે કેમ તે ચકાસવા તરફ અંગુલી નિર્દેશ કરે છે. આ છ સ્તરની કેળવણીની પ્રક્રિયાને આપણે લોકભારતીના 'વિદ્યાલય' અને 'છાત્રાલય'ના સંયુક્ત સંદર્ભે ચકાસીએ તો કેટલાક અનુભવો અનુબંધિત થાય છે. નોંધવા જેવી બાબત એ છે કે આ સ્તરો એકમેકથી અલિપ્ત નથી પણ પરસ્પર અવલંબે છે.

(૧) Remember (યાદ રાખવું): આ કેળવણીનું પ્રથમ સ્તર છે, જેમાં વિદ્યાર્થીએ માત્ર યાદ રાખવાનું છે. જેમ કે આપણે ત્યાં જ્યારે વાર્ષિકોત્સવ યોજાય છે ત્યારે વિદ્યાર્થીઓની ભાગીદારી અનિવાર્ય બને છે. કાર્યક્રમની પૂર્વ તૈયારી માટે આપણે વિદ્યાર્થીઓની ટુકડીઓ પાડીએ છીએ અને જે તે ટુકડીના એકએક 'ટુકડી નાયક' નીમીએ છીએ. ધ્યાનથી જોતાં સમજાય કે ટુકડી નાયકનું કામ વખતોવખત મળતી સૂચનાનું વિસ્તરણ પણ યાદ રાખીને પોતાની ટુકડીના સભ્યો સુધી પહોચાડવાનું છે. ટુકડી નાયક જો બરાબર યાદ રાખશે તો તે પોતાનું કામ સુપેરે પૂરું પાડશે.

(૨) Understand (સમજવું): આપણે થોડું ચિંતન કરીએ તો સહજ જણાશે કે એવા કયાં કામ છે, જેમાં વિદ્યાર્થીએ યાદ તો રાખવાનું જ છે, પરંતુ સમજવાનું પણ છે. ઉદાહરણ રૂપે વાર્ષિકોત્સવની પૂર્વ તૈયારી માટે જુદીજુદી ટુકડીઓ હોય છે, તેમાંથી બેઠક વ્યવસ્થાની ટુકડીને મોટાભાગે યાદ રાખવાનું છે કે કયા મહેમાનને કયા સ્થાને બેસવાની વ્યવસ્થા કરવાની છે. તદુપરાંત તે સમજશે પણ ખરા કે મહેમાનનું સ્થાન અમુક જગ્યાએ જ કેમ રાખવામાં આવ્યું છે. બેઠક વ્યવસ્થાની જવાબદારીમાં તેઓ સૌ સમજશે કે કોણ ક્યાં અને શા માટે બેસવાનું છે, તો જ તે પોતાની જવાબદારી સંતોષકારક રીતે પૂરી પાડશે.

(૩) Apply (અમલ કરવો): એવું કયું કામ છે જેમાં વિદ્યાર્થીએ યાદ રાખવું પડે, સમજવું પડે અને અમલ કરે તો જ તે કામ પૂર્ણ થાય? કાર્યક્રમના સંચાલકે કદાચ આ ત્રણેય સ્તર બરાબર સમજ્યા પછી જ સંચાલન કરવાનું

હોય છે. એમણે યાદ રાખવાનું છે કે ક્યારે, કોને, અને શા માટે સ્ટેજ પર બોલાવવાના છે. સમજવાનું છે કે કઈ કૃતિ ક્યારે સ્ટેજ પર રજૂ થશે અને પોતે કરેલા આયોજનનો અમલ કરવાનો છે. સંચાલક વખતોવખત મળેલી સૂચનાઓ યાદ રાખશે, સમજશે અને તેનો અમલ કરશે તો કાર્યક્રમ સુઘડ લાગશે જ.

(૪) Analyse (વિશ્લેષણ કરવું): જેમ જેમ ઉપરના સ્તરે જઈએ તેમ તેમ કામની જટિલતા વધતી જતી જણાશે. હવે આપણે એ શોધવાનું છે કે એવું કયું કામ છે જેમાં યાદ રાખવું, સમજવું, અમલ કરવો અને તેનું વિશ્લેષણ કરવું પડતું હોય? બારશની પૂર્વ તૈયારી માટે પડેલી ટુકડીઓના ઉદાહરણ દ્વારા જ સમજીએ. તમામ ટુકડીઓના સભ્યોને જ્યારે એક સંયુક્ત બેઠકમાં મુખ્ય સંયોજક અભિમુખ કરતા હોય ત્યારે દરેક ટુકડીનાં કાર્યક્ષેત્ર નક્કી કરીએ છીએ. અને ત્યાર બાદ કામની સોંપણી કરવામાં આવે છે. જો મુખ્ય સંયોજક આ ચાર સ્તરોની સ્પષ્ટતા ન ધરાવતા હોય તો એ ટુકડીઓનાં કામ છુટા પાડી જ ન શકે. માટે તે પ્રથમ ચારેય સ્તરે સજ્જ થયેલા અનિવાર્ય બને છે.

૫) Evaluate (મૂલ્યાંકન કરવું): લોકભારતીમાં દર શનિવારે ગૃહપતિ મંડળની બેઠક થાય છે. સામાન્યતઃ તેમાં મુખ્ય ગૃહપતિ સપ્તાહ દરમિયાન છાત્રાલયમાં ઊભા થયેલા પ્રશ્નો, સુવિધાઓ, પ્રવૃત્તિઓ વિષે અહેવાલ આપે છે. સ્તર પ્રમાણે જોઈએ તો તે આ તમામ બાબતો યાદ રાખે છે, સમજે છે, કેટલાક વિકલ્પો વિચારી તેનો અમલ કરે છે, અમલ કર્યા બાદ તેની અસરોનું વિશ્લેષણ કરે છે અને અંતે તેની અસરકારકતાનું મૂલ્યાંકન રજૂ કરે છે. ગૃહસંચાલનમાં આ પાંચેય સ્તરે ગહન સમજણ અને સ્પષ્ટતા અત્યંત અનિવાર્ય માલુમ પડે છે.

૬) Create (સર્જન કરવું): કેળવણીનું અંતિમ અને મૂર્ત સ્વરૂપ એટલે સર્જન. સમજવા માટે વાર્ષિકોત્સવના જ ઉદાહરણને આગળ વધારીએ. રાત્રે જ્યારે સાંસ્કૃતિક કાર્યક્રમમાં જુદી જુદી કૃતિઓ રજૂ થાય છે તે પ્રત્યેક કેળવણીના અંતિમ સ્તરનું-સર્જન-ઉદાહરણ છે. કૃતિની પ્રસ્તુતિમાં યાદ રાખવું પડે, સમજવું પડે, અમલ કરવો પડે, વિશ્લેષણ કરવું પડે, મૂલ્યાંકન કરવું પડે અને આ પાંચ સ્તરોને ફરી ફરી વાર કરવા પડે તો જ અંતે તેનું મૂર્ત સ્વરૂપ-પ્રસ્તુતિ-મળે. પ્રસ્તુતિ આનંદ આપે છે: બંનેને, રજૂ કરનાર અને જોનારને. એટલે કે કેળવણી અંતે આનંદમાં રૂપાંતરિત થાય તો સમજવું કે શિક્ષણ થઈ રહ્યું છે.

આટલું સમજ્યા પછી આપણે ફરી આપણા મૂળ સવાલ પર આવીએ. 'ઉચ્ચ શિક્ષણ' અથવા 'Higher Education'માં 'ઉચ્ચ' અથવા 'Higher'નો અર્થ શું કરવો? જવાબ આપવો હવે સહેલો થયો 'જ્યાં શીખવામાં અને શિખવવામાં વિશ્લેષણ, મૂલ્યાંકન અને સર્જનનાં કાર્યો વધુ સઘન રીતે કરવા, કરાવવામાં આવતા હોય તેને 'ઉચ્ચ' શિક્ષણ કહેવાય.' આનો અર્થ એ બિલકુલ નથી કે જ્યાં શીખવા અને શિખવવામાં યાદ રાખવું, સમજવું અને અમલ કરવાનાં કાર્યો સઘન રીતે થતાં હોઈ તેને 'નિમ્ન' શિક્ષણ કહેવાય. એ 'નિમ્ન' નહિ પણ પાયાનું શિક્ષણ છે.

બ્લૂમના વર્ગીકરણને બે ભાગમાં વહેંચવામાં આવ્યું છે. પહેલા ભાગમાં પ્રથમ ત્રણ એટલે કે Remember, Understand અને Applyનો સમાવેશ થાય છે, જેને Lower-Order Thinking Skills કહે છે. અને બીજા ભાગમાં Analyse, Evaluate અને Createનો સમાવેશ થાય છે જેને Higher-Order Thinking Skills કહે છે. આટલી પાયાની સ્પષ્ટતા બાદ જાણીએ કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિએ ઉચ્ચ શિક્ષણ માટે શું વિચાર્યું છે અને તે કેવી રીતે દેશભરમાં થશે?

આપણી લોકભારતીની સંજીવની સ્વચ્છતા, સુંદરતા અને સુઘડતા છે. મુલાકાતે આવનાર મહેમાનને આપણી સ્વચ્છતા એટલી બધી સ્પર્શે છે કે તેઓ સહજ બોલી ઊઠે છે: 'આપણો આખોય દેશ આટલો ચોખ્ખો હોય તો કેવી

મોજ પડે!' તો આપણે જરા વિચારીએ : ધારો કે આપણે આપણા દેશને એક વર્ષમાં લોકભારતી જેવો ચોખ્ખો કરવો હોય અને તેના સમગ્ર આયોજન અને સંકલન માટે ૧૦ નિષ્ણાંતોની એક સમિતિ બનાવવી હોય તો તેવી સમિતિમાં કઈ કઈ શૈક્ષણિક લાયકાત અને વિદ્યાશાખાઓ રાખીશું? વિચારતાં જણાશે કે આ કામ માટે તો એન્જીનિયર, ડૉક્ટરથી માંડીને કવિ અને શ્રમિકનો પણ સમાવેશ કરવો ઘટે. જેટલા વધારે વિદ્યાશાખાના નિષ્ણાતો વધારે તેટલા આ પ્રશ્નના નિરાકરણની શક્યતાઓ વધારે. ગંદકીનું નિરાકરણ તો જ આવશે જો વધારે વિદ્યાશાખાના નિષ્ણાતો જુદીજુદી શૈક્ષણિક અને સામાજિક લાયકાતો ધરાવતા લોકો આમાં જોડાય. કારણકે ગંદકી એ બહુ આયામી અને જટિલ પ્રશ્ન છે.

અર્થ તેનો એ થાય કે ક્યારેય સમાજમાં ઉદ્ભવતો પ્રશ્ન કોઈ એક વિદ્યાશાખાનો નથી હોતો, તેમ જ તેનું નિરાકરણ કોઈ એક વિદ્યાશાખા નથી આપી શકતું. માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ભારપૂર્વક ભલામણ કરે છે કે હવે ભારતે એવા બ્રેઈન કેળવવાં પડશે કે જે આંતર-વિદ્યાશાખાઓમાં અનુબંધ ઓળખે, સ્વીકારે અને તેનો જીવાતા જીવનમાં ઉપયોગ કરે. તેને નઈ તાલીમમાં 'અખંડ કેળવણી' કહી છે. દર્શકે તેને 'પાંચેય ઇન્દ્રિયોની કેળવણી' કહી છે. જગતમાં આજે નવા પ્રકારના પડકારો સામે આવી રહ્યા છે, તો તે પડકારોને પહોંચી વળવા ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓએ ઘણી બધી નવી વિદ્યાશાખાઓ પણ શોધી છે. Linked In દ્વારા એક સર્વે કરવામાં આવ્યો, જેમાં ૨૧મી સદીના પ્રથમ ૨૫ વર્ષમાં જે ટોચની ૮ વિદ્યાશાખાઓ આવી છે તેની યાદી મૂકવામાં આવી. એ તમામ વિદ્યાશાખાઓ પરંપરાગત બે વિદ્યાશાખાઓનો અનુબંધ જ છે જે નીચે પ્રમાણે છેઃ

(૧) Synthetic Biology: જૈવ પ્રક્રિયાઓ સમજવા માટે એન્જીનિયરિંગના સિદ્ધાંતોનો પ્રયોગ કરતાં કરતાં MITના અધ્યાપક ટોમ નાઈટ અને તેમના વિદ્યાર્થીઓને આ વિદ્યાશાખા મળી.

(૨) Digital Humanities: ઇટાલીના જેસ્યૂટ પાદરી રોબરતો બુસાએ થોમસ એક્વીનાસનાં પુસ્તકોનો એક ડિઝિટલ અવતાર બનાવવા IBM સાથે કામ શરૂ કરેલું, જેની ફલશ્રુતિરૂપે આજે આ વિદ્યાશાખા મળી આવી.

(૩) Environmental Economics: પર્યાવરણના પ્રશ્નોના નિરાકરણ માટે અર્થશાસ્ત્રના સિદ્ધાંતોની મદદ લઈ શકાય એવી લોકશાહી સમજણથી આપણે આ વિદ્યાશાખા અવતારી શક્યા.

(૪) Neuroeconomics: : ન્યૂરો સાયન્સ, મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્રના સુભગ સમન્વયથી આ વિદ્યાશાખા આવી છે. તેમાં અર્થશાસ્ત્રના સંદર્ભે ડીસીજન-મેકિંગ ઉપર અભ્યાસ કરવામાં આવે છે.

આવી રીતે તમે જો થોડા ખાખાં-ખોળાં કરશો તો (૫) Data Science (૬) Cybersecurity Studies (૭) Climate Science અને (૮) Artificial Intelligence વિષે પણ જાણી શકશો. સ્વીડનમાં ૧૯૭૫માં સ્થપાયેલ લીંક્રોપિંગ યુનિવર્સિટીમાં આમાંથી મોટાભાગની વિદ્યાશાખાઓમાં સ્નાતક અને અનુસ્નાતક પણ થવાય છે. મજાની વાત એ છે કે આ વખતે ભારતે પણ આંતર વિદ્યાશાખામાં (multidisciplinary) યુવા ભારતને કેળવવાનું સુઝયું છે.

NEP ૨૦૨૦ના ૬૬ પાનાંના પોલીસી ડોક્યૂમેન્ટમાંથી ૧૮ પાનાં ઉચ્ચ શિક્ષણને આપેલા છે. જેમાં કુલ ૪૪ વખત મલ્ટિડીસિપ્લીનરી શબ્દનો 'જાપ' કરવામાં આવ્યો છે. આ શબ્દ આવે છે discipline, એટલે કે 'વિદ્યાશાખા'માંથી. સાયન્સ,આર્ટ્સ, કોમર્સ, એન્જીનિયરિંગ, મેડિકલ સાયન્સ, મેનેજમેન્ટ અને ઉપર જણાવી એ બધી વિદ્યાશાખાઓ કહેવાય એ આપણે જાણીએ છીએ. પણ અંતે તો આ બધી 'શાખાઓ' છે. આનું થડ એટલે કે 'વિદ્યા' શેની બનેલી છે? એવું તે તેમાં શું છે જેના કારણે તેમાંથી આટલી બધી શાખાઓ વિસ્તરી છે અને હજી

વિસ્તરતી જ જાય છે? આ બધી જ વિદ્યાશાખાઓનું 'થડ તત્ત્વ' કદાચ 'જિજ્ઞાસા' કે 'કૌતુક' હોવું જોઈએ. દસ વર્ષના પાયથાગોરસિયાને માટીમાં ખોસેલ ખીંટીઓ પર ભીંસીને બાંધેલ દોરીઓ પર આંગળીઓ ફેરવતાં જો કૌતુક ન થયું હોત તો આજે આપણો સિતાર કે ગીટાર ટેઉં- ટેઉં ન કરતો હોત ! હવે કહો તો જરા, પાયથાગોરસની વિદ્યાશાખા કઈ? આજે તેને કઈ કૉલેજમાં નોકરીએ રાખીશું? કે પછી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી જ કરાવવી છે?

આ બધી જ વિદ્યાશાખાઓ 'જીજ્ઞાસા'ના થડમાંથી ફૂટી હોય તો એના મૂળ જાણવા જ રહ્યા. પ્રશ્ન એ પુછાવો જોઈએ કે એવું તો શું છે જેના કારણે આપણને જિજ્ઞાસા થાય છે? અથવા કૌતુક થયા વગર રહેતું જ નથી? 'જોડાણ'. મારું ને તમારું જોડાણ. આપણું પ્રકૃતિ સાથેનું જોડાણ. પ્રકૃતિનું સૃષ્ટિ સાથેનું જોડાણ, સૃષ્ટિનું બ્રહ્માંડ સાથેનું જોડાણ અને એટલે આપણું બ્રહ્માંડ સાથેનું જોડાણ. જીવ (આત્મા) શિવ (પરમાત્મા) સાથે જોડાણ અનુભવે તો જિજ્ઞાસા થાય, નવું નવું જાણવાની અને તો જ ડાળીઓ પકડાય. 'મંદિર તારું વિશ્વ રૂપાળું' પ્રાર્થના ફરી એક વાર જોઈશું તો ખ્યાલ આવશે કે બાળકને આપણે કેવી રીતે કેટલાં તત્ત્વો સાથે જોડવા મથીએ છીએ ! એટલે વિદ્યાશાખાઓનાં મૂળ કદાચ 'જોડાણ' તત્ત્વનાં બનેલાં છે.

હવે મૂળ સુધી પહોંચ્યા જ છીએ તો બીજનું 'બીજત્વ' પણ જાણીએ. બીજમાં 'સભાનતા' છે. સભાનતા એટલે શેની સભાનતા? આપણા 'અસ્તિત્વની' સભાનતા. આપણે ત્યાં અસ્તિત્વને બે સ્તરે સમજવામાં આવે છેઃ જડ અને ચેતન. આ બંને પદાર્થની અવસ્થાઓ છે. જે પદાર્થ ચેતન બનવા તરફ ગતિ નથી કરતો તે જડ રહે છે. અને જે ચેતન બનવા તરફ ગતિ કરે છે, મુખ્યત્વે મનુષ્ય, તે સભાનપણે કશુંક 'બને' છે. આ 'કશુંક બનવાની' સભાનતા એટલે આપણી વિદ્યાશાખાઓનું બીજ એમ સમજાય છે. માણસની (સારા) બનવાની સભાનતા આપણને પ્રકૃતિ સાથે જોડે છે. આ જોડાણથી જાણવાની જિજ્ઞાસા પ્રગટે અને એ જિજ્ઞાસામાંથી વિદ્યાશાખાઓ વિસ્તરે. હવે કહો જોઈએ 'શું આપણું અસ્તિત્વ multidisciplinary નથી?

આ વિદ્યાશાખાના વૃક્ષનું પ્રાણ તત્ત્વ હજી બાકી છે. વિચારો જોઈએ, બીજ હોઈ પણ તેને રોપવું ક્યાં? અને શું બધાં રોપેલાં બીજ ઊગે ખરાં? બીજની ઊગવાની શક્યતા શેના પર આધારિત છે? 'માટી'. સરસ કસવાળી કાળી માટી હોય તો બીજ અંકુરિત થાય અને તેની યોગ્ય માવજત થાય. જો બીજ અંકુરિત જ ન થાય તો શેની માવજત કરવી? વિદ્યાશાખાના સંદર્ભે આ માટી એટલે 'ભાવાવરણ'. ભાવાવરણ હોઈ તો જ બીજ અંકુરિત થશે, નહીંતર 'બીજમાં વૃક્ષ તું', બીજમાં જ રહી જશે. MITનું ભાવાવરણ કેવું હશે? એક જ સંસ્થાએ અત્યાર સુધીમાં ૯૭ નોબલ લોરીએટ અંકુરિત કર્યાં અને મોટાં વટ વૃક્ષ થયાં. તેની સાથે સાથે આપણી લોકભારતી પણ ભાવાવરણમાં ઉત્તમ છે, જ્યાં ઝવેરદાદાએ ઘઉંના દાણા વાવી લોક-૧, લોક-બોલ્ડથી લઈ અને લોક-૭૯ સુધી લણ્યા. આમ, આ સમગ્ર પ્રક્રિયાની શરૂઆત ભાવાવરણની માટીમાંથી થાય છે. આપણા દાદાઓની દેન છે આપણું ભાવાવરણ.

ઉચ્ચ શિક્ષણમાં ડગલી માંડતાં પૂર્વે આટલી સમજણ અનિવાર્ય લાગે છે. અધ્યાપકની આવી સમજણ જ તેની સજ્જતા છે. આટલો સજ્જ અધ્યાપક વર્ગમાં પ્રવેશે એટલે આ સમજણ 'હવાડા'માં આવ્યા વગર કેમ રહી શકે? NEP ૨૦૨૦માં આ પ્રકારની મલ્ટિડીસિપ્લીનરી સાથે ઉચ્ચ શિક્ષણની ભલામણ કરવામાં આવી છે. આવું શા માટે કરવું છે તેનાં ચાર કારણો પણ આપ્યાં છેઃ

૧) ભારતનું વિશ્વગુરુ બનવાનું સપનું સાકાર કરવા
૨) યુવાનોને અખંડ અને સર્વાંગી કેળવણી આપવા
૩) બળવત્તર અને સમજુ રાષ્ટ્રનું નિર્માણ કરવા
૪) સ્વતંત્રતા, સમાનતા, અને બંધુતા દ્વારા લોકશાહી, ન્યાયી, સામાજિક રીતે સહિષ્ણુ, સંસ્કારી અને સમજુ રાષ્ટ્રનું નિર્માણ કરવા

આ સઘળું કેવી રીતે થશે તેનું સુચારુ આયોજન પણ જુદીજુદી ૧૧ જોગવાઈઓ દ્વારા કરવામાં આવ્યું છે, જેમાંની મુખ્ય ૮ નીચે પ્રમાણે છેઃ

૧) ગુણવત્તા સભર કૉલેજ અને યુનિવર્સિટીઓનું નિર્માણ કરીને
૨) સંસ્થાકીય પુનઃરચના અને એકત્રીકરણ કરીને
૩) સર્વગ્રાહી અને મલ્ટિડીસિપ્લીનરી શિક્ષણ આપીને
૪) ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓનું અસરકારક નેતૃત્વ કરીને
૫) સક્ષમ અને સજ્જ શિક્ષકોની ભરતી કરીને
૬) શિક્ષક પ્રશિક્ષણ દ્વારા
૭) શૈક્ષણિક સંશોધનને પ્રોત્સાહિત કરીને
૮) ઉચ્ચ શિક્ષણના નિયમન પ્રણાલીની પુનઃરચના કરીને

આ તમામ જોગવાઈઓને પોલીસી ડોક્યૂમેન્ટમાં વિગતે સમજવામાં આવી છે. ઉચ્ચ શિક્ષણની નખ-શીખ બાબતોને પરિપક્વ આયોજન સાથે આ પોલીસી મૂકી આપે છે. આનંદ એ વાતનો કેમ ન હોય કે જે લોકભારતી છેલ્લા સાત દાયકાઓથી કરી રહી છે તે આજે સમગ્ર રાષ્ટ્રને અપનાવવા જેવું લાગ્યું ! મનુદાદાએ 'સર્વોદય અને શિક્ષણ' ભાગ-૨માં નોંધ્યું છેઃ

"સમાજમાં સુધારાઓ થયાના ત્રણ રસ્તા દેખાયા છે. રાજ્યસત્તા દ્વારા, ધર્મ સંસ્થા દ્વારા અને શિક્ષણ સંસ્થા દ્વારા. ઊંડેથી જોઈએ તો રાજ્યસત્તાએ સત્તા હાથ ધર્યા પછી ફરજિયાત શૈક્ષણિક આયોજનનો રસ્તો લોધો છે અને ધર્મસંસ્થાએ પણ આશ્રમો, ગુરુકુળો, યજ્ઞયાગો કે વ્રત, ઉત્સવો દ્વારા શિક્ષણનો જ આશરો લીધો છે." (પાનું-૧૫).

રાષ્ટ્રીય કક્ષાએ જો યુવાનોની અખંડ કેળવણી માટેનું ચિંતન નઈ-તાલીમ મારફતે થતું હોય તો ભલે નિમિત NEP ૨૦૨૦ બને.

મો. ૯૮૨૪૩૮૯૭૩૯

**સદ્ગુરુ એ ડિગ્રી નથી, વૃત્તિ છે.**

સદ્ગુરુની પાદુકાની પોતાની એક મહેક હોય છે. સદ્ગુરુ આપણી ચેતનાને સુરક્ષિત રાખવા માટે ક્યારેક સપનાં પણ તોડી નાખે છે. ગુરુ જ એક એવું સ્થાન છે, જે આપણી બધી નબળાઈઓને ભૂલીને આપણો સ્વીકાર કરે છે, આપણને ગોદમાં લે છે અને પ્યારથી ભરી દે છે. સદ્ગુરુની પાદુકાની પોતાની એક મહેક હોય છે. સદ્ગુરુ મનના જ્ઞાતા પણ છે અને નવા મનના નિર્માતા પણ છે.

સદ્ગુરુને-બુદ્ધપુરુષને પોતાનું એક આભામંડળ હોય છે. સદ્ગુરુ એ ડિગ્રી નથી, વૃત્તિ છે. સદ્ગુરુઓ અનેક પ્રકારનાં મોહનાં-મમતાનાં અંધારાં હટાવે છે. ધર્મગુરુ પૂજ્ય હોય છે, સદ્ગુરુ પ્રિય હોય છે. ગુરુ મળ્યા પછી પરમાત્મા પણ લક્ષ્ય ન હોવું જોઈએ. ગુરુવંદના એટલે વિવેકની વંદના, વિશ્વાસની વંદના, ગુણાતીત શ્રદ્ધાની વંદના. સદ્ગુરુ પોતે દુઃખી થાય પણ એ કોઈને દુઃખી ન કરે. બગીચામાં જ રહે પણ એકેય પાંદડું તોડે નહીં. ફૂલને મૂરઝાવા ન દે આપણી વચ્ચે જ રહે પણ આપણું શોષણ ન કરે. ગુરુ પાસેથી આપણે એક રત્ન પણ મળે તો આપણે 'ભારતરત્ન' નહીં 'બ્રહ્માંડરત્ન' બની જઈએ પણ જીવનમાં ગુરુ વિચારીને બનાવજો. ગુરુ બનાવવામાં ઉતાવળ ન કરવી. ગુરુના જ્ઞાન અને એમની ઉપલબ્ધિનો અંદાજ એમના શિષ્યની સ્થિતિ પરથી આવી શકે છે.

- મોરારિબાપુ

## ૦૯ 'દર્શક' ફાઉન્ડેશન-૨૦૨૪- એવોર્ડ અર્પણ સમારોહ...

**સંજય ચૌધરી**

---

સાહિત્ય, શિક્ષણ અને ગ્રામપુનરુત્થાન ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર પ્રતિભાઓ કે સંસ્થાઓને પુરસ્કારવાના હેતુથી રચાયેલ શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશનનો વર્ષ ૨૦૨૪નો સાહિત્ય એવોર્ડ શ્રી ગુલામ મોહમ્મદ શેખને સર્જનાત્મક લેખન માટે ૧૫ મેના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે અર્પણ કરવામાં આવ્યો હતો.

શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશન દ્વારા વર્ષ ૨૦૨૪નો સાહિત્ય એવોર્ડ કવિ, ચિત્રકાર અને નિબંધકાર શ્રી ગુલામ મોહમ્મદ શેખને એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા શ્રી રઘુવીર ચૌધરી, શ્રી કિરીટ દૂધાત, શ્રી મહેન્દ્રસિંહ પરમાર, શ્રી મનસુખ સલ્લા, શ્રી પ્રકાશ ન. શાહ સહિત શ્રી ગુલામ મોહમ્મદ શેખના ભાવકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી અજય રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રી સંજય ચૌધરીએ 'દર્શક' ફાઉન્ડેશનની ભૂમિકા તથા પ્રવૃત્તિઓ અંગે વાત રજૂ કરી હતી.

કાર્યક્રમનો આરંભ શ્રી નરેન્દ્ર શાસ્ત્રી દ્વારા પ્રહલાદ પારેખના ગીતથી કરવામાં આવ્યો હતો. બાદમાં મંચ પર ઉપસ્થિત શ્રોતાઓમાંથી વાર્તાકાર શ્રી કિરીટ દૂધાતે શ્રી ગુલામ મોહમ્મદ શેખની જીવની, શ્રી રઘુવીર ચૌધરી, શ્રી પ્રકાશ ન. શાહ અને શ્રી મનસુખ સલ્લાએ શ્રી ગુલામ મોહમ્મદ શેખની સર્જનાત્મકતા અંગે વાત કરી હતી. શ્રી ગુલામ મોહમ્મદ શેખે એવોર્ડ બાદ પોતાના ભાષણમાં સાહિત્ય અને કલા સંલગ્ન વાત કરી હતી.

એ જ રીતે 'દર્શક' ફાઉન્ડેશનનો વર્ષ ૨૦૨૪નો શિક્ષણ એવોર્ડ 'પંડિત સુખલાલજી લોકવિદ્યાલય, માઈધાર' ને માઈધાર ખાતે તા.૨૩/૬/૨૫ના રોજ વ્યાસપીઠ- પૂ.મોરારિબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં અર્પણ કરવામાં આવ્યો હતો. શિક્ષણ અને ગ્રામપુનરુત્થાન ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર શિક્ષણસંસ્થા, શિક્ષણક્ષેત્રે નૂતન કેડી કંડારનાર પંડિત સુખલાલજી લોકવિદ્યાલય, માઈધારની વિશિષ્ટ કેળવણીની કાર્યશૈલીથી આ સંસ્થા પસંદ કરવામાં આવી હતી.

કાર્યક્રમના અધ્યક્ષસ્થાને જ્ઞાનપીઠ- શ્રી રઘુવીર ચૌધરી રહ્યા હતા. આ પ્રસંગે વિચારક શ્રી પ્રકાશ ન. શાહ, શ્રી મનસુખભાઈ સલ્લા, શ્રી સંજયભાઈ ચૌધરી, પીડીલાઈટના પ્રતિનિધિ શ્રી પંકજભાઈ શુકલ, શ્રી અજયભાઈ રાવલ, સંસ્થાના શ્રી અરુણભાઈ દવે અને લોકભારતી, આંબલા, મણાર સંસ્થાના કાર્યકરો તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ રહેલી.

સંસ્થાનો પરિચય શ્રી મનસુખ સલ્લાએ આપ્યો હતો. શ્રી રઘુવીર ચૌધરી ,શ્રી પ્રકાશ ન. શાહ, શ્રી પંકજભાઈ શુકલએ પ્રસંગોચિત્ત વાતો કરી હતી. સંસ્થાના સંચાલક શ્રી અરુણભાઈ દવેએ 'દર્શક'નું આ સમણું પૂરું કરવા માટે ખૂબ સંવેદનશીલ બની વાત મૂકતા સૌની આંખોમાં સેંજળ ઉમટ્યા હતા. પૂ.મોરારિબાપુએ આશીર્વચન આપતા કહ્યું કેઃ 'માઈધાર જેવી જીવંત શૈક્ષણિક સંસ્થાઓને જીવતી રાખવા, ટકાવી રાખવા સૌ સહયોગી બને.' પૂ.બાપુએ દક્ષિણામૂર્તિ દેવનું સ્મરણ કરી નાનાભાઈ ભટ્ટને યાદ કર્યા હતા. 'દર્શક' સાથેના સ્મરણોને વાગોળતા કહેલું કે, **' વિદ્યા, વિનય,ગુણ,નિર્પુણ, અને શીલ એ શિક્ષણના પાંચ તત્ત્વો છે. લોકભારતી અને એમને સંલગ્ન સંસ્થાઓ સાથેનો મારો**

**નાતો ખૂબ આત્મવાન છે. વર્તમાનમાં લોકભારતી અને એની છાયામાં કાર્યરત સંસ્થાઓને ગત ૨૦ વર્ષમાં શ્રી અરુણભાઈ દવેએ ખૂબ મહેનત કરી વિકસિત કરી આપી છે. અરુણભાઈએ પોતાનું જીવન આ સંસ્થાઓને સમર્પિત કર્યું છે. મારા માટે અરુણભાઈ એક સાધુચરિત માણસ છે.'** પૂ. બાપુની પ્રસન્નતા અરુણભાઈ ઉપર વરસી હતી. પૂ. બાપુએ સંસ્થાના કાર્યોની સરાહના કરી, ખૂબ રાજીપો પ્રગટ કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન શ્રી મહેન્દ્રસિંહ પરમારે કરેલું અને આભારવિધિ અજય રાવલ દ્વારા કરવામાં આવી હતી. સંસ્થા પરિસરમાં સૌ કાર્યકરોના હેતથી ભીંજાતા, ભોજન લઈ, સુખદ્ સ્મરણ સાથે સૌ કોઈ આનંદિત થઈ પરત થયેલ.

**ગુરુ તો પ્રથમથી પૂર્ણ હોય છે.**

ગુરુ તો પ્રથમથી પૂર્ણ હોય છે. એવા ગુરુ જેને મળી જાય એના ઘરમાં રોજ પૂર્ણિમા છે. ગુરુના ગુણધર્મ જ જોવા જોઈએ, ગણવેશ નહીં. ગુરુ તો આપણો ગોવાળ છે. ગુરુ પોતાની પાસે નવ વસ્તુ રાખે છે અને નવ પૂર્ણાંક છે. એનો મતલબ કે એમની પાસે બધું છે. ગુરુદ્વારે જઈએ ત્યારે કંઈક જુદા જ હોઈએ છીએ અને પાછા ફરીએ છીએ ત્યારે વળી કંઈક જુદા જ હોઈએ છીએ. ફકીર તો કબીરની જેમ ચોકમાં બેઠો છે, જે ઇચ્છે એ એનો દીવો જલાવી લે. ગુરુ ખુલ્લો ખજાનો છે. ગુરુ આપતા નથી, ઉદ્‌ઘાટિત કરે છે. એ કહે છે, જોઈ લે, મારામાં જે લખ્યું એ ઓલરેડી તારી તિજોરીમાં છે. હું મારાં પાનાં ખોલીને તારું આવરણ હટાવું છું. તને મારી સંપદા દેખાશે.

કાં તો ગુરુને છોડી દો, કાં તો ગુરુ ઉપર બધું છોડી દો. ગુરુને માનવા જોઈએ, નહીં કે જાણવા જોઈએ. ગુરુ તો પ્રથમથી પૂર્ણ હોય છે. એવા ગુરુ જેને મળી જાય એના ઘરમાં રોજ પૂર્ણિમા છે. પહેલા ગુરુમાં હરિને જુઓ. અને જયારે ગુરુ હટી જાય ત્યારે હરિમાં ગુરુ જુઓ. ગુરુ વિના જ્ઞાન ન મળે તેમજ જ્ઞાન વિના ગુરુ પણ ન સમજાય. ગુરુ વ્યકિત નથી, અસ્તિત્વ છે, વ્યકિતત્વ છે. ગુરુ જ એક એવું સ્થાન છે, જે આપણી બધી નબળાઈઓને ભૂલીને આપણો સ્વીકાર કરે છે, આપણને ગોદમાં લે છે અને પ્યારથી ભરી દે છે.

- મોરારિબાપુ

**ગુરુ મતિ આપે છે**

'ગુરુ'એ આધ્યાત્મિક જગતનો શબ્દ છે. ગુરુની પાદુકાની પોતાની એક મહેક હોય છે. જેના દ્વારા આપણને પ્રકાશ લાધે એ ગુરુ. એ આપણી સાથે નહીં ચાલે, પછી આપણે આપણી રીતે જ ચાલવાનું છે. જે મીણબત્તીમાંથી દીવો પ્રગટાવ્યો, એ મીણબત્તી તો ત્યાં જ રહેશે. ગુરુ કોઈ દિવસ વરદાન દેતો નથી, એ તો વરસાદ કરે છે. તમારાં માટલાં ખુલ્લાં હોય એટલી જ જરૂર છે. ગુરુશિષ્યને મંત્ર આપે છે અને શિષ્યએ ગુરુદક્ષિણામાં કેવળ મન અને મતિ આપવાના હોય છે. મન અને મતિ જ ગુરુને આપવાનાં છે. એમાં કયાંય ધન આવતું જ નથી. ઈશ્વર અને ગુરુને બહુ જાણવાની કોશિશ ન કરો, તેમને માની લો. અજ્ઞાનથી આશ્ચર્ય સુધીની યાત્રા કરાવે તે ગુરુ. વેદનાથી વેદ સુધી પહોંચાડે તે ગુરુ.

ગુરુ અને શિષ્ય જેવો પવિત્ર સંબંધ વિશ્વમાં બીજો કોઈ નથી. ગુરુની મુલાકાત ચૈતસિક હોય છે. એવી વ્યકિતનું ગુરુ તરીકે વરણ કરવું જે સ્વધર્મનિષ્ઠ હોય. ગુરુમાં ગણેશ પણ હોય, કારણ કે ગુરુમાં વિવેક તો હોય જ ને ? ગુરુમાં આપણને શ્રદ્ધાનાં દર્શન થાય. ગુરુમાં વ્યાપકતા હોય છે. ગુરુ સૂર્ય છે, એનાં વચનો સૂર્ય છે. ગુરુ શિવરૂપ છે, ત્રિભુવનગુરુ છે.

- મોરારિબાપુ

## ૧૦ સંસ્થા સમાચાર (જૂન, ૨૦૨૫)

**સંકલન : પ્રશાંત મહેતા**

**લોકભારતી સમાચાર**

- કેન્દ્રીય કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર તથા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હીના સહિયારા આયોજનથી તા.૨૯/૦૫/૨૦૨૫થી તા.૧૨/૦૬/૨૦૨૫ સુધી ભાવનગર જિલ્લામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સંકલનથી "વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન" યોજવામાં આવ્યું. આ અભિયાન અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તથા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદના વૈજ્ઞાનિકો, રાજ્ય સરકારના ખેતી, બાગાયત અને આત્મા પ્રોજેક્ટના અધિકારીઓ, વિસ્તરણ કાર્યકરોની સંયુક્ત ટુકડીઓ દ્વારા ભાવનગર જિલ્લાના ૧૦ તાલુકાઓના ૯૨ ગામોમાં કુલ ૨૦૨૦૬ ખેડૂત ભાઈ-બહેનો સાથે તેઓના ગામમાં સીધો સંવાદ યોજીને, કૃષિ પ્રદર્શન તેમજ કૃષિમાં ડ્રોનના ઉપયોગ જેવી તકનિકોના નિદર્શન દ્વારા તેઓને આગામી ખરીફ(ચોમાસું) ઋતુ માટે ઉપયોગી કૃષિ તજજ્ઞતાઓ, તકનિકો અને નવીનતાઓની ભલામણ કરવામાં આવી.
- તા.૦૪ના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના વ્યવસ્થાપક મંડળની એક બેઠક યોજાઈ ગઈ.
- ગાંધીનગરની શિક્ષણ વિભાગની ઑફિસોમાં કેટલાંક કાર્યોના અનુકાર્ય માટે શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી જગદીશગિરિ ગોસાઈ તા.૧૦ના રોજ જઈ આવ્યા.
- લોકભારતીના પ્રેરણાસ્રોત એવા પૂ. મોરારિબાપુનાં ધર્મપત્ની સ્વ. શ્રી નર્મદાબાના નિધન અન્વયે શ્રી અરુણભાઈ દવે, શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી વિશાલભાઈ ભાદાણી તલગાજરડા મુકામે તા.૧૧ના રોજ જઈ આવ્યા.
- લોકસેવા મહાવિદ્યાલયના આચાર્ય શ્રી હસમુખભાઈ સુથાર અને અધ્યાપકશ્રી મનોજભાઈ અગ્રાવત વયનિવૃત્ત થતાં તેમને શુભેચ્છાઓ આપવાનો એક કાર્યક્રમ તા.૧૨ના રોજ લોકભારતી કાર્યકર કલ્યાણ નિધિના આયોજનમાં યોજાઈ ગયો, જેમાં નિવૃત્ત થતા કાર્યકરોએ પોતાનો પ્રતિભાવ વ્યક્ત કર્યો ને સમગ્ર લોકભારતી પરિવારવતી શાલ અર્પણ કરી શુભેચ્છાઓ આપવામાં આવી ને શ્રી અરુણભાઈ દવેએ શુભેચ્છાઓ પાઠવી.
- તા. ૧૨ના રોજ અધ્યાપનમંદિરના દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓનો સત્રારંભ થયો.
- લોકભારતીના શુભેચ્છક શ્રી નીતિનભાઈ પંચોળીનાં ધર્મપત્નીના અવસાન નિમિત્તે તા.૧૩મીના રોજ ભાવનગર મુકામે યોજાયેલી તેમની અંતિમયાત્રામાં શ્રી રામચંદ્રભાઈ પંચોળી અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ જઈ આવ્યા.
- લોકસેવા મહાવિદ્યાલયના આચાર્ય શ્રી હસમુખભાઈ સુથાર તા.૧૪મીના રોજ વયનિવૃત્ત થતાં લોકસેવા મહાવિદ્યાલયના આચાર્ય તરીકેનો ચાર્જ અધ્યાપક ડૉ.ધીરજલાલ ટી. રાઠોડને સોંપવામાં આવ્યો.

- લોકભારતીનો આધારસ્થંભ એવો આ વર્ષાઋતુનો પહેલો જ વરસાદ તા.૧૬મીના રોજ પડી ગયો. બે-ત્રણ કલાકના વરસાદે આપણાં સાતેય તળાવડાં છલકાવી દીધાં ને સમગ્ર લોકભારતી પરિવારમાં ખુશીની લહેર ફેલાવી દીધી. આ હરખને વ્યક્ત કરવા તા.૨૦મીના રોજ સમગ્ર લોકભારતી પરિવારે ચેકડેમ સાઇટ પર એકઠા થઈ, જળનાં વધામણાં કર્યાં.
- મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના નવનિયુક્ત કુલપતિશ્રી પ્રો.(ડૉ.) ભરતભાઈ રામાનુજની શુભેચ્છા મુલાકાતે તા.૧૮ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ, ભાવ. યુનિ.ની ગ્રામવિદ્યા શાખાના ડીન શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા અને લોકસેવા મહાવિદ્યાલયના કાર્યવાહક આચાર્યશ્રી ધીરુભાઈ રાઠોડ જઈ આવ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તલાટી કમ મંત્રી પાયાનો તાલીમ વર્ગ ૮૨ ચાલે છે તેમાં જૂન મહિનામાં સણોસરા પી.એચ.સી.માંથી ડૉ.એમ.પી.ગૌસ્વામી તથા ડૉ. મહેશભાઈ પડાયાએ આરોગ્યલક્ષી યોજનાઓ અને સ્વચ્છતા ઉપર તેમજ શ્રી દિનુભાઈ ચુડાસમાએ 'પોતાની જાત સાથે જોડાણ' ઉપર વ્યાખ્યાન આપી ગયા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા ૧૯થી ત્રણ દિવસ સૌ તાલીમાર્થીઓને સવારમાં ૬ કલાકે સારસ્વત ભવનમાં શ્રી અવનીબહેન દવે દ્વારા યોગ, પ્રાણાયામની સમજ આપી, યોગ કરાવવામાં આવેલ.
- તા. ૨૨ના રોજ અધ્યાપનમંદિરમાંથી શ્રી અજયભાઈ પંડ્યા, શ્રી અમિતભાઈ સાસાણી, શ્રી સંદીપભાઈ ઉંડવિયા અને શ્રી કવિતાબહેન વ્યાસ ગ્રામપંચાયતની ચૂંટણી કામગીરીમાં જોડાયા.
- 'દર્શક' ફાઉન્ડેશન-અમદાવાદ દ્વારા અપાતો શિક્ષણ ઍવૉર્ડ આ વર્ષે આપણી માઈધાર સંસ્થા 'પંડિત સુખલાલજી લોકવિદ્યાલય'ને આપવાનો નિર્ણય થયેલો. આ નિમિત્તે તા.૨૩મીના રોજ સાંજે માઈધાર મુકામે વરસાદી માહોલમાં એક સરસ કાર્યક્રમ યોજાયો. પૂ. મોરારિબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં અને દર્શક ફાઉન્ડેશનના ટ્રસ્ટીશ્રીઓ શ્રી રઘુવીરભાઈ ચૌધરી, શ્રી પ્રકાશભાઈ ન. શાહ, શ્રી મનસુખભાઈ સલ્લા, શ્રી સંજયભાઈ ચૌધરી, શ્રી મહેન્દ્રસિંહજી પરમાર અને શ્રી અજયભાઈ રાવળ તથા ઇફકોના ચેરમેન અને લોકભારતીના શુભેચ્છક એવા શ્રી દિલીપભાઈ સંઘાણી અને પીડીલાઇટના પ્રતિનિધિ શ્રી પી.કે.શુક્લાજીની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ સુપેરે સંપન્ન થયો. કાર્યક્રમમાં લોકભારતીના પૂર્વકાર્યકરો, પૂર્વવિદ્યાર્થીઓ, વર્તમાન કાર્યકરો, અનેક શુભેચ્છકો અને આજુબાજુના ગ્રામજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. માઈધાર પરિવારે સભા-ભોજન-સંગીત-મહેમાનગતી વગેરે સમગ્ર વ્યવસ્થા સુચારુરૂપે કરી તેની સૌએ નોંધ લીધી.
- મહારાજ કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના મા. કુલપતિશ્રીએ શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાની જૂન-૨૦૨૩ સુધી ગ્રામવિદ્યા-સમાજકાર્ય શાખાના ડીન તરીકે નિયુક્તિ કરી.
- તા. ૨૩ના રોજ સત્રારંભે લોકસેવા મહાવિદ્યાલયના સેમેસ્ટર-૫ અને સેમેસ્ટર-૩ના છાત્રોનું આગમન લોકભારતીમાં થયું હતું. અને તા. ૨૬થી શૈક્ષણિક કાર્યનો શુભારંભ થઈ ગયો.
- લોકભારતી અધ્યાપનમંદિરમાં ડી.એલ.એડ. (પીટીસી)ના અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ પ્રક્રિયા ૨૦૨૫-૨૬ વિકેન્દ્રીકૃત રીતે કરવામાં આવતા આ વર્ષે પ્રવેશ મેળવવા માટે ખૂબ ધસારો રહ્યો. લોકભારતી અધ્યાપનમંદિરમાં કુલ ૧૨૫ની સીટ સામે દસ દિવસમાં ૧૧૪૨ રેકર્ડબ્રેક અરજીઓ આવી. જેમાં મેરીટને આધારે

૬૩ ભાઈઓ અને ૬૨ બહેનોને પ્રવેશ આપવામાં આવ્યો છે.

- તા.૨૪ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરના પ્રથમ વર્ષમાં મેરીટને આધારે પ્રવેશ પામેલ ૬૩ ભાઈઓ અને ૬૨ બહેનોના ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે પ્રા. શિક્ષણનિયામકશ્રી ગાંધીનગર ખાતે શ્રી જગદીશગિરિ ગોસાઈ, શ્રી અજયભાઈ પંડ્યા, શ્રી અમિતભાઈ અને શ્રી સંદિપભાઈ ગાંધીનગર જઈ આવ્યા.
- માઈધારના કાર્યક્રમમાં આવેલા શ્રી પ્રકાશભાઈ શાહ પરિવાર સાથે એક દિવસની લોકભારતી મુલાકાતે આવ્યા. તેઓએ તા.૨૪ના રોજ લોકભારતીના વિભાગોની વિગતે મુલાકાત લીધી. તેઓની સાથે લોકભારતીના સમગ્ર કાર્યકરોનો એક સંવાદ કાર્યક્રમ પણ ગોઠવાયો, તેમાં તેઓએ પોતાના સંસ્મરણો સાથે લોકદક્ષિણા સંસ્થાઓનો ઇતિહાસ પણ બહુ જ ભાવપૂર્વક વ્યક્ત કર્યો.
- તા.૨૭ના રોજ શુક્રવારની સાયં પ્રાર્થના નિમિત્તે વિશેષ રજૂઆત તરીકે શ્રી અરુણભાઈ દવેએ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક જીજી અંગે બહુ સરળ ભાષામાં વૈજ્ઞાનિક વિગતો રસપ્રદ રીતે રજૂ કરી.

**આંબલા સમાચાર**

- તા.૧૧ના રોજ મણાર મુકામે શ્રી અરુણભાઈના પ્રમુખસ્થાને વ્યવસ્થાપક મંડળની બેઠક યોજાઈ ગઈ. આ બેઠકમાં નવનિયુક્ત નિયામક શ્રી મેહુલભાઈને સાલ અર્પણ કરી આવકાર આપી સૌ સભ્યોએ શુભેચ્છા પાઠવેલ.
- તા.૧૧ના રોજ પૂ.મોરારિબાપુના પત્ની પૂ.નર્મદાબાનું દુઃખદ અવસાન થતાં શ્રી લોકદક્ષિણામૂર્તિ પરીવાર તરફથી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.
- તા.૧૨ના રોજ સંસ્થામાં નવનિયુક્ત નિયામક શ્રી મેહુલભાઈને આવકાર આપવાનો કાર્યક્રમ યોજાઈ ગયો.
- તા.૧૩ના રોજ સંસ્થાના શુભચિંતક શ્રી નીતિનભાઈ પંચોળીના પત્ની શ્રી ઇન્દુમતિબહેનનું દુઃખદ અવસાન થતાં શ્રી લોકદક્ષિણામૂર્તિ પરિવાર તરફથી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.
- તા.૧૯ના રોજ આંબા ઈજારદાર તથા સંસ્થાના સહયોગથી વિદ્યાર્થીઓને રસ-પુરીનું મહાભોજન કરાવવામાં આવ્યું હતું.
- તા.૨૧ના રોજ વિશ્વ યોગદિન નિમિતે સંસ્થાના કાર્યકરો દ્વારા યોગનું જીવનમાં મહત્ત્વ વિદ્યાર્થીઓને સમજાવી, યોગાસનો કરાવવામાં આવેલ.
- તા.૨૩ના રોજ માઈધાર મુકામે દર્શક એવોર્ડમાં શ્રી મેહુલભાઈ ભટ્ટ, શ્રી વાઘજીભાઈ તથા કાર્યકરો જઈ આવ્યા.
- તા.૨૪ના રોજ ભાવનગર મુકામે યોજાયેલ એન.એસ.એસ.ની તાલીમમાં શ્રી મહર્ષિભાઈ જઈ આવ્યા.
- તા.૨૫થી વિદ્યાર્થીઓ માટે અભિમુખતા શિબિરનું આયોજન કરેલ. તેમાં એક દિવસ સ્થાનિક અને એક દિવસ બહારના વકતાઓને બોલાવીને સંસ્થાના મૂલ્યો, પ્રવૃત્તિઓ અને સ્થાપના વિષે માહિતગાર કરવામાં આવ્યા.
- તા.૨૫ના રોજ પૂ.મૂળશંકરભાઈ ભટ્ટની જન્મતિથિ નિમિત્તે એમના પુત્ર શ્રી વિક્રમભાઈ ભટ્ટે પ્રાસંગિક વકતવ્ય આપ્યું.
- તા.૨૬ના રોજ શ્રી વાઘજીભાઈએ વિદ્યાર્થીઓને સંસ્થા પરિચય કરાવતું વક્તવ્ય આપેલ.
- તા.૨૭ના રોજ શાળા પ્રવેશોત્સવનું સચિવ શ્રી ભોવિતાબહેન રાઠોડના મુખ્ય મહેમાન પદે આયોજન થયું હતું. પ્રવેશોત્સવમાં સંસ્થાના વિદ્યાર્થીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહેલ.
- તા.૨૮ના રોજ શ્રી મનહરભાઈ ઠાકર વ્યક્તિ નિર્માણ અને ચારિત્ર ઘડતર વિષય પર વકતવ્ય

આપી ગયા.

- તા.૨૯ના રોજ શ્રી વિશાલભાઈ ભાદાણી 'સહકાર અને સહયોગ' વિષય પર વક્તવ્ય આપી ગયા.

**મણાર સમાચાર**

- તા. ૪ના રોજ સમાજકલ્યાણ અધિકારી શ્રી અતુલભાઈ મહેતા તથા આ સંસ્થાના ગૃહપતિ શ્રી નીતિનભાઈ રામાણી બંનેનો વય નિવૃત્તિ વિદાયમાન કાર્યક્રમ તથા જિલ્લા નાયબ નિયામક શ્રી હિતેશભાઈ ડી. ગામીત સાહેબનો વેલકમ કાર્યક્રમ લોકશાળા સંસ્થામાં યોજાઈ ગયો.
- તા.૫ના રોજ નવનિયુક્ત નિયામક શ્રી મેહુલભાઈ ભટ્ટ સાથે સમગ્ર કાર્યકરોની શુભેચ્છા બેઠક યોજાઈ ગઈ.
- પાંચમી જૂને 'વિશ્વ પર્યાવરણ દિન'ની ઉજવણી કરવામાં આવી.
- તા.૫ના રોજ લોકવિદ્યાલય માઈધાર ખાતે મોજીલા શિક્ષણનાં બંને મિત્રો રાજુભાઈ અને વિમલભાઈ મોજીલું શિક્ષણ ફેજ-૨ ની તાલીમ લઈ આવ્યા.
- તા.૭ના રોજ લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ-ઈનોવેશનના કાર્યકરોએ પરિવાર સાથે સંસ્થાની શુભેચ્છા મુલાકાત લીધી હતી.
- તા. ૧૨ના રોજ અમદાવાદના ૨૪૨ પેસેન્જર સાથેનું પ્લેન ક્રેશ થતાં પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સહિત તમામ મૃત લોકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. આ દુર્ઘટનામાં સંસ્થાની નજીકના સોસીયા ગામના આશાસ્પદ યુવાન રાકેશ દિહોરાનું પણ નિધન થયું હતું. આચાર્ય શ્રી ડાહ્યાભાઈ, બંને ગૃહપતિ ભાવેશભાઈ, વિપુલભાઈ વગેરે મૃતકના પરિવારને સાંત્વના આપવા જઈ આવ્યા.
- તા.૧૪ના રોજ રાત્રે મનોરંજન કાર્યક્રમમાં કલાકાર શ્રી લાલુદાન ગઢવી, બેન્જો વાદક પરસોત્તમભાઈ જેઠવા, ગાયક શ્રી સાગરભાઈ ચૌહાણ, તબલાવાદક મહેન્દ્રભાઈ ડાભી તેમજ વિદ્યાર્થીઓની કૃતિઓ સાથે રંગારંગ લોકડાયરો યોજાયો હતો.
- તા. ૨૧ના રોજ શાળામાં NCC, NSS યુનિટ તેમજ અન્ય વિદ્યાર્થીઓ દ્વારા 'ફીટ ઇન્ડિયા'ના શપથ સાથે અગિયારમાં વિશ્વ યોગદિવસની ઉજવણી કરવામાં આવી. આચાર્યશ્રી દ્વારા યોગનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું.
- તા. ૨૫ના રોજ શ્રી મૂળશંકરભાઈ ભટ્ટની જન્મજયંતિની શાળામાં ઉજવણી કરવામાં આવી.
- તા. ૨૭ના રોજ લોકશાહી ઢબે વિદ્યાર્થીમંડળની ચૂંટણી કરવામાં આવી. હેલન કેલરની જન્મજયંતી નિમિત્તે સોલંકી મિતલબહેને મનનીય પ્રવચન આપ્યું. અષાઢી બીજ અને જગન્નાથજીની રથયાત્રાનું મહત્ત્વ શ્રી કંચનબહેને સમજાવ્યું.
- તા. ૨૮ના રોજ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. મહેમાનોના વરદહસ્તે તેમજ એન.સી.સી કેડેટ્સ અને એન.એસ.એસ યુનિટ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

**માઈધાર સમાચાર**

- તા.૫ અને ૬ એમ બે દિવસ મોજીલું શિક્ષણ અભિયાનના કાર્યકરોની તાલીમ યોજાઈ ગઈ. શ્રી અરુણભાઈ દવે અને શ્રી નલિનભાઈ પંડિત દ્વારા કાર્યકરોને કાર્યક્રમ અંતર્ગત વિસ્તૃત સમજ આપવામાં આવી. શ્રી ભાવનાબેન પાઠક દ્વારા ગીતો શીખવવામાં આવેલ.
- તા.૭ના રોજ લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ-ઈનોવેશનનાં કાર્યકર પરિવાર સાથે કેન્દ્રમાં ચાલતી પ્રવૃત્તિઓ જોવા સમજવા આવી ગયા.
- ધો. ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓને સત્રારંભ નિમિત્તે પ્રાર્થનાના અનુસંધાને શ્રી એભલભાઈ, શ્રી નિર્મળભાઈ, શ્રી પાતુભાઈ, શ્રી ભરતભાઈ અને શ્રી ભાવનાબહેને પ્રાસંગિક વાતો કરી.

- તા.૧૧ના રોજ શ્રી અરુણભાઈ માઈધાર કેન્દ્રમાં બે દિવસ આવી ગયા અને 'દર્શક' એવોર્ડ કાર્યક્રમની પૂર્વ તૈયારીઓ અંગે માર્ગદર્શન પૂરું પાડયું.
- તા.૨૧ના રોજ વિશ્વ યોગ દિવસ નિમિત્તે સૂર્યનમસ્કાર, વિવિધ યોગાસનો દ્વારા ઉજવણી કરી. તેમજ મોરી પ્રાર્થનાબહેન દ્વારા યોગનું મહત્ત્વ અને તેમના ફાયદા અંગે વિદ્યાર્થીઓ સાથે સંવાદ યોજાયો.
- તા.૨૨ના રોજ સાંજની પ્રાર્થનામાં શ્રી અરુણભાઈ દવેએ છાત્રાલય જીવન, સુવિધાઓ, અભ્યાસ, ઈતર પ્રવૃત્તિઓ, રમતનું મહત્ત્વ વગેરે બાબતે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો.
- તા.૨૩ના રોજ 'દર્શક' ફાઉન્ડેશન દ્વારા પંડિત સુખલાલજી લોકવિદ્યાલય માઈધાર કેન્દ્રને શિક્ષણ એવોર્ડ અર્પણનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં પૂજ્ય મોરારિબાપુએ આશીર્વાદ આપ્યા અને બાપુએ વિદ્યા, વિનય, ગુણ, નિપૂર્ણ અને શીલ એ શિક્ષણનાં પાંચ તત્ત્વો ગણાવ્યા. આ કાર્યક્રમમાં શ્રી રઘુવીરભાઈ ચૌધરી, શ્રી મનસુખભાઈ સલ્લા, શ્રી દિલીપભાઈ સંઘાણી, શ્રી પ્રકાશભાઈ શાહ, શ્રી પંકજભાઈ શુક્લ વગેરેએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ. શ્રીઅરુણભાઈ દવેએ સ્વને સંસ્થાના કાર્યો સાથે એકરૂપ કરતી સંવેદનશીલ વાતો મૂકી હતી. શ્રી સંજયભાઈ ચૌધરીએ કાર્યક્રમની ભૂમિકા અને શ્રી અજયભાઈ રાવળે આભાર વિધિ કરેલ. શ્રી મહેન્દ્રસિંહ પરમાર દ્વારા કાર્યક્રમ સંચાલન થયેલ. આ કાર્યક્રમમાં સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવારે ઉત્સાહભેર ભાગ લઈ ધન્યતા અનુભવી.
- તા.૨૪ના રોજ શ્રી અવનિબહેન દવે દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ યોગાસનો અને તેનાથી થતાં ફાયદા વિશે જાણકારી અને સમજ આપવામાં આવી હતી.
- તા.૨૪ના રોજ 'અહિંસાની કેળવણી' કાર્યક્રમ અંતર્ગત ગાંધી આશ્રમમાંથી શ્રી અતુલભાઈ પંડ્યા, શ્રી કેતનભાઈ રૂપેરા, શ્રી વીણાબહેનની ટીમે પ્રોજેક્ટ અંતર્ગતની બે શાળાની મુલાકાત લીધી. શાળામાં આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો. શ્રી અરુણભાઈ દવે, શ્રી ભાવનાબહેન, શ્રી પાતુભાઈ અને શ્રી એભલભાઈ સાથે સમગ્ર પ્રોજેકટ સંદર્ભે વિગતે વિચારણાઓ કરી.
- તા.૨૭ના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાધ્યાપક શ્રી સંજયભાઈ તલસાણિયાએ ધોરણ-૧૦ અને ૧૨-ના વિદ્યાર્થીઓ સાથે પ્રેરણાત્મક વાતો કરી.
- તા.૨૬,૨૭,૨૮ દરમિયાન પ્રાથમિક શાળામાં યોજાયેલ પ્રવેશોત્સવ કાર્યક્રમમાં મોજીલું શિક્ષણ અને આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો જોડાયા.
- તા.૨૯ના રોજ શ્રી રામ મોરી સંસ્થા મુલાકાતે આવી ગયા.

**શ્રદ્ધાંજલિ**

- આપણા સૌ માટે આસ્થાનું કેન્દ્ર એવા સંતવર્ય પૂજ્ય મોરારિબાપુનાં ધર્મપત્ની શ્રી નર્મદાબાનું તા.૧૧ જૂનના રોજ તેમના નિવાસ સ્થાન તલગાજરડા ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- તા.૧૩મીના રોજ લોકભારતીના શુભેચ્છક શ્રી નીતિનભાઈ પંચોળીનાં ધર્મપત્ની ઈન્દુમતીબહેનનું ભાવનગર મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' શિક્ષણ એવોર્ડ કાર્યક્રમ



: પ્રતિભાવ :
શ્રી અરુણભાઈ દવે



: અધ્યક્ષીય સંબોધન :
શ્રી રઘુવીરભાઈ ચૌધરી



: આશીર્વચન :
પૂ. મોરારિબાપુ



: આભાર દર્શન :
શ્રી અજયભાઈ રાવળ

## શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટના નવનિયુક્ત નિયામક શ્રી મેહુલભાઈ ભટ્ટનું અભિવાદન



## લોકભારતીની જીવાદોરી.. ક્ષીણતનયા સીંદરીનો શણગાર.. જળ વધામણાં








To.

**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** मेहुलभाई भट्ट - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-